આવતી કાલનાં નાગરિકો માટેનું આજના યુગનું માસિક

કુમાર ૪૬૯

સંસ્થાપક · રવિશંકર રાવળ
વર્ષ ચાળીસમું · અંક પહેલો
જાન્યુઆરી · ૧૯૬૩
તંત્રી · બચુભાઈ રાવત



સો વર્ષ પહેલાં જ્યારે જીવનનાં સર્વ ક્ષેત્રોમાં અંધકાર વ્યાપેલો હતો ત્યારે સ્વામી વિવેકાનંદે આ ખંડ જેવડા વિશાળ દેશને ઘોર નિદ્રામાંથી ઢંઢોળીને જાગ્રત કર્યો. આજથી ચારેક દાયકા પહેલાં એક એવો યુગ હતો, જ્યારે દરેક યુવાનના હાથમાં વિવેકાનંદનું પુસ્તક હતું અને તેના હૃદયમાં એ સંન્યાસીની આગ હતી.

ભારતના આ અનન્ય ઘડવૈયાની આ માસમાં આવતી જન્મ શતાબ્દી દેશ કૃતજ્ઞતાપૂર્વક અનેક રીતે ઊજવી રહ્યો છે

કુમાર

જાન્યુઆરી ૧૯૬૩ • અંક ૪૬૯

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત

મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ

વાર્ષિક લવાજમ રૂા. ૧૦; પરદેશમાં રૂ. ૧૪ અથવા શિ૦ ૨૧; છૂટક નકલ : રૂ. ૧-૨૫

વાચકો લખે છે

સંસ્કૃત ભાષાનો શબ્દચમત્કૃતિવાળો છતાં અર્થગંભીર એક શ્લોક :

समा मासममा सा मे
माता याऽऽमातमा तथा।
स मे समासमो मासः
मातो मो मातमा तया॥

આ દ્વ્યક્ષરી શ્લોકમાં એકી લીટીમાં માત્ર સ અને મ એ બે વર્ણોનો જ ઉપયોગ થયો છે; જ્યારે બેકી લીટીમાં માત્ર ય અને તનો જ ઉપયોગ થયો છે એ એની ચમત્કૃતિ છે. શ્લોકનો અર્થ પણ એટલો જ રસપ્રદ છે.

પત્ની સાથેના એક વર્ષના લાંબા સમાગમ પછી એક માસનો વિયોગ થતાં પતિ સનિઃશ્વાસ કહે છે : 'તેના (પતિગૃહે) આવ્યાથી જે વર્ષ (સમા) પસાર થયું તે વર્ષ એક માસ જેટલું (ટૂંકું) મને લાગ્યું, અને તેના (પિયર) ગયા પછી જે માસ પસાર થયો તે એક વર્ષ જેટલો (લાંબો) મને લાગી રહ્યો છે.'

(ભીલોડા) —લક્ષ્મીશંકર અ. જોષી

મારી એક ઊંડી લાગણી છે: ૧) 'કુમાર' કયા સંજોગોમાં આકાર પામ્યું; ૨) તેને પડેલી મુસીબતો; ૩) સંપાદકોને થયેલા ખાટામીઠા તથા કડવા અનુભવો; ૪) 'કુમાર'ની ભાવિ યોજનાઓ વગેરે વસ્તુઓને આપ એક વિસ્તૃત લેખ રૂપે આપો. આ માટે 'ઝાઝા હાથ રળિયામણા' કામ લાગે. 'કુમાર' સાથે ઘનિષ્ઠ સંબંધ ધરાવતા લેખકો પાસેથી ચોક્કસ મુદ્દાઓ પર માહિતી મંગાવી સંકલન થઈ શકે.

(માટુંગા) —પ્રકાશ શાહ

નવેં૦ (૪૯૭) અંકમાં મારા લેખમાં પ્રાકૃત તેમજ સંસ્કૃત શબ્દોમાં તેમજ અર્થમાં ભૂલો છે. બીજી લીટી પહેલો શબ્દ સ્ત નહિ પણ સ્ત્ત; ૭મી લીટી બીજો શબ્દ ગહંદ નહિ ગઈંદ છે; સંસ્કૃત છઠ્ઠી લીટીમાં હતુપ નહિ હતુય છે; રસસિદ્ધિના અર્થમાં સુકુમાલ એટલે નાયણી, ધીર એટલે નાઈ. મિકેયા નહિ પણ નિકેયા; સ્થલમંડનિકા એટલે અંબચંગેરી(અંગેરીનહિ); પંકમ નહિ પંકય છે. લોચમ નહિ લોચન છે.

—સુશીલા પટેલ

ડિસેમ્બર અંકના છેલ્લા પાનામાં ૨૬ના આંકડાના બધા ગુણાકારોના અંકનો સરવાળો એક પછી એક અંક ઊતરતો આવે છે તેનું કારણ તેના અંકોનો સરવાળો ૮ થાય છે તે છે. જે સંખ્યાના અંકનો સરવાળો ૮ થાય તેના બધા ગુણાકારોના અંકનો સરવાળો એક પછી એક અંક ઊતરતો જ આવશે. દા. ત. ૧૭, ૪૪, ૫૩, ૫૨૧, ૧૧૧૧૧૧૧૧ વગેરે.

જુઓ : ૧૭×૧=૧૭ ૧+૭=૮
૧૭×૨=૩૪ ૩+૪=૭
૧૭×૩=૫૧ ૫+૧=૬ ને એમ આગળ.

૮ના અંકની બીજી ખૂબીઓ :

(૧) જે સંખ્યાના અંકોનો સરવાળો ૮ થાય તેના ઘનના અંકોનો સરવાળો પણ ૮ જ આવશે. દા. ત. ૨૬, ૨+૬=૮

$(૨૬)^{૩}=૧૭૫૭૬=૮$ વગેરે

(૨) $૧\times૯=૫^{૨}-૧૬$
$૯\times૧૭=૧૩^{૨}-૧૬$
$૧૭\times૨૫=૨૧^{૨}-૧૬$
$૨૫\times૩૩=૨૯^{૨}-૧૬$... વગેરે

(૩) $૮^{૦}+૮^{૧}=(૮^{૦}\times૩)^{૨}$
$૮^{૨}+૮^{૩}=(૮^{૧}\times૩)^{૨}$
$૮^{૪}+૮^{૫}=(૮^{૨}\times૩)^{૨}$
$૮^{૬}+૮^{૭}=(૮^{૩}\times૩)^{૨}$..., વગેરે

જોકે આમાં બીજગણિતના નિયમોનો જ ઉપયોગ થયો છે. '૯' અંકની જેમ '૮'ની પણ ખૂબીઓ શોધતાં ઘણી મળી આવશે.

(સૂરત) —મહેશચન્દ્ર ચેતનલાલ ટેલર

'વંદેમાતરમ્' ગવાય ત્યારે સૌએ ઊભા થવાનો શિરસ્તો આપણામાં પ્રચાર પામ્યો છે. આમાં ખ્રિસ્તી ધર્મના દેવળમાં ઊભા થઈને પ્રાર્થના કરવાનો રિવાજ દૃષ્ટિમાન થાય છે. આપણી પ્રાર્થના સ્થિરભાવથી બેઠાબેઠા કરવી એમ શાસ્ત્ર કહે છે. તેથી 'વંદેમાતરમ્' વેળા હિંદી શિષ્ટાચારનું પાલન થવું યોગ્ય નથી?

આ બાબતમાં ગાંધીજીનો ઉલ્લેખ પણ નોંધપાત્ર છે. જુઓ 'શિક્ષણ અને સાહિત્ય' જાન્યુઆરી ૧૯૪૩નો અંક, પૃષ્ઠ ૯.

"ટાલીગંજમાં પ્રાર્થના સભા હતી. વંદેમાતરમ્ ગવાયું ત્યારે બધા ઊભા થઈ ગયા ત્યારે મને સુહરાવર્દીએ પૂછ્યું કે 'હું ઊભો થાઉં?' ત્યારે હા પાડી, કારણકે બધા ઊભા થાય ને એ ન થાય તો અનર્થ થાય. પણ આ પ્રથા અંગ્રેજની છે. આપણી રીત તો ટટ્ટાર બેસીને ગાવાની છે."

(નડિયાદ) —પ્રફુલ્લ ભારતીય

સામયિકોની અનુક્રમણિકામાં બક્ષીભાઈનું નામ શોધવાની જાણે ટેવ પડી ગઈ છે; તેથી છેલ્લી ઘણી નિરાશા પછી આ સમયે તેમની 'મીરા' વાંચવા મળી. કહાની ચારુ, ચારુ છે. તેમની શૈલી વિષે વિવેચકો ઘણું કહે છે એટલે મારી પાસે વિશેષણો, સંભવ છે, ન હોય.

'મીરા'માં તેઓ વર્ણનમાં થોડા વધુ વહી ગયા છે.'...૧૯૬૨ના મુંબાઇની ખુશ્બો ફેલાતી હતી.' (પૃષ્ઠ ૪૮૫–ત્રીજું કૉલમ–ત્રીજી પંક્તિ) અને ડિસે. ૧૯૬૨માં જ વાચક, મીરાના માતા પિતાનું મૃત્યુ, જયના અભ્યાસનો અંત, તેનાં લગ્ન, તે પછી તેની અઢી વર્ષની રીના અને મીરાનું પુનઃમિલન, વાંચે છે! વાહ.

(રાજકોટ) —ધીરેન કારીઆ

ડિસેમ્બર 'કુમાર'માં જૅક હૉબ્ઝ વિષેનો લેખ પ્રગટ કરવા બદલ ધન્યવાદ.

આ પ્રમાણે મુંબાઈના મરાઠી વર્તમાનપત્ર 'લોકસત્તા'ના તા. ૨૨-૧૨-૬૨ના અંકમાં પહેલા પાને સર હૉબ્ઝના છેલ્લા ફોટો સાથે રજૂ થએલી વિગતોમાંથી ખૂટતી ઉતારું :

'૧૯૦૭થી ૧૯૩૦ પર્યંત તે રમ્યા એ કાળ દરમિયાન ૧૯૭ સદીઓ નોંધાવી હતી. ૪૨ મે વર્ષે એક જ સીઝનમાં ૧૬ સદીઓ નોંધાવીને તેમણે તે બાબતનો નવો વિક્રમ પ્રસ્થાપિત કર્યો હતો. ઑસ્ટ્રેલિયા વિરુદ્ધ તે ૪૧ ટેસ્ટ મૅચ રમ્યા હતા જેમાં તેમણે કુલ્લે ૩૬૩૬ રન કાઢ્યા હતા. તેમાં ૧૨ તો સદીઓ હતી.'

શ્રી દીવાનજીના લેખમાં હૉબ્ઝને 'સર'નો ખિતાબ મળ્યો હતો તેનો ઉલ્લેખ નથી.


(અમદાવાદ) —આઇ. બી. દેસાઇ

'કુમાર'નો ૪૯૮મો અંક પ્રસન્ન વછરાજાનીભાઇના મિત્રના નૂતન વર્ષાઅભિનંદન કાર્ડનો અ̐ મારી માન્યતા પ્રમાણે આ મુજબ લાગે છે; ચિત્રની બાજુઓ નકશાની દિશાઓની પ્રમાણે જોતાં પૂર્વ દિશાને ઉપર રાખીને ચિત્ર જોતાં મને નીચેના અર્થો માલૂમ પડે છે:

(૧) ત્રણ જે મોટા લીસોટા છે તે ત્રણ પાણીમાં વહેતી નાવોનો ભાવ દર્શાવે છે. (૨) વચ્ચે દેખાતી ઊભી અણીઓ માછીઓનાં હાથમાંના હલેસાં સૂચવે છે. (૩) વળી વચ્ચે દેખાતી બીજી અણીઓ નાવોના છેડા બતાવે છે. (૪) ઉપરની પશ્ચાદ્ભૂમિમાં હવામાં કરેલા લસરકા પાણીના મોજાં બતાવે છે. તે જ રીતે નીચેની ભૂમિમાં પણ પાણીનાં જ મોજાં છે. (૫) નીચેની નાવ પર વક્ર આકારનું વચલું અર્ધ ચંદ્રાકાર ટપકું નાવનો તૂટેલો ભાગ બતાવે છે.

(ડાંગરવા) —ભગવત ના. સુથાર

પોતાની પરંપરાનાં મૂલ્યોને સમજપૂર્વક વળગી રહેતી શાણી બ્રિટિશ પ્રજા નવા પ્રવાહોના ઉફાળાથી વગર વિચાર્યે મોહમાં પડી જતી નથી. ત્યાંની વિખ્યાત આર્ટ–ગૅલેરીઓ (ચિત્રાલયો) 'મૉડર્ન' અને 'ઍબ્સ્ટ્રૅક્ટ' (અહેતુક) કલાની જે કૃતિઓ વસાવે છે તે પ્રત્યેક શૈલીનું ઝીણવટથી મૂલ્યાંકન કરીને ખરીદ કરે છે. છેલ્લાં દસ વર્ષમાં અદ્યતન કલાકૃતિઓનો તેમાં જે સારો જેવો વધારો થયો છે તે પૈકીની સેઝાંથી માંડીને બેન નિકલ્સન સુધીની થોડી ચૂંટેલી કૃતિઓ આ તથા આ અંકની પાછળની આર્ટ-પ્લેટ ઉપર આપી છે.



ઉપર: ન્યૂ કૅસલની લૅઈંગ આર્ટ ગૅલેરીમાં જાણીતા કલાકાર પૉલ ગૉગાંએ ૧૮૮૬માં ચીતરેલું દશ્યચિત્ર

નીચે: ડાબીબાજુ–ઈંગ્લંડની વિખ્યાત ટેઈટ ગૅલેરીનું મોઘું કલારત્ન ગણાતું જગનામી કલાકાર પિકાસોએ આલેખેલું 'એક સ્ત્રીપાત્ર'. જમણી બાજુ: આધુનિક કલાના પિતા ગણાતા સેઝાંનું નૅશનલ ગૅલેરીમાંનું 'માળી'નું ચિત્ર.







રાધાનું નૃત્ય • કાંગડા કલમ • (અઢારમી સદીના અંતભાગની કૃતિ • શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઇના કલાસંગ્રહમાંથી તેમના સૌજન્યથી)
વાદળછાયાં વન-ડુંગરની પૃષ્ઠભૂમિકા ધારતા હરિયાળા મેદાનમાં ગોપસખાઓ સાથે
રાધાના નૃત્ય અને ગોપીઓના સંગીતનો આસ્વાદ લેતા કૃષ્ણ

સાંજ સમાનો દીપ

· ગીત ·

ઘરમાં ઊગ્યો મોગરો, સાંજ સમાનો દીપ;
મોંતી નીકળ્યું મૂલનું, અળગી થાતાં છીપ.

પાણિયારે હું પોંખતી અજવાળાનો જીવ;
પારવતી જયમ પામતી સંતાએલા શિવ.

એના તે અજવાળિયે નમણા જોઉં નાગ,
કંકુ કાયા રેલિયાં શમણાં જેમ સજાગ.

જળનું તાજુ બેડલું ભર્યું નદીનું નીર;
જોવા ઝમતું બુંદથી રુમઝુમ દીપ અધીર.

સુખડસળીને પેટવી, ઉપર ઊગતી વેલ,
મુજને મૂકી અલોપ થૈ પિયરિયાની ન્હેલ.

દીવડી નાની તળાવડી છલકે ઘીનું નીર,
ડોલે સોનાનાવડી રમતો જેમ સમીર.

પાલવ મારો પાથરી ભોંય લગાડું ભાગ,
વ્હાલાં મારાં રાખજો રતુંબડો સોહાગ!

પ્રિયકાન્ત મણિયાર

વિદાય

· વસંત–મૃદંગ ·

...વિદાયચુંબન
નેત્રો થકી; થરથરંત કરાંગુલિ તવ;
વસ્ત્રો રહે ફરકી: આંખની કોર આછી
છલ્કાય; કંપત ધર્યો કરમાંહિ દીપ.
'રે, આવજે...' તવ કુટીરમહીં સદૈવ
વાસો ધરી મૃદુ સુગંધ શકાય માણી
શેફાલિકાતણી... નહીં. કદી એ ન શક્ય.
મારે હજી ય જવું દૂર–સુદૂર દેશે.
ને આપણા મિલનની ક્ષણ પૂર્ણ કેરા
અંધાર શી થઇ રહી હળવેક પાતળી.
ને આપણા પ્રણયનું ઋજુ સ્વપ્નધુમ્મસ
આછું બને... કુસુમ ચંપકનું ગર્યું અહીં,
ઉઠાવું ધૂળમહીંથી, તુજ યાદ અંતિમ.
ચાલો હવે, પ્રિય! વિદા... ઉટજ તણે શિરે
ધીરે ચડે લહર ધૂમ્રતણી જરી જરી,
ને ઘંટડી બજી રહે હજુ ધેનુકંઠમાં;
ત્યાં લાલ લાલ અનુરાગથી ટેકરીઓ
પ્રાચીમહીં મલકતી; પદ ઓસભીની
માટીતણો સ્પરશ; શાંત પ્રવૃત્તિ જાગે.
ને તો ય આંહિ અકળાય હવા. કયહીંથી
કો' આકુલા ટહુકતી વનરાઇ માંહી.
હું જાઉં પાછળ ફરી... હજુ દ્વારમાં જ.
ઊંચો કરંત કર પદ્મની દાંડલી શો.
ને કેશમાં મલકતો ઋજુ અંધકાર.
રે...ના. હવે કિરણને પરશે નવો મળે
કો જન્મ: જયાં ગતતણી સ્મૃતિના સુવર્ણ–
પંથે હવે જવું સુદૂર નવીન દેશે
ને કંઠથી સરત તૃપ્તિનું નંદ ગુંજન.

દિલીપ ઝવેરી

લેખાં

· વ્યસ્ત મનહર ·

માંદગીને બિછાનેથી
મૃત્યુકાંઠે હવા ખાઇ
રોગી તાજો થાય!
બાળીને વનો અનેક
રાખ તણા ઢગલાંમાં
અગ્નિ શમી જાય!
દિવસના અલ્પ તેજે
કોટિ કોટિ સૂરજનો
થઈ જાય લોપ!
તિમિરે રવિને ઢાંકી
તારાઓમાં ઝગી રહે
નિશીથ–આલોક!
તિમિર ને તેજતણાં
પલ્લાં ઊંચાંનીચાં થાય
વધેઘટે દાંડી તણો
ભાર ન જરાય!
મૃત્યુ અને જન્મ તણાં
લેખાં તો ય લાખલાખ
રુદન ને સ્મિત તણી
શાહીથી લખાય!

'સ્નેહરશ્મિ'

અલગ મારગ

· ગાન ·

એક બે ઘડી સંગમાં ગાળી
આપણા અલગ થાય તે મારગ
જાય કહીં દૂર દૂરની સીમે ચાલી!
મનમળ્યાંનાં મધુર વચન,
હોઠને ખૂણે હસતાં વદન,
તેજની છોળે તરલ નયન,
(એણે) વનવેરાને સ્વપનશીતલ નીલિમછાયાઢાળી,
આપણા તે ઉલ્લાસનો પડે પડઘો કાનન ભરી,
ક્ષણ સરે તે નવલે રૂપે પ્રગટે ફરી ફરી.
એકલનો પથ એકબીજાની
અવ તો જાણે ઝીલશે વાણી;
સુખની ભીતર વેદના છાની:
મન પાછું વળી જાય ત્યાં એને આપણે રે'શું વાળી!

રાજેન્દ્ર શાહ

ગરિયો

· મિશ્ર ·

કેવો ગુમાને ગરિયો ચડયો છે!
આ ભોંય પાડી કમનીય રેખા
'ઊભી છ કાયા નિજની પ્રશાંત
બાકી ફરે છે મુજ પાસ માયા!'
એવું વિચારે.
ના જાણતો એ—
વીંટાય દોરી ચકરે ફગાવ્યો!

અનિલ જોશી

મારા આ ઉરના ઉમંગને

· ગાન ·

મારા આ ઉરના ઉમંગને
કેવી રીતે રે સખી! ભરી શકું ખોબલે સાગરના ઊડતા તરંગને!

ધીરે ધીરે રે કોઇ હાક મને મારતું, ન બોલાવે તો ય મને પાસે;
હર શ્વાસે નીતરતો જાણે આ પ્રાણ, મને લાગે ઝાઝું નૈં જીવાશે.
કાલ સુધી આનંદે ઝૂલતું'તું ઉર, કહે કોણે વીંધ્યું એ કુરંગને.

ભૂલું ભૂલું મે ફરી પાછું સજાગ થાય હૈયે સુતેલું કો ગીત!
દિવસ ને રાત એક વાત રહે અંતરમાં આને શું લોક કહે પ્રીત!
કોણ જાણે ઉત્તર કે દખ્ખણનો વાયરો લાવે સુનેરી સુગંધને.

મણિલાલ ભ. દેસાઈ

...નું શું?

· ગઝલ ·

તળેટીમાં ઊતરતા સૂર્યનું તો ઠીક છે, કિંતુ
શિખરને સ્પર્શીને ચાલી જતી પેલી હવાનું શું!

મળ્યો અંધાર તો એમાં ય ચમકીને જીવી જાણ્યું,
નિશા વીતી જતાં પૂછો નહિ કે તારલાનું શું!

વમળમાં નાવને ખેંચી જતાં તોફાની મોજાંઓ!
હું ડૂબી જાઉં મઝધારે, પરંતુ નાખુદાનું શું!

ઉપાડી જામને હોઠે મૂકું હમણાં જ સાકી, પણ
તમારી આંખથી પીવા મળે છે એ સુરાનું શું!

સમયની પીઠ પર બેસીને હું આગળ વધુ, કિંતુ
અહીં પથ્થર બની બેસી ગએલા કાફલાનું શું!

પવનની જેમ દોડીને હું ઝંઝાવાત થઇ જાઉં,
પછી કહેશો નહિ ક્યારે ય કે ચારે દિશાનું શું!

ફરીથી ગાઢ ધુમ્મસ મન વિષે છાઇ ગયું 'ગાલિબ'
કિરણ પણ આંગળી પકડે નહિ ત્યારે ઉષાનું શું!

'ગાલિબ' ગુજરાતી

ઉન્મેષ

· મિશ્ર ·

ચૈતન્યનું વિરલ સ્પન્દન બીજ કેરે
હૈયે સ્ફૂર્યું ગહન ગર્ભ વિષે ધરાના,
પ્રત્યક્ષ રૂપ ગરવું ધરી વૃક્ષનું આ
સોહે કશું રમ્ય છટા થકી, જુઓ!

લીલી રતાશ મહીં કૂંપળની રમી રહ્યું
કેવું અહા મધુરવું સ્મિત! પર્ણ કેરા
પુંજે તણે પારણિયે ઝુલન્તાં
રે પુષ્પના દલદલે રમણીય આકૃતિ
રચંત કો' પગલીઓ મધુ ગંધ વેરતી!
રોમાંચ આ થડ તણી ય ત્વચા પરે કશો!

કો' ટોચની ડાળ થકી પ્રસન્નતા
સ્પર્શી જતાં ગાઇ ઊઠ્યું વિહંગ;
રેલી રહ્યું ગુંજન અંતરિક્ષમાં!
પામી ગયું ગગન હાર્દ વસુન્ધરા તણું!

શંભુપ્રસાદ જોશી

उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधतनी વીર ગર્જનાથી ઓગણીસમી સદીની

લેખક · નાનુભાઈ દવે

ભારતના દક્ષિણ છેડાને 'કન્યાકુમારી'નું નામ અપાયું છે. પૂર્વે બંગાળનો ઉપસાગર, પશ્ચિમે અરબી સમુદ્ર ને દક્ષિણે અહીંથી છેક દક્ષિણ ધ્રુવ સુધી અખંડ પથરાએલો વિરાટ હિંદી મહાસાગર, એવા પૃથ્વી પટ પર અનન્ય આ ત્રિભેટા પર ત્રણે સાગરોનાં જળ ભારત ભૂમિના પાદ પ્રક્ષાલે છે.

ભારતના એ અદ્ભુત અંતિમ બિન્દુના ખડકો પરથી ૧૮૯૨ની આખરમાં એક સવારે એક જણ નીચે ઊતર્યો. ભારતખંડ વીંધીને એ આવ્યો હતો. ભારતમાતાનાં ચરણે એને બેસવું હતું. આટલે સુધી આવીને પણ એનું મન ધરાયું નહિ. કાંઠાના ખડકોનો એક છેડો સાગરમાં જઇને માથું કાઢતો હતો ત્યાં પહોંચાડવા એણે નાવડીવાળાને કહ્યું. પેલાએ પૈસા માગ્યા; પણ આની પાસે આપવા જેવું કૈં નહોતું, એટલે એ તરીને પેલી શિલા ઉપર ગયો ને ભીના શરીરે દેશ સમસ્તને, અહીંના તત્વજ્ઞાનને, સંતોને, ઉત્તરે પથરાએલા પિતાસમ હિમાલયને, પવિત્ર નદીઓને, તીર્થોને, પોતાના ગુરુમહારાજને અને કરોડો દેશબાંધવોને એણે પ્રણામ કર્યા, ને પછી એ ધ્યાનમાં બેઠો.

ચાર વર્ષ સુધી એ દેશ આખામાં ઘૂમ્યો હતો. ઘૂમતાં ઘૂમતાં એણે ઘણું જોયું હતું, ઘણું શીખ્યો હતો. એ સંન્યાસી હતો; પૂર્વસંબંધો કાપીને જ નીકળ્યો હતો; કામનાઓ ક્યારની છૂટી ગઈ હતી; પણ ધ્યેય છોડ્યું નહોતું. એનાં શિખરો વિશાળ અને ઊંચાં કરવા એ મથતો હતો.

ધ્યાનમાંથી પરવારી એણે ચિંતવન કર્યું દેશમાં ધર્મ કરતાં ધર્મનો આભાસ વધારે હતો; ભાવ વિનાની ક્રિયાઓ ચાલતી હતી; મતમતાંતરોથી ધર્મની દીવાલો તરડાઈ હતી. લોકોમાં જડતા આવી હતી; પણ એથી યે વધારે દુ:ખદાયક તો એમનું દારીદ્ર્ય હતું. કરોડો માણસોને પેટપૂરતું અન્ન પણ નહોતું મળતું; ત્યાં વસ્ત્ર ક્યાંથી હોય, ઘર શાનાં હોય? આરોગ્ય ના હોય, બળ ના હોય, વિદ્યા ના હોય તો પછી ભાવના ક્યાંથી હોય? એમની સામે તત્ત્વજ્ઞાન ધરવાથી શું વળે?

પોતાનું જીવન ધર્મમય કરવાનો સંકલ્પ તો એણે લીધો હતો. એમાં દેશબાંધવોની સેવાનો સંકલ્પ એણે અહીં ઉમેર્યો. દેશમાં જાગૃતિ લાવવી હોય તો ધર્મની રીતે જ લવાશે એમ એને સ્પષ્ટ જણાયું; અને પછી તો દેશની જાગૃતિ એ જ ધર્મ દેખાયો. ત્રણ બાજુએ વીંટળાએલા ઘૂઘવતા મહાસાગરોનાં પવિત્ર જળની સાક્ષીએ એણે જીવનપ્રવાહનો માર્ગ નક્કી કરી લીધો. ને એ ઊભો થયો ત્યારે એના અંગેઅંગમાં નવી શક્તિ સ્ફૂરતી હતી. એણે પાછો ભરતખંડમાં પ્રવેશ કર્યો. ને જોતજોતાંમાં એ અજ્ઞાત અકિંચન યુવાન સંન્યાસીએ વિજયો મેળવવા માંડ્યા. મહાહેતુ મેળવીને આત્મવિશ્વાસથી એ પોતાના મહાકાર્યમાં એકાગ્ર બની ગયો ને સફળતા એને શોધતી આવી. કોણ હતો એ?



સ્વામી વિવેકાનંદ

એ એક સંન્યાસી હતો. આ દેશના એક છેડેથી બીજા છેડા સુધી અનેક સાધુઓ ફરતા રહે છે. એ એક જ સ્થળે નિવાસ કરતા નથી, ચીજવસ્તુઓનો સંગ્રહ કરતા નથી. અનુભવ મેળવે છે ને ધર્મમાર્ગે રહેવામાં લોકોને સહાય કરે છે, કાચી વયના જુવાનો પણ એમાં ભળી જાય છે. ઋતુઓ અનુસાર સ્થળાંતર કરતાં પંખીઓ જેમ ક્યાંનાં ક્યાં ઊડી જાય છે એમ આ સાધુઓનાં પરિભ્રમણો થતાં રહે છે. હિંદુ સંસારને વિશુદ્ધ રાખની એ એક અનોખી પરંપરા છે.

આજથી બરાબર સો વર્ષ પર, ૧૮૬૩ની ૧૨મી જાન્યુઆરીએ હિંદુઓના પવિત્ર તહેવાર મકરસંક્રાન્તિને દિવસે સૂર્યોદય પહેલાં કલકત્તાના સિમેલિયા મહોલ્લામાં ઉચ્ચ બંગાળી ખાનદાનના શ્રીમંત ગૃહસ્થ ને કાયદાના તલસ્પર્શી જ્ઞાતા વિશ્વનાથ દત્તને ત્યાં એનો જન્મ થએલો. એના દાદા દુર્ગાચરણ સંન્યાસી થઈ, ઘર છોડીને ચાલ્યા ગએલા. એની માતા ભુવનેશ્વરીદેવીને ચાર પુત્રીઓ થઈ ત્યારે એણે વીરેશ્વર શિવની પ્રાર્થના કરી કે પુત્ર આપો. અને એમની કૃપાથી જન્મેલા આ પુત્ર નરેન્દ્રનું નામ પણ પહેલાં દેવદાસ ને વીરેશ્વર જ પાડેલું ભવ્ય જાહોજલાલીમાં આળોટતા વિદ્વાન ને પરગજુ પિતા, ને વંશપરંપરાનો અમીરી પ્રતાપ સહજે જ સ્પષ્ટ થઇ રહે એવાં જાજરમાન આર્યમહિલા સમાં માતાના વાત્સલ્યમાં ડૂબાડૂબ રહેતા નરેન્દ્રનું બચપણ ખૂબ લાડકોડમાં ઊછર્યું. પારણામાંથી પરખાતાં પુત્રનાં લક્ષણ પેઠે આ તેજસ્વી ને હઠીલા બાળકને કાબૂમાં રાખવાનું અશક્ય બની રહેતું. પણ શિવમય બની રહેવા સર્જાએલા એને શિવ બચપણથી જ પ્રિય હોય તેમ, તેનાં તોફાન કે હઠ વેળાએ માતા તેના માથા પર ઠંડુ પાણી રેડતાં ને એના કાનમાં ધીમે ધીમે શિવનું નામ લેતાં કે તરત એ શાંત થઇ જતો.

સાધુઓ પ્રત્યે એને નાનપણથી જ અત્યંત પ્રેમ હતો. બારણે સાધુ આવે એટલે તે રાજીરાજી થઈ જતો અને જે કાંઈ હાથ ચડે તે એને આપી દેતો. એક દહાડો તેણે એક સાધુને ઊમળકાથી પોતાની નવીનક્કોર ધોતી આપી દીધેલી. એના આવા ઊભરાઓને ખાળવા એને મેડી પર પૂરી દેવાતો, તો એક વાર એણે એક સંન્યાસીને બારીએથી ફેંકીને ગરમ ધાબળો આપી દીધેલો! બહેનોને પણ એ ભારે પજવતો. પશુપક્ષીઓ પ્રત્યે એને ખૂબ મમતા હતી અને ગાય તો એને અત્યંત પ્રિય હતી. રામચંદ્રજીના ચરિત્રે એના બાલમાનસ પર ખૂબ પ્રભાવ પાડેલો, પરંતુ પછીથી એના એક ખાસ કોચવાન મિત્રે એની આગળ લગ્નજીવનની ભારે નિંદા કરેલી તેની અસર એના કુમળા માનસ પર એવી સચોટ થએલી કે એણે પોતાને પ્રિય સીતારામની યુગલ-મૂર્તિ ફેંકી તેની જગ્યાએ યોગી શિવની સ્થાપના કરેલી.

આખરની અપરાક્રમી પેઢીને ચેતનવંતી કરનાર અને પુનરુત્થાનને પંથે પ્રયાણ કરાવી શક્તિ અને સામર્થ્યનો સંદેશો આપનાર ઋષિ





હિંદ-સ્વરાજ્યના ઘડવૈયાઓમાં એક અગ્રગણ્ય એવા સ્વામી વિવેકાનંદનાં નામ તથા કામથી આજની નવજુવાન પેઢી કદાચ વાકેફ ન હોય. પરંતુ આપણે જે રાષ્ટ્રીય એકાત્મતા મેળવવા માગીએ છીએ તેને માટે સ્વામી વિવેકાનંદ જેવા આપણા અનેક પરાક્રમા પૂર્વજોને ભાવ અને ભક્તિપૂર્વક યાદ કરવા જોઇશે. અંગ્રેજ કેળવણીનો નવો યુગ બેસતાં તેની અસરથી હિંદના નવજુવાનોમાં અમુક અભિમાનભરી નિષ્ક્રિય પંડિતાઈ નાસ્તિક વિફળતા અને અપરાક્રમ આવી ગયાં હતાં. એ પેઢી પર, એક રીતે અવતારી કહેવાય એવું જબરું કાર્ય એ કરી ગયા. એમણે એ પેઢીને આધ્યાત્મિક શ્રદ્ધા અને ભારતીય વેદાન્તનું અપૂર્વ ગૌરવ પોતાના જીવન દ્વારા પ્રગટ કરીને દેખાડચાં. એથી વિજ્ઞાનવાદથી જડ અભિમાને ચડવા લાગેલી હિંદી નવયુવક પેઢીમાં પુનઃ શ્રદ્ધાએ પ્રવેશ કર્યો. અને એ પાયા ઉપર આગળ ચણતર કરીને સ્વામીજીએ હિંદની ભણેલી પેઢીને આપણી પ્રાચીન અધ્યાત્મવિદ્યા નવા સ્વરૂપે સમજાવી. તે અર્થે, કહો કે, તેમણે નવો ક્રિયાયોગ યોજી આપ્યો : નિષ્કામ સેવાધર્મનો. તેમણે હિંદની નવી પેઢીને નિષ્કામ સેવાધર્મની દીક્ષા આપી. હિંદનું દારિદ્ર્ય તેમણે જોયું—કેવળ આર્થિક જ નહિ, સામાજિક તેમ જ આધ્યાત્મિક. તે ફેડવાં શક્તિસંપન્ન યુવકોએ ત્યાગની દીક્ષા લઈને તેમની સેવા દ્વારા એ કામ કરવું પડશે એ તેમણે જોયું, અને એનો સંદેશો દેશના નવયુવકદળને પોતાના જીવનના દૃષ્ટાંત દ્વારા આપ્યો. એ અર્થે આપણી પ્રજાને માટે ગીતા અને કર્મયોગ પરમ વારસો છે, આપણો રાષ્ટ્રીય સ્વભાવ એમાં અંકિત થયો છે, એ કર્મયોગનો સંદેશો સ્વામી વિવેકાનંદે હિંદના જાગૃતિયુગના પ્રારંભે પાછો તાજો કરી આપ્યો. સ્વામી વિવેકાનંદ કેવળ તત્ત્વજ્ઞાની કે તત્ત્વચિંતક જ નહિ, તત્ત્વદ્રષ્ટા અને જીવનવીર હતા. તેથી જ કરીને એમનાં વ્યાખ્યાનો તથા લખાણો આજે પણ પ્રેરણાદાયી છે. એવાઓનાં પુણ્યે આપણને આજે સ્વરાજ મળ્યું છે; તેની રક્ષા અને સમૃદ્ધિને અર્થે પુરુષાર્થની અવધિ કરીને આપણે એમનું તર્પણ કરીએ.

—મગનભાઈ દેસાઈ

ભણતરના પહેલા પાઠ હમેશાં માતા જ આપે છે તેમ અંગ્રેજી શબ્દો અને બંગાળી લિપિ એની માતાએ જ એને શીખવેલાં. એના ખોળામાં બેસીને જ એણે રામાયણ અને મહાભારતની કથાઓનું શ્રવણ કરેલું, ને એમાંથી પ્રેરણા પી પીને પોતાના ભવિષ્યના સાહસોત્સાહી ને ધીરવીર જીવનનાં મૂળ પોષેલાં. છ વર્ષની વયે એને પાઠશાળાએ મોકલવામાં આવ્યો. ત્યાં પણ એની પ્રતિભા અદ્ભુત પુરવાર થઈ. વર્ગોમાં બહુ ઓછું ધ્યાન આપતા નરેન્દ્રને એક વાર શિક્ષકે ટપાર્યો, તો થોડી જ વારમાં શીખવેલું બધું જ તે કડકડાટ બોલી ગયો! શિક્ષક તો તેની આ મેધાશક્તિથી દંગ જ થઈ ગયા! છેક કાચી એ વયે તેણે ‘મુગ્ધબોધ’ નામનું સંસ્કૃત વ્યાકરણ પણ કંઠસ્થ કરી લીધેલું. આઠમે વર્ષે ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરની મેટ્રોપોલિટન ઈન્સ્ટીટ્યૂટમાં દાખલ થયો, ત્યાં પણ એ એવો જ ઝળકી ઊઠ્યો. એક વાર તો એણે એક સંસ્કૃત કથાકારની ભૂલ પણ પકડી પાડેલી.

નરેન દેખાવડો હતો. ગૌર વર્ણ, વિશાળ કપાળ, કાળાભમ્મર વાળ ને મોટી મોટી કમળની પાંખડી જેવી આંખો. જે કોઇ એને જુએ તે એનાથી આકર્ષાય. એમાં વળી એ ગાતાં શીખ્યો. એનો કંઠ ઘેરો ને મધુર. બર્મીઝ ગૅાંગ ઉપર ડંકો પડે અને એનો ઘોર રણકો ઊઠે એવો એ અવાજ હતો. બંગાળી લોકકવિઓએ ભક્તિરસથી છલકાતાં ઘણાં પદો રચ્યાં છે. તે એ ગાતો. અને એ સાંભળી સહુ ડોલતાં.

ભારતમાં અંગ્રેજી રાજ્ય શરૂ થયા પછી અંગ્રેજી કેળવણી અને સંસારસુધારાનાં નવાં પ્રજાકીય કાર્યો બંગાળમાં રાજા રામમોહન રાયે શરૂ કર્યાં તેની સાથે બ્રહ્મસમાજ નામે એક ધર્મ-સુધારક નવપ્રયાણ પણ એમણે શરૂ કરેલું. એમાં કેશવચંદ્ર સેન, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, ‘વંદેમાતરમ્’ના ગાયક બંકિમચંદ્ર અને બીજા સંનિષ્ઠ પુરુષોએ કેળવણી, સ્ત્રીઓના અધિકાર, પ્રાર્થના વગેરે અંગો ઉમેર્યાં હતાં. એમાંથી પશ્ચિમની અસરવાળો બૌદ્ધિક મનોદશાવાળો નૂતન સમાજ ઘડાતો હતો. આ સમાજના સમારંભોમાં સમૂહ પ્રાર્થનાઓ થતી. એમાં એકવાર નરેનને ગાવા બોલાવ્યો ને તરત એ સૌનો માનીતો થઈ પડચો.

નાનપણની એની નિર્ભયતા અને તોફાનોના અનેક પ્રસંગો છે. એક વાર રમતમાં સૌ બાળમિત્રો સાથે એ પણ એક મંદિરમાં આંખો મીચીને ધ્યાનમાં બેઠો. એવામાં ત્યાં એક મોટો સર્પ નીકળી આવ્યો. એ જોઈને ડરથી બધા ભાગી નીકળ્યા, પણ નરેન્દ્ર તો નિશ્ચલ બેસી જ રહેલો. વાત સાંભળી માબાપ દોડી આવ્યાં તો આંખો મીચીને બેઠેલા નરેન્દ્ર સામે સર્પ ડોલી રહ્યો હતો. …

ઈ. ૧૮૭૯માં ઍન્ટ્રન્સ (મૅટ્રિકની) પરીક્ષામાં સૌપ્રથમ આવીને તે ત્યારના સ્કૉટિશ જનરલ મિશનની સંસ્થા (હાલની સ્કૉટિશ ચર્ચ કૉલેજ)માં દાખલ થયો. અહીં પણ એની પ્રભા પ્રકાશી ઊઠી. એક વેળા કૉલેજના પ્રિન્સિપલ ને અંગ્રેજીના પ્રાધ્યાપક સર વિલિયમ હેસ્ટીની ગેરહાજરીમાં તેમણે વર્ગ ચલાવી મહાકવિ વર્ડ્ઝવર્થનું 'એક્સ-કર્ઝન' કાવ્ય સમજાવેલું. એને વિષે નરેન્દ્રે લખાવેલી નોંધોની સ્પષ્ટતા કરવા વિદ્યાર્થીઓ પ્રાધ્યાપક પાસે ગયા ત્યારે તેઓ પણ બોલી ઊઠેલા કે આ ભાવને આટલી ગહનતાથી કોઇ સામાન્ય માનવી ન સમજી શકે. એ પ્રોફેસર સર વિલિયમે એ સમયમાં માત્ર એક જ પ્રતિભા-સંપન્ન વિભૂતિ નિહાળી હતી અને તે શ્રી રામકૃષ્ણ પરમહંસ. પોતાના શિષ્યનું પ્રોજ્જ્વલ તેજસ નિહાળી તેમણે પોતાના આ પ્રતિભાવાન શિષ્યને એ રામકૃષ્ણની મુલાકાતે જવા સૂચન કરેલું. અને તત્ત્વ-જિજ્ઞાસાનો પ્રેમી નરેન્દ્ર એમની પાસે ગએલો પણ ખરો.

નરેન્દ્રના પ્રિય વિષયો હતા તત્ત્વજ્ઞાન ને પ્રાચીન-અર્વાચીન ઇતિહાસ. એની વૃત્તિ ખરા જિજ્ઞાસુની હતી. અભ્યાસકાળ દરમિયાન એણે ન્યાયશાસ્ત્રના તમામ આધારભૂત ગ્રંથોનો પણ અભ્યાસ કરેલો. તે સમયના અહમદખાન ને વેણીગુપ્ત નામના શ્રેષ્ઠ ગણાતા સંગીતજ્ઞો પાસેથી એ સંગીત પણ શીખેલો, ને પાછળથી તક મળતાં વિવિધ વિજ્ઞાનનો પણ અભ્યાસ કરેલો.

કલ્પનાશીલ પ્રકૃતિનો નરેન્દ્ર આનંદપ્રમોદનો પણ એવો જ શોખીન હતો. સ્વપ્નમાં એને ઘણીવાર ભોગ અને ત્યાગનાં દશ્યો દેખાતાં, પણ છેવટે વિજય તો ત્યાગનો જ થતો. કુટુંબીજનોએ એની આવી ચંચળ પ્રવૃત્તિથી ચેતીને એના લગ્ન માટેના પ્રયાસો કરેલા, પણ દરેક વેળા તે નિષ્ફળ જ જતા. પિતાની મહત્ત્વાકાંક્ષા એને શ્રેષ્ઠ ધારાશાસ્ત્રી બનાવવાની હતી ને નિમાઈચરણ બસુ નામના વકીલને ત્યાં એને મોકલી એવા પ્રયાસો પણ કરેલા; પરંતુ જીવનમાં સંઘર્ષ સેવતો એનો આત્મા ત્યાં જંપ્યો નહિ.

આ સમય દરમ્યાન એણે ઉપનિષદો ને વેદાંતનો પણ અભ્યાસ વધારેલો ને તે માટે બ્રહ્મસમાજમાં ને પાછળથી સાધારણ બ્રહ્મસમાજમાં તે જોડાએલો. પણ વિવિધ વિષયોના ઊંડા ચિંતન ને મનન બાદ પણ એમનો આત્મા હજુ સંશયવાદી જ રહેલો.

કલકત્તા યુનિવર્સિટીમાં પશ્ચિમની ફિલસૂફીના ભારે કુશાગ્ર બુદ્ધિ અને અદ્ભુત સ્મરણશક્તિવાળા આ યુવાનમાં આદર્શવાદ અને સત્ય-શોધકવૃત્તિ જન્મથી જ હતાં. આપણા પ્રાચીન સિદ્ધાર્થ—બુદ્ધ પેઠે એ સંસારના પ્રશ્નો પર જીવંત ચિંતન મનન કરતો. પશ્ચિમની ફિલસૂફીના અભ્યાસે એનામાં હવે શંકા પરાયણ અજ્ઞેયવાદ પ્રકટ્યો હતો. લૉક અને હ્યૂમ, હક્સ્લી અને બ્રાડલો, કૅન્ટ અને સ્પેન્સર વગેરે વિચારકોના ગ્રંથો એના વાંચવામાં આવ્યા અને ઈશ્વર છે કે નહિ એ જાણવાની એને જિજ્ઞાસા જાગી. નજરે દેખાતા જગત પાછળ રહેલું સત્ય એને પોતાની બુદ્ધિથી સમજવું હતું.

'શું આ જગતમાં ઈશ્વરનું અસ્તિત્વ હોઇ શકે? વેદો અને તત્ત્વજ્ઞાન એ માત્ર એ અનિર્વચનીય તત્ત્વને વર્ણવવાના પાંગળા પ્રયાસો જ નથી? એ બધા જો ઇશ્વરનો સાક્ષાત્કાર ન કરાવી આપે તો તેનો શો અર્થ?' આવાઆવા પ્રશ્નો એ કેશવચન્દ્ર સેન સુધીના બ્રહ્મસમાજના સૌ એકેશ્વરવાદી નેતાઓ આગળ મૂક્યા કરતો; ને સૌ પોતપોતાની રીતે એને જવાબ આપતા. ઇશ્વરલીન થએલા ગણાતા પંડિત દેવેન્દ્રનાથ ઠાકુર એના આવા પ્રશ્નોના ઉત્તરમાં એની આંખોમાં કોઇ યોગીનાં દર્શન કરતા. પરંતુ એને સંતોષ ન થતો. જોકે શ્રી રામકૃષ્ણના પરિચયે એના પર થોડો પ્રભાવ પડેલો ખરો. એમના સાંનિધ્યમાં એનામાં શ્રદ્ધા, સત્યનિષ્ઠા અને આધ્યાત્મિકતાની થોડી વૃદ્ધિ થઈ હતી ભક્તિગીતો ગાતાં એ ગદ્‌ગદ્ થઈ જતો; છતાં હજુ એને સાચી તૃપ્તિ થઇ ન હતી.

શ્રી રામકૃષ્ણની આસપાસ અંતેવાસી ભક્તોનું એક નાનુંસરખું મંડળ જામેલું રહેતું. એમાં એક તો કૉલેજના પ્રાધ્યાપક હતા. એ સમૂહમાં નરેનને આગવું સ્થાન મળી ગયું. કેટલીક વાર એ નરેન પાસે ગવડાવતા અને એમની આંખો ભાવાશ્રુથી છલકાઈ જતી. કેટલીક વાર મહારાજ ગાવા લાગતા ને ગાતાંગાતાં ઊભા થઈ જતા, ને એવા ભાવવશ થઈ જતા કે વસ્ત્રનું ભાન પણ રહેતું નહિ.

બેસતાંઊઠતાં, ગંગામાં નહાવા જતાં; પૂજાની તૈયારી કરતાં કે પથારીમાં પડ્યાપડ્યા મહારાજ કૈં ને કૈં કહે જતા. એ વડે એમનું દસબાર જણનું મંડળ મુગ્ધ થતું, સંસ્કાર પામતું, બળ મેળવતું ને એ પાત્રોનું રોજરોજ ઘડતર થતું. એમાં નરેન પણ ઘડાતો ગયો ને ધીરેધીરે એ ઘરનો મટી મહારાજનો થતો ગયો. મહારાજને તો એનો તાગ લાગેલો જ હતો. મહાસાગરને તળિયેથી મૂલ્યવાન મોતી હાથ લાગ્યું હોય એમ એ નરેનનું ગૌરવ કરતા. સ્વહસ્તે એને પ્રસાદ ખવડાવતા. મોંમાં કોળિયો લેતાં નરેન મૂંઝાતો તો મહારાજ આગ્રહ કરીને, હેત કરીને, એને તૃપ્ત કરતા ને રાજી થતા. કદીક એ ન આવે તો નારાજ થઈ વિલાપ કરતા ને ફરીથી આવવા વીનવતા.

આવી પોતાના મનોમંથનકાળમાં નરેન એક વાર પહોંચ્યો દક્ષિણેશ્વર, એ ગુરુમહારાજ રામકૃષ્ણની પાસે. ત્યાં ભક્તિગીતોની સમાપ્તિ બાદ સૌ વિદાય થયા પછી એના અવગાહી આત્માએ અંતે એમને પૂછી નાખ્યું: 'શું ભગવાનની હસ્તી છે? આપે એને જોયા છે?'

અને એના આશ્ચર્ય વચ્ચે એને સ્થિર, વિશ્વાસભર્યો, સહજ ઉત્તર મળ્યો: 'હા જોયા છે. જેમ તને જોઉં છું ને તારી સાથે વાત કરું છું એવી જ રીતે એમની સાથે પણ વાતો કરું છું.'

એણે તરત બીજો સવાલ પૂછ્યો: 'મને બતાવી શકશો?'

જવાબ મળ્યો: 'હા જરૂર બતાવીશ. આવતી કાલે વહેલો આવજે.'

ઈશ્વરનાં દર્શન કરાવવાની મળેલી આ ખાતરીથી ઉત્તેજિત નરેન્દ્રને મિત્રોએ બહુ વાર્યો, પણ એ રહ્યો નહિ ને પોતાની અતૃપ્ત ઝંખના સંતોષવા એ બીજે દિવસે મહારાજની ઓરડીનું પગથિયું ચડ્યો. એ ચડ્યો તે ચડ્યો. શ્રીરામકૃષ્ણે અપાર પ્રેમથી એની છાતી પર હાથ મૂક્યો ત્યારે એને લાગ્યું કે પોતે જાણે અંતર્મુખ થઈ ગયો છે ને પોતાની બધી જિજ્ઞાસા તૃપ્ત થઇને શમી ગઈ છે. એની આસપાસનું વાતાવરણ જાણે એના બહિર્ભાગને ગળી ગયું ને કોઈ અદશ્ય તેજોમય દશામાં એને લઇ ગયું. એની સમાધિદશાની આ અપાર શાંતતા નિહાળી શ્રીરામકૃષ્ણ પણ મુગ્ધ થઇ બોલી ઊઠેલા: 'એ પૂર્ણાવસ્થાએ પહોંચેલો અને ધ્યાનસિદ્ધ ઋષિ છે.'

ઈ. ૧૮૮૪માં એ બી.એ. થયો તે પહેલાં જ પિતાનું અવસાન થયું. અને તેની સાથે જ પાયમાલી આવીને ઊભી રહી. શ્રીમંત ને પરગજુ પિતાએ પોતાના જીવનકાળ દરમિયાન ઘણાંને તારેલાં ને તે પાછળ ઘસાઇ ગએલા; પણ એમના જતાં સ્વજનો દુશ્મન જેવાં થઈ પડ્યાં ને સદ્‌ભાવ રાખનારા ઘૃણા ને તુચ્છકાર દર્શાવતા થઇ ગયા. નરેન નોકરી શોધવા લાગ્યો તો તે પણ ન મળી. પરિસ્થિતિ સમગ્રપણે કફોડી બની ગઇ. છતાં ધૈર્ય રાખી એણે એલએલ. બી.નો અભ્યાસ શરૂ કર્યો. નોકરી સરળતાથી મળે તે માટે એ 'ફ્રીમેસન' પણ થયો. પછી તો એવો સમય આવ્યો કે પગરખાં પણ એને માટે (અનુસંધાન પૃષ્ઠ ૩૮)

એક દિવસમાં ખેલેલા પાંચ મુકાબલાની વાર્તા

ઈકરાર

લેખક · જયંતીલાલ શાહ

આંખ ખૂલી ત્યાં ઊઘડતું પરોઢ બારીમાંથી ડોકાયું. રાતના વરસાદે ધરતીની સાથેસાથે જાણે આકાશને પણ ધોઈ સ્વચ્છ અને નિર્મળ બનાવી દીધું હતું. વાતાવરણની સ્વચ્છતાએ મારાં મન–પ્રાણને પણ કંઈ અજબ તાજગી બક્ષી.

રેડિયો પર એકાએક 'વૈષ્ણવજન'નું ગીત ઝબકી ઊઠયું ત્યારે યાદ આવ્યું કે આજે તો પૂ૦ ગાંધીજીની જયંતીનો મંગળદિન હતો. હવામાં અને મનમાં સ્વચ્છતા સાથે પવિત્રતા ભળી. સંગીતે સંવેદન જગાડયું: બાપુજીની પુણ્યસ્મૃતિ કેમ ઊજવવી?

ત્યાં તો હવા પર લહેરાતી તરતી ગીતની પંક્તિ આવી:

'જિહ્વાથકી અસત્ય ન બોલે...'

ને અંતરમાં ઉઘાડ થયો. આજ પૂરતું અસત્ય ન બોલવું.

આમે, કોઇને હાનિ પહોંચે એવું જુઠું હું બોલતો જ નથી; પણ આજે તો નિર્દોષ અસત્ય પણ ન બોલવું એવો સંકલ્પ કરી હું પથારીમાંથી ઊઠયો.

દાતણપાણી કરી ચાના પહેલા ઘૂંટડાનો આસ્વાદ માણું ત્યાં તો શ્રીમતીનો, એકાએક વાગી ઉઠેલી તબલાની થપાટ જેવો પ્રશ્ન આવ્યો: 'મારા બાપુજીનો કાગળ પોસ્ટ કર્યો? કે ખિસ્સામાં જ રહી ગયો?'

મારી કસોટી ધાર્યા કરતાં વહેલી શરૂ થઈ. 'અરર! ભૂલી ગયો.'

મારી સામે વેધક મીટ માંડી, સામે આવી ઊભેલાં શ્રીમતીની નજર હું ન જીરવી શકયો. નીચી મૂંડીએ, ચાનો પહેલો ઘૂંટડો પ્રયત્નપૂર્વક ગળે ઉતાર્યો.

'ભૂલી ગયા! જરા ઊંચી નજર કરોને! મારી સામે જોતાં કંઈ બીક લાગે છે?' આજે ખોટું બોલાય નહિ. 'હા' મેં કહ્યું.

'કાં? હું કાંઈ ભૂત–પલીત કે ડાકણ છું?'

'ના, હા...' હું થોથવાયો. 'ડાકણ તો નથી જ પણ બીક તો લાગે છે.'

'એટલે હું ડાકણ છું એમ ને? તમારા ઘરમાં આવી ત્યારથી તમે મને બદનામ કરી રહ્યા છો. તમે શાંત છો એટલે હું તમને ક્રોધી લાગ્યા કરું છું; પણ કહો જોઇએ, વિનાકારણ મેં કદી ક્રોધ કર્યો છે?... બોલોને? કેમ ચૂપ થઈ ગયા?' હું ચૂપ ન રહું તો શું કરું? ઉતાવળમાં ખોટું બોલાઈ જાય એ કરતાં વિચારીને જ બોલવું સારું.

'બોલો ને? કારણ વિના હું કદી ગુસ્સે થાઉં છું?'

કારણ વિના કોણ ગુસ્સો કરે? 'ના.' હું સાચું બોલ્યો; ટૂંકું બોલ્યો. મારે વાત આગળ વધવા દેવી નહોતી. આગને પાણીથી જ ઠારવી રહી.

'તો હું વાતવાતમાં ગુસ્સે થાઉં છું એમ કહીને મને વગોવો છો શા માટે? વાંક તમારો. તમને કેટલું કહ્યું હતું કે ખૂબ જરૂરી કાગળ છે, વિવાહ–વેવિશાળની વાત છે, એટલે મોડું થશે તો મારી બહેનને આ કનૈયાકુંવર જેવો છોકરો મળે છે તે કદાચ ગુમાવી પણ બેસીએ, તેથી ઑફિસે જઈ તુરત પોસ્ટ કરાવી દેજો. બોલો! કહ્યું'તું ને?'

આ માત્ર આગ નહોતી કે મારા ટૂંકાક્ષરી જવાબના જળથી ઠરી જાય. આ તો દાવાનળ હતો. શ્રીમતીની વાણીનો વેગ જોઈ મને થયું કે હજી ઘણું બાકી હશે. પણ મારા જવાબથી મળતી પ્રેરણા સિવાય તે જાણે આગળ ન વધી શકતાં હોય તેમ ફરી પ્રશ્ન કર્યો.

'કહ્યું'તું ને?' બધું જ તેણે કહ્યું હતું. 'હા.' મેં કબૂલ્યું.

'હા ને ના–હા ને ના! ખુલાસાંથી વાત કરતાં તમને થાય છે શું? કહી દોને કે મારી સાથે બહુ વાત કરવી ગમતી નથી?'

ખરી વાત છે. મારો દિ' નથી ફર્યો કે આવી બાબતમાં હું વધુ વાત કરું. પત્ની સાથે કદી વાક્‌યુદ્ધમાં ન ઊતરવું એ સિદ્ધાન્તને મેં પહેલેથી જ અપનાવ્યો હતો.

'લાવો મારો કાગળ પાછો. હું જ પોસ્ટ કરાવી દઉં છું. હવે તમારો ભરોસો કરે એ બીજા.' કહી મારા ખિસ્સામાંથી કાગળ કાઢી ધબ્‌ધબ્ પગલે મારી ઉપરના ભરોસાને કચડતાં તેણે રસોડા પ્રત્યે પ્રયાણ કર્યું.

સત્યનો આ પ્રથમ પ્રયોગ જ ભારે પડી જાય તેવો હતો. આમ તો ઘણીવાર હું કાગળ પોસ્ટ કરવો ભૂલી ગયો હતો, પણ તેમને આ બાબતમાં અજ્ઞાત રાખવાની આવડતથી અમે બન્ને અશાંતિમાંથી ઊગરી ગયાં હતાં.

હું છાપું વાંચતો હતો ત્યાં ટેલિફોનની ઘંટડી રણકી. 'હલ્લો!'

'હું રામનારાયણ. કોણ બચુભાઈ કે?... જ્યુથિકા રે ને ગઈ કાલે મળવા જવાનું હતું તે જઈ આવ્યા?—તેણે શું કહ્યું? આવશે ને?' અમારા મંડળના પ્રમુખસાહેબે પ્રશ્નપરંપરા માંડી.

અમારા મંડળ તરફથી પ્રતિવર્ષ પૂ૦ બાપુજીની જયંતી નિમિત્તે ભજનોનો કાર્યક્રમ યોજાતો અને એકાદ ખ્યાતનામ સંગીતકારને આમંત્રણ આપવામાં આવતું. હું મંત્રી હોવાથી આ વખત જ્યુથિકા રે ને આમંત્રણ આપવાની જવાબદારી મારે શિરે હતી.

'હું ન જઈ શકયો.'

'ન જઈ શકયા એટલે...તમે ગયા જ નથી? તમે...તમે...'

હું સમજી ગયો કે તે કહેવા માગતા હતા કે તમે કેટલા બેદરકાર, બેજવાબદાર, જાહેર કાર્યકર તરીકે કેટલા નાલાયક છો; અને કદાચ વધુ નાલાયકી તેમને એ લાગી કે હું સ્વસ્થતાથી 'ન જઈ શકયો' એમ તેમને કહી શકયો.

'હા જી. આપ બરોબર સમજ્યા. હું ગયો જ નથી. કારણ...'

'પણ આપણો શિરસ્તો તૂટી જાય છે. આપણો કાર્યક્રમ નીરસ થઈ જશે; સભ્યો નારાજ થશે. ગઈ કાલે જ પાકું કરવાનું હતું; નહિ તો તે બીજે રોકાઈ જશે એમ પણ કહ્યું હતું ને?'

'જી સાચી વાત છે. હું હમણાં જ જઈ આવું છું' કહી ઝડપથી રીસીવર મૂકી દીધું. જાણે પહેરેલે જ કપડે હું જ્યુથિકા પાસે પહોંચવાનો ન હોઉં! નહિ તો હજી તો થવાનો બાકી છે એવા કાર્યક્રમની નિષ્ફળતા બાબતમાં મારે કંઇકંઇ સાંભળવું પડત. જોકે સહકાર્યકરો વચ્ચે એક વણલખ્યો, વણબોલ્યો કરાર હોય છે કે પરસ્પરનો આક્ષેપ અને એકબીજા માટેનો મત, ખૂબ સંયમ ભરેલી વાણીમાં અને સભ્યતાપૂર્વક ઉચ્ચારવો, જેથી વાગ્યુદ્ધથી આગળ વધી એ વાતચીત મલ્લકુસ્તીમાં ન પરિણમે.

સ્નાનાદિ કાર્ય પતાવી, તૈયાર થઈ હું જ્યુથિકાને આમંત્રણ આપવા ઘરમાંથી બહાર નીકળતો હતો ત્યાં જ 'બચુભાઈ! છો કે?' કરતા એક સંબંધી દાખલ થયા. 'હા.' મારા અવાજમાં હું ઉષ્મા ન લાવી શકયો.

'મારે પાંચ મિનિટનું જ કામ છે. જુઓને, આજે બૅંક બંધ છે અને મારે નાણાંની જરૂરત ઊભી થઈ, થયું કે બચુભાઇને ત્યાંથી લઈ આવું. બસ્સોની જ જરૂર છે. તમારા ઘરમાં તો પાંચસો–હજાર હોય જ ને!'

ઘરમાં નથી એમ આજે તો કહેવાય તેમ હતું નહિ, કાલે બૅંક ખુલે છે એટલે એક દિવસ માટે ના પણ કેમ પડાય? તે નાણાંભીડમાં છે એ ખબર તો મને મળી જ ગયા હતા અને ચેતતા રહેવાની સૂચના પણ.

બીજો દિવસ હોત તો કહી દેત કે પૈસા ઘરમાં નથી. પણ આજે?... બસ્સો રૂપિયા ગણી આપી તેમને સુખી કર્યા. પાછા આવે ત્યારે ખરા!

'આજે જ પૈસા ઘરમાં નથી અને હું પણ ખૂબ ખેંચમાં છું' એટલી અમથી વાતથી હું આ નાણાં બચાવી શક્યો હોત. પણ તેમને પણ આજે જ આવવું સૂઝ્યું.

બપોરે જમીપરવારી બધાં કુટુંબીઓ બેઠાં હતાં ત્યાં મારાં માતુશ્રી-એ અણચિંતવ્યો પ્રશ્ન કર્યો: 'બચુ, તું સિગારેટ પીએ છે?'

મર્યા! મારી બા પાસે જળવાઈ રહેલી મારી લાખની આબરૂ ધૂળધાણી થવાની તૈયારી પર છે. પ્રભુ! ગાંધીજી! વ્હારે આવો!

કોઈ ન આવ્યું.

'હા...બા...' શરમપૂર્વક, નીચું જોઈ, ધીમે સ્વરે હું બોલ્યો.

'મને તો એમ કે મારા બચુમાં કોઈ અપલક્ષણ કે વ્યસન નથી. મારા દીકરા માટે મને કેટલું અભિમાન હતું! કાલે કાકીએ કહ્યું ત્યારે મેં છાતી ઠોકીને ગર્વપૂર્વક કહ્યું કે ના, મારો બચુ સિગારેટ-બીડી પીએ જ નહિ.' તેમના ધ્રૂજતા અવાજમાંથી ગર્વખંડન અને ચૂર થએલી આશાની વેદના ટપકતી હતી.

સત્ય જીરવવું કેટલીક વખત કેટલું વિષમ હોય છે?

અમે પરસ્પરના ચહેરા સામે જોઈ શક્યાં નહિ.

કેવી કરુણતા! બાએ પણ આજે જ આ સવાલ પૂછ્યો?

રાત્રે, ગાંધી-જયંતીના અમારા મંડળના કાર્યક્રમમાં જવા માટે મારા મિત્રદંપતી મને લેવા આવ્યાં. મિત્રપત્ની દેખાવમાં તદ્દન સામાન્ય હતાં છતાં ટાપટીપ અને છટા માટે તેમને સારો એવો શૉખ અને આગ્રહ હતો. પરંતુ કોઈપણ રંગ અને સાદાં કે કિંમતી વસ્ત્રાભૂષણોને તે કદી શોભાવી શકતાં નહિ, અને વસ્ત્રાભૂષણો તેમને દીપાવતાં નહિ. તેમની રંગ અને નકશીની પસંદગી તેમના પતિ સિવાય સૌને કઢંગી લાગતી અને પતિને મન એ ગર્વની વાત હતી.

તેમનો આજનો પહેરવેશ લઇને હું જલદી નજર ખસેડી શક્યો નહિ એટલે આનંદપૂર્વક તેમણે પૂછ્યું, 'કાં બચુભાઇ? આ સાડીમાં કેવી લાગું છું? તમે જ કહેતા હતા ને, કે આ સાડી તમારે માટે બરાબર નથી? કહો હવે, કેમ લાગે છે?'

ભારે થઈ! બધાં આજે જ શા માટે આવા પ્રશ્નો પૂછે છે?

શું કહેવું મારે?

'પછી વાત; ચાલો, મોડું થઈ જશે.' મેં જવાબ ટાળ્યો.

'ના, આજે વાત ઉડાવશો એ નહિ ચાલે. આજે તો તમારે મોંએ જ કબૂલ કરાવવું છે કે તમે ખોટા પડ્યા.'

તેમના પતિ મારી સામે જોઈ મૂછમાં હસતા હતા.

'માની લો કે હું ખોટો પડ્યો.' સરસ જવાબ મળી ગયો.

'માની લેવું નથી. તમે કહો કે પસંદગી સરસ છે અને મને શોભે છે. તમારી નજર જ ચાડી ખાતી હતી કે તમે ખોટા પડ્યા છો.'

હું ખોટો નહોતો પડ્યો. ક્યારે ય નહોતાં લાગ્યાં તેવાં સાવ કઢંગાં અને કદરૂપ લાગતાં હતાં. હું કેમ કહું? ક્યા શબ્દોમાં કહું?

'બોલો, બોલો.' મારી મજાક ઉડાવતા હોય તેમ પત્નીની વહારે ધાતા પતિએ મને ઉશ્કેર્યો ને મેં કહી દીધું: 'આજે તો ખોટું નહિ જ બોલું. તમે જરા ય શોભતાં નથી. તમને એ કેમ સમજાતું નથી?'

પતિ-પત્નીનાં મોં પરથી તો નૂર ઊડી ગયું, પણ મારા મોં પર પણ મેશ ઢળી ગઈ. મને સમજતાં વાર ન લાગી કે મારા મિત્રોનો સદ્‌ભાવ હું ખોઈ બેઠો હતો.

હવે સાચું કહું? મારા જેવા પ્રતિષ્ઠિત, સભ્ય, શાણા અને વ્યવહારુ માણસને આપણા સમાજમાં આવા આદર્શો રાખવા પાલવે, ભલા?

મારા ઘરની અને મનની શાંતિ જોખમાઈ નહોતી.

અમારા પ્રમુખની નજરમાં હું બેજવાબદાર ઠર્યો નહોતો.

મારા હક્ક(?)ના બસ્સો રૂપિયા મેં ખોયા નહોતા.

ને ન મારી વ્હાલસોઈ બાને દુ:ખી કર્યાં હતાં કે ન તો મિત્રદંપતીનો સદ્‌ભાવ ખોયો હતો. માત્ર મારો અંતરાત્મા ઝંખવાયો હતો.

કડવી મીઠાશ

કારેલાનું એક પછી એક ફોડવું તેને લહેરથી મોંમાં મૂકતી જોઈ હું ચકિત થઈ ગયો. મેં તેને પૂછ્યું, 'કારેલાં તને કેમ ભાવે છે? કેવાં કડવાં! એ તે કેમ ખવાય?'

મીઠું હસીને એ બોલી, 'ગાંડા ભાઇ, કારેલાંની મીઠાશ એની કડવાશમાં જ છે.'

મારે માટે આ વાત નવી હતી. 'ભાવે ન ભાવે'ની ઘણી આંટીઘૂંટી મારા ભોજનમાં રહેતી. જરાક સહૃદયતાથી મેં કારેલાનું એક ફોડવું મોંમાં મૂકી જોયું, અને આશ્ચર્ય સાથે તેની કડવી મીઠાશ હું માણતો થઈ ગયો!

કારેલાની આ કડવી મીઠાશે મને ઘણાં બંધ બારણાં ખોલી આપ્યાં. અણગમતામાં ગમતું જોવાનું, અસુંદરનું સૌંદર્ય નીરખવાનું, કાળમીંઢની મૃદુતા માણવાનું અને એવું બીજું ઘણું યે.

શુક્લ પક્ષની સાતમ-આઠમ પછી હું રાત્રે ફરવા જવાનું શરૂ કરી દેતો. કૃષ્ણ પક્ષની ત્રીજ-ચોથથી એ કાર્યક્રમ હું ફેરવી નાખતો.

'પેલો ચિત્રા ને આ એની સામે સ્વાતિ— ચિત્રા સ્વાતિની જોડલી; ને પેલો મંગળ -સહેજ રતુમડો...' મારા એક મુરબ્બી પાસેથી આવું બધું શીખ્યો. હવે અંધારી રાત્રીઓમાં ફરવા જવાનું બંધ નથી થતું. 'આ શુક્ર. પેલા સપ્તર્ષિ-પહેલા બે તારાની બરાબર નીચે...' આમ હું કાળી ઘોર અંધારી રાત્રીનું સૌંદર્ય માણતો થઈ ગયો. પૂર્ણિમાની ચાંદની કરતાં અમાસની રાત્રે આકાશમાં ઊઘડેલાં પારિજાતનાં ફૂલ જેવા આ તારાઓનું સૌંદર્ય ઓછું છે એમ તો કેમ કહેવાય? એની સરખામણી ન હોય. આ કાજળકાળી રાત્રીમાં યે એનું આગવું સૌંદર્ય ભર્યુંભર્યું પડ્યું છે.

પૂર્વ દિશામાં સુંદર રંગો સાથે પ્રભાત ઊઘડ્યું. માતા-પિતા એ વેળા જુવાન હતાં. એમનો લાડકો પૂર્ણ સુખમાં ઉછરે એની કાળજી સૌ માબાપની જેમ તેઓ પણ લેતાં

માતા-પિતા વૃદ્ધ થયાં અને હું જુવાન થયો ત્યારે સંજોગોએ સખત તપવા માંડ્યું. એનો તાપ જિરવવો અસહ્ય થઈ પડ્યો. માત્ર એને સહન કરવામાં જ બધી શક્તિઓ ખરચાઈ જવા લાગી.

જ્યારે હું નીચું માથું કરી સૂનમૂન બેઠો હતો ત્યારે એ વડિલ બોલ્યા, 'ચિંતા ન કર ભાઈ! તાપ તો મધ્યાહ્ને જ લાગે.'

મારું માથું ઊંચું થયું. આંખના ખૂણા આનંદનાં આંસુથી ભીના થયા, અને મેં સંસારે ધોમધખતા તાપનું સૌંદર્ય નીરખ્યું.

દિવ્યકાન્ત ઓઝા

આત્મકથાનક-૧૩ જીવનપટનાં સ્મૃતિચિત્રો

લેખક-આલેખક · રવિશંકર રાવળ



કંઈ પણ સાધન કે આંકણી વગર એમણે હાથેથી જ સીધી લીટીઓ દોરી... અને ચોરસ કર્યો.

૫૩ ભાવનગરનું ઘર

પિતાશ્રીને ભાવનગર ડિવિઝનમાં ઇન્સ્પેક્ટર તરીકે રૂ. ૧૦૦ના કાયમી ગ્રેડમાં નિમણૂક મળી તે આખા ઘરને માટે અતિ હર્ષનો પ્રસંગ બન્યો. વર્ષોથી વતન બહાર રખડયા પછી એક સરકારી અમલદાર તરીકે પોતાના વતનમાં સ્વજનો અને સગાં-સંબંધીઓ વચ્ચે રહેવાનું થશે એ વિચારે મારાં બાના હરખનો પાર નહોતો. અમને બાળકોને પણ કાકા કાકી, ફોઈ, મોટાભાઇ-ભાભી ને બહોળા પરિવાર વચ્ચે દાદીમા સાથે રહેવાનું થશે તેની જિજ્ઞાસા હતી.

ભાવનગર આવતાં જ જાણી શકાયું કે દાદીમાને કાકીની સાથે ફાવતું નહોતું એટલે ભાડે આપેલું ઘર ખાલી કરાવી તે ત્યાં રહેતાં હતાં અને ખંચાળીનો વાડો પણ વાપરતાં હતાં. અમે મહેસાણા રહ્યાં તે દરમ્યાન ફઈબાનો ભાણો મોટો થઇ ગયો હતો અને કાકાના ફીકા સાથે ઊછરતો હતો, તેને પણ તેમણે પોતાની પાસે રાખી લીધો હતો. વધારામાં વળી તેમના એક કાકાની દીકરી બેનના દીકરાએ ભાલના ગામડામાંથી પોતાના પુત્ર ત્રિભુવનને અંગ્રેજી ભણવા મોકલી દીધો હતો. આ બંને છોકરાઓને દાદી પોતે જ સાચવતાં હતાં.

અમે ભાવનગર ગયાં કે તુરત કાકા સાથે બધાનો સમાસ અશક્ય લાગતાં બાએ દાદીમાનો ભાર ઉપાડી લઇ મોટા ભાઇ અને ભાભીને પણ એ જુદા ઘરમાં સમાવી લીધાં. એકાદ મહિનામાં તો એ જ ઘરનું જે અડધિયું ગીરો મુકાયું હતું તે પિતાજીએ છોડાવી લીધું અને વચ્ચેનાં પાટિયાંની પડદી કાઢી નાખી ઉપરની મેડી તથા નીચેની પરસાળ મોટી બનાવી. ઉપરની મેડી બાપુજીની બેઠક અને ઑફિસ બની; નીચેના એક ઓરડામાં મને, મોટાભાઇને અને ગ્રામબંધુને અભ્યાસ માટે જગ્યા મળી, તોપણ અંદર દાણાની કોઠીઓ બે મોટા પટારા ને પાગરણ-પાથરણના ડામચિયા ખડકેલા હતા. વળી એને બારી જ નહોતી. ઓસરીમાં પડતું બારણું બંધ થાય તો સાવ અંધારું બની રહેતું

અહીં મોટાભાઇએ એક જૂના ગોળ ટેબલ પર પોતાની છઠ્ઠી અંગ્રેજીની ચોપડીઓ રાખી હતી. તેમની માનીતી નાટચપ્રવૃત્તિ ચાલુ



અમને મેડીના દાદરા નીચે જગ્યા કાઢી આપી હતી

જ હતી તે બતાવતું, એક વધુ સજાવટ અને કૌશલથી બનાવેલું રમકડા-નાટચગૃહ બનાવ્યું હતું. વળી તેમાં રસ લેનારા બેચાર મિત્રોનું મંડળ પણ હતું. તેથી એમને ઠીક લાગે તો અમને પોતાના ઓરડામાં બેસવા દે; નહિ તો દફતરો રાખવાને તો અમને મેડીના દાદરા નીચેના એક જૂના પટારા પર જગ્યા કાઢી આપી હતી. ભણવા કે લખવા માટે ઓસરીમાં કે ઓટલા પર બેસવાનો પરવાનો ગજયો હતો.

હવે બાપુજીએ ઘરમાં આગળપાછળ થોડો સુધારો કરાવ્યો. વાડામાં જાળી પડાવી પાણિયારું કરાવ્યું; ઉપરના રસોડામાં પથ્થરો નંખાવી ચોકડી કરાવી; અને સૌથી મોટું કામ તો ડાબી બાજુની નવેળીની બહાર લાંબો ઓટલો હતો તેની ઉપર સંડાસ બંધાવ્યું તે. આ સગવડ થતાં દાદીમા અને ઘરનાં બૈરાં બહુ રાજી થયાં; અમે કદી ઉઘાડામાં જાજરૂ બેસવાનું શીખેલા નહિ તેમને પણ હાશ થઇ; પરંતુ આખા ફળીને ઈર્ષ્યા થઈ. તેમને તો પહેલાંની પેઠે ટાંકી અને કચરાની પેઠી પાસે ચોકીદારની નજર બહાર ફરતી હાજત પતાવવાનું જ રહ્યું.

પિતાજીની ડિસ્ટ્રિક્ટ બહુ મોટી હતી. દક્ષિણે મહુવા-જાફરાબાદથી પશ્ચિમે બાબરા, ઉત્તરે ગઢડા અને પૂર્વમાં ધંધુકા સુધીની પોસ્ટ ઑફિસોની તપાસ લેવા ફરવાનું હતું. એમાં મોટો ભાગ પગરસ્તાનો હતો. કોઇવાર તળાજા મહુવા તરફ જાય ત્યારે ગાડા-રસ્તાનો પ્રવાસ હોવાથી પાછા આવતાં મહિનો વીતી જાય. એવા વખતમાં ઘરની બધી વ્યવસ્થા બા કરી લેતાં અને જરૂરી ખરીદી કાકા કરી આપતા. અમને વારાફરતી શાક, દાતણ અને ગાંધીઆણા માટે કામ સોંપાતું. ઘરની કામગીરી બજાવવાના પ્રથમ પાઠ એ રીતે મળવા લાગ્યા.

૫૪ અંગ્રેજી નિશાળમાં

ભાવનગર પહોંચ્યા પછી જાણ્યું કે ત્યાંના નવા વર્ગો તો બે માસ પહેલાં શરૂ થઈ ગયા હતા. એટલે વધુ વખત ખોયા વગર મોટાભાઇએ મને ઍંગ્લો-વર્નાક્યુલર શાળામાં દાખલ કરાવી દીધો. ત્રિભુવન જેને મોટાઓ 'તિભો' કહેતા (અને અમે પરસ્પર રવિભાઈ અને તભાભાઈ કહેવાનું સ્વીકાર્યું હતું) તે પણ બીજીમાં હતો. નવા વાતાવરણમાં તેનો સાથ મને આશ્વાસન રૂપ બન્યો. મેં હજી બીજી ચોપડીનો એક વિષય શરૂ કર્યો નહોતો અને અહીં તો અંગ્રેજી, ગણિત, પાઠમાળા, ઇતિહાસ વગેરે ઠીકઠીક આગળ ચાલ્યું હતું. વળી અહીં પહેલી જ વાર જાણ્યું કે અઠવાડિયામાં એક વાર ડ્રૉઇંગનો એક ક્લાક આવે છે અને તે વખતે



અમારા શિક્ષકો

વર્ગશિક્ષકો લાયબ્રેરીમાં જઈ છાપાં વાંચે છે—કે ઝોકાં ખાય છે.

એ વખતના શિક્ષકોના પોશાક સાદા બજારુજન જેવા હતા. ભાગ્યે જ કોઈ બટનવાળો કોટ પહેરતા. કેટલાક તો શાળાઓ સ્થપાઈ તે દિવસના વૃદ્ધજનો જ હતા. માથે ધારી અને ચોટલી, અથવા સળગ મૂંડામાં માત્ર ચોટલી જ હોય. કોઇ ભાવનગરી પાઘડી પહેરતા, કોઇ દક્ષિણી ખોખું લગાવતા તો કોઇ આંટીવાળો ફેંટો વીંટતા. ખુદ હેડમાસ્તર શ્રી ઝવેરી (કૃષ્ણલાલ મો. ઝવેરીના મોટા ભાઈ)ને માથે અરધી ધારી હતી. તેઓ ભરૂચી પાઘડી પહેરતા. પાટલૂનવાળું તો કોઈ જ નહિ. એક મુસ્લિમ શિક્ષક હતા તે સ્વચ્છ સફેદ કેડિયું, આંટીવાળો ફેંટો ને સુરવાલ પહેરી આવતા ને સુઘડ કાપેલી દાઢી રાખતા. તેમનું મોં હમેશાં હસુંહસું રહેતું. રસ્તામા કોઇ પણ છોકરો તેમને અદાથી સલામ કર્યા વિના ન રહે એવા મમતાળુ તે હતા.

મારા વર્ગના માસ્તર મોહનલાલને પળિયાં આવી ગયાં હતાં. કેટલી યે પેઢીઓ તેમણે ભણાવી હશે; કારણ કે ઘણા મોટાઓને પણ તે માસ્તર યાદ હતા. છોકરાઓ ગમે તેટલી ગણગણ-ગરબડ કરતા હોય, પણ તે બારણામાં દેખાય કે તુરત ચૂપકીદીની ચાંપ પડે. અંદર આવીને તે પાઘડી કબાટમાં મૂકી સાચવી રાખેલી એક ટોપી કાઢી મૂંડા પરની ચોટલી તેમાં ગોઠવીને પહેરી લે; અને ચાંચ વાળેલા હાથાવાળી જૂની ખુરશી પર બેસી, ટેબલ ખોલી, હાજરીપત્રક કાઢીને નામો બોલે ત્યારે દરેક જણ પોતાનું નામ સાંભળી 'પ્રેઝંટ' બોલે તે માસ્તરની આંખ ચોકસાઈથી જોઇલે અને P લખે. જો કોઇ બોલવું ભૂલ્યો તો આવી બન્યું: 'એલા, કાને બહેરો છો? જા છેલ્લો બેસ!'

દરેક જણે ગઇ કાલે સાંજે પોતે જે નંબર પર આવ્યો હોય ત્યાં જ બેસવાનું હતું. બે વિદ્યાર્થીઓ માટે કહેવાતું કે એ બે તો પહેલો-બીજો નંબર છોડતા જ નથી. એ થોડું દાઝથી પણ બોલાતું. હું મહેસાણામાં પહેલા-બીજા નંબરનો ગર્વ લેતો, પણ અહીં તો આગલા પાઠ કાચા હતા તે પાકા કરી સૌની સાથે રહેવાનું પણ મુશ્કેલ લાગ્યું. અમારા તભાભાઈ પાંચમે છઠ્ઠે નંબરે પહોંચી ગયા હતા. પહેલો-બીજો નંબર રાખનારા કાશીરામ અને છગનલાલ તો અમારા સગા નીકળ્યા. તેમના પિતા મયાશંકર ત્રવાડીએ જનોઇ વખતે મને ખભે ચડાવી કાશીએ જતાં રોકયો હતો. તે દિવસથી એ મયારામ મામાને હું હેતથી યાદ કરતો. થોડા પગારવાળી દરબારી નોકરી તે કરતા, તેથી તેમના પુત્રોને ફીની માફી મળી હતી. એ બંને ભાઈઓ ગણિતમાં પાવરધા હતા, રજાને દિવસે હું અને તભાભાઈ એમને ત્યાં 'લેસન' પાકાં કરવા જતા. બાપુજીનો હોદ્દો, સ્થિતિ વગેરે આસપાસના સંબંધીઓમાં ઊંચાં હોવા ઉપરાંત ઊંચી કુળપરંપરાથી પણ ઘણાં કુટુંબો અમારા પ્રતિ ખૂબ આદર બતાવતા, તેમાં એ કુટુંબ પણ હતું. અકાળે પિતાની ખોટ પડતાં એ ભાઇઓ આગળ અભ્યાસ વધારી શકેલા નહિ, પણ પોતપોતાના જીવનક્ષેત્રે પ્રમાણમાં યશસ્વી બન્યા હતા.

૫૫ ડ્રૉઇંગ માસ્તર ભગવાનજી ભટ્ટ

અમારી શાળામાં ડ્રૉઇંગના વર્ગો શરૂ થયાનું એ પહેલું જ વર્ષ હતું એટલે કેળવણીમાં પહેલી ચોપડીથી છઠ્ઠી ચોપડી સુધી એક જ ડ્રૉઇંગ માસ્તર દરેક વર્ગમાં અઠવાડિયે એક કલાક પાઠ આપવા જતા. બધે પહોંચી ન શકવાથી બે ક્લાસ સાથે પણ લેતા. મને ચિત્રો માટે લગન તો હતી; પણ એમ તો ઘણા ય છોકરા ચિત્રવર્ગમાં આવતા અને તેમાંથી કેટલાંક નામ ઉપર બોલાતાં મને વિસ્મય થતું કે તેઓ ચિત્ર વિષે કશુંક ખાસ જાણતા કે કરી બતાવતા હશે. મારા ક્લાસમાં ચિત્રનો દિવસ આવ્યો ત્યારે શું કરવાનું હશે તેનું મને કુતૂહલ જાગ્યું.

ડ્રૉઇંગનો અવર (સમય) થતાં વર્ગશિક્ષક ચાલ્યા ગયા અને છોકરાઓ પોતપોતાના નંબરની જગ્યાઓ છોડી કાળા પાટિયા સામે જમીન પર મનફાવતી જગ્યાઓ લઈ બેસી ગયા.

ડ્રૉઇંગ માસ્તર આવ્યા: બેઠી બાંધણીના, ગોળ ચહેરાના, બેઠા ગોળ નાક ઉપર ચશ્માંમાંથી દેખાતી ઝીણીઝીણી આંખોવાળા, મોઢામાં પાન સાથે મોટા કપાળ પર કાળું દખણી ખોખું પહેરેલા, મુંબાઈશાહી બે ખિસ્સાંવાળો બનાતનો કોટ અને દખણી બ્રાહ્મણની ઢબે પહેરેલા ધોતિયામાં પૂનાશાહી લાલ સપાટ જોડા પટપટાવતા બે હાથ ઝુલાવતા આવ્યા. કેટલાક છોકરાઓને ડ્રૉઇંગનો સમય મઝા માણવાનો હતો. પરીક્ષા માટે તે વિષય નહોતો એટલે જેવાંતેવાં કાગળ-પેન્સિલ-રબ્બર લઈ બેસતા, પણ તેના માર્ક નંબર લેવામાં કામ લાગતા.

ચિત્રમાસ્તરે ગંભીરતાની મૉનિટરને હુકમ કર્યો. પેન્સિલ, ડ્રૉઇંગબુક ને રબ્બરની તપાસ શરૂ થઇ. ડ્રૉઇંગમાં હજુ બેચાર પાઠો જ થયા હતા. દરેક છોકરાને ડ્રૉઇંગ માટે 'એચ. બી જોન ફેબર, મેઇડ ઈન બૅવેરિયા'ની છાપવાળી પેન્સિલ, રબ્બર અને જાડા પા સાઈઝ ફૂલસ્કૅપ કાગળની નોટ ડ્રૉઇંગ માટે તે દિવસે લાવવાં પડતાં. ઘણા ભૂલી જતા કે ઘણા કોઇનું માગી લાવતા, એટલે આ કડકાઈ તો જરૂરની હતી. પછી તપાસમાં કોઇની પેન્સિલ ટચુકડી હોય તો કોઈની ઝાંખી હોય, તો કોઈ વળી કાંગળ છૂટા લાવ્યા હોય, તે બધાને મૉનિટર એક બાજુ ખડાં કરી દેતો. પહેલે દિવસે તો હું પણ એ ટોળીમાં ખડો થઇ ગયો. માસ્તરે ઝીણી આંખ કરી મારી સામે જોઈ કહ્યું, 'તું નવો લાગે છે. આજ માફ કરું છું. બીજી વાર નહિ લાવે તો બહાર કાઢીશ. બીજા બધા બહાર જાઓ.' ભોંઠો પડી હું બેઠો તો ખરો પણ ડ્રૉઇંગ કેમ થાય છે તે જોવાનું મળશે તેનું આશ્વાસન લીધું. માસ્તરે ખિસ્સામાંથી ચાકની લાકડી કાઢી. બીજા માસ્તરોને ચાકના ગાંગડાથી લખવું પડતું, પણ ડ્રૉઇંગ માસ્તર તો મુંબાઈથી શીખી આવેલા, એટલે પોતાની ચૉકસ્ટિક ખિસ્સામાં જ લાવતા. એ ચાક પણ મને તો નવાઈની ચીજ લાગી હતી.

હાથમાં ચૉકસ્ટિક પકડતી વેળા ટચલી આંગળી છૂટી મૂકી, બાજુની વીંટીવાળી આંગળી જરા નમાવીને તેમણે પાટિયા આડે ઊભા રહી લગભગ નવ ઇંચની એક બરોબર ઊભી લીટી કરી. કંઈ સાધન કે આંકણી વગર એમણે હાથેથી જ આમ સીધી લીટી કરી તે મારે મન એક અજાયબી નીવડી. પછી પાટિયાને બાંધેલા ઝ.પટિયા (ડસ્ટર) દોરી વડે એ લીટીનું માપ કાઢી ઉપર અને નીચેને છેડેથી આડી બાજુ બિંદુ મૂકયાં અને તે પ્રમાણે ઉપર-નીચે આડી લીટીઓ દોરી, અને તેના છેડા જોડતી ઊભી લીટી દોરી ચોરસ કર્યો. પછી છોકરાઓ તરફ ફરી, પોતે

૯ ('કુમાર' અંક ૪૬૯)

કર્યું તે પ્રમાણે તેમની નોટબુકમાં બને તેટલો મોટો ચોરસ કરવા કહ્યું.

છોકરાઓ ચપોચપ કામે લાગ્યા. લાંબી પેન્સિલો રાખવાની જરૂર સમજાઈ આ વખતે ઊભાં-આડાં માપ લેવાનું તે સાધન હતી. પેન્સિલને એક છેડેથી પકડી અણીવાળા ભાગથી માપ પ્રમાણેના અંતરે અંગૂઠાનો નખ રાખી, મળેલી લંબાઇ મુજબ કાગળ ઉપર બિંદુ મૂકવાની રીત તે દિવસે હું શીખ્યો. કામ પૂરું કરી છોકરાઓ ડ્રૉઈંગ માસ્તરના ટેબલની ચારે બાજુ ઘેરો વળતા. ડ્રૉઇંગ માસ્તર એક એક ડ્રૉઇંગ તપાસતા, છોકરાની સામે જોઇ જાતજાતની મજાક અને ટીકા કરતાંકરતાં સુધારતા. ચાલાક છોકરા આંકીને ડ્રૉઈંગ કરી લાવતા તે પકડી પાડતા. કોઇ તો માપની રીત પણ સમજતા નહિ અને નાનકડો ચોરસ કરી બતાવતા, ત્યારે માસ્તર કટાક્ષ કરી કહેતા કે 'કાગળમાં આ આટલી બધી ખાલી જગ્યા શું કામની છે? નાત જમાડવી છે?' અને પછી ચોરસના તળિયાની લીટી દોરી આપતા.

મેં પણ એક માગેલા કાગળ પર ચોરસ તો કર્યો હતો—પાનામાં સમાય એટલો મોટો કર્યો હતો, પણ રબ્બરથી સાફ કર્યા વિનાની ખચકા મારીને લીટીઓ કરેલી. તે જોઈ માસ્તર ઉગ્ર થઈ ગયા: 'રબ્બર શું બાકી ખાવાનું છે? આમ લાઇન કરાય?' એમ કહી એક લાઇન પર રબ્બર મારી, ધીરે હાથે એકસરખી જાડી ઊભી લીટી કરી બતાવી. મેં મનમાં ગાંઠ વાળી કે હવે એવી જ લાઈન બતાવીશ. અને ખરેખર તે પછી કોઇ દિવસ એ ટીકા મેં સાંભળી નહોતી. માસ્તરે આમ ને આમ ચોરસ, લંબચોરસ, ત્રિકોણ અને ગોળ જેવી આકૃતિઓ કરાવીને ત્રિકોણની બાજુઓ પર કમાનદાર લીટીઓ સુધી લઈ ગયા. દરમિયાન કંઈક છોકરા કંટાળવા લાગ્યા ત્યારે એક પાંદડું અને તેની નસો ચીતરાવી. પછી બેત્રણ પાન સાથે કરાવ્યાં.

એવામાં મને ખબર પડી કે મારા મોટા ભાઇ સાથે ભણતા એક ગુલાબરાય પારેખ માસ્તરના બહુ માનીતા વિદ્યાર્થી છે અને સવારે પણ તે માસ્તરને ઘેર જાય-આવે છે. ગુલાબરાય આમ તો અમારા પાડોશીના સંબંધી હતા, એટલે હું તેને મળ્યો અને તેને ઘેર ગયો ત્યારે જાણવા મળ્યું કે તે સાકરના વેપારીને ત્યાંની વિલાયતી ચોપાનિયાંની પસ્તીમાંથી મોટા ચહેરાવાળી છાપો લઈ આવે છે અને તેની ઉપર ચોરસ ખાનાં પાડી નકલ કરે છે. તેણે મને પ્રેમથી ખાનાં પાડવાની રીત શીખવી. આથી સારાં ચિત્રોની શોધ કરવાની વૃત્તિ મારામાં જાગી, પણ હાથની આલેખનશક્તિ બંધિયાર થઈ.

૫૬ ચિત્રશિક્ષણ

માસ્તરે હવે ફ્રી હૅન્ડ ડ્રૉઇંગની વાત ચલાવી. તે માટે તેમણે એક ખાસ વર્ગ શરૂ કરવાની જાહેરાત કરી. તેની ચૂંટણી માટે તેમણે બધાની ડ્રૉઇંગ બુકો મંગાવી. તે હમેશાં ડ્રૉઇંગ તપાસીને તેના પર પોતાના નામ (ભગવાનજી)નો પહેલો અક્ષર B કરી, ૨૫ માંથી ૧૦, ૧૯ ને ૨૩ સુધી માર્ક આપતા. વીસ ઉપર જેમણે કાયમ માર્ક લીધા હોય તેમને એ ખાસ વર્ગમાં લેવા એવું ધોરણ બાંધી, તેમણે પહેલા ધોરણથી સાતમા ધોરણ સુધીના વિદ્યાર્થીઓની ડ્રૉઇંગબુકો તપાસી. તેમાંથી કુલ ૪૦ વિદ્યાર્થીઓ ૨૦ ઉપર માર્ક લેનારા નીકળ્યા. સદ્‌ભાગ્યે હું પણ તેમાં આવી ગયો. એ ચૂંટાએલા વિદ્યાર્થીઓને ચાલુ કલાસમાં જુદું કામ કરવાનું સોંપાયું, અને મારા ચાલુ વર્ગમાં મારું માન વધ્યું. પણ બીજા વિષયોમાં હું આગળપડતો બની શક્યો નહિ.

હવે પસંદગી પામેલા ચાળીસ વિદ્યાર્થીઓ માટે ડ્રૉઈંગ માસ્તરે હાઈસ્કૂલના કોર્ટ તરફના ખંડમાં રવિવારનો ખાસ વર્ગ શરૂ કર્યો. તેના પહેલા રવિવારે ત્યાં હાજર થયો ત્યારે જોયું કે મૅટ્રિકના ઊંચા મૂછાળા વિદ્યાર્થીઓ, પારસીઓ ને મુસ્લિમોની સાથે ૪૦ની સંખ્યામાં હું સૌથી નાનો અને બટુકડો દેખાતો હતો. મને તેનો ખૂબ જ ક્ષોભ થતો; પણ મને આશ્વાસન રૂપ એક બીજા વિદ્યાર્થી શાંતિશંકર ભવાનીશંકર ભટ્ટ સૌમ્ય અને સંસ્કારી દેખાવના મારા જેવા બટુક કદના હતા તેની મૈત્રી થઈ. કોને ખબર હતી કે એ ૪૦ની સંખ્યા ખોટી બની ને હું એકલો જ ચિત્રકલાનો ધજાગરો છેવટ સુધી પકડી રાખીશ?

આ વર્ગમાં શું શું શીખવાશે તેનું લાંબુંલચક ભાષણ માસ્તરે કર્યું. તેમાં મેં પહેલવહેલા ફ્રી હૅન્ડ, જ્યોમેટ્રી, ડિઝાઈન, ડ્રૉઈંગબોર્ડ, કંપાસબૉક્સ, ટી સ્કવેર, સેટસ્કવેર, વગેરે શબ્દો સાંભળ્યા. રંગો પણ આવશે, પીંછીઓ લેવી પડશે, પિનો, ડ્રૉઈંગપેપરો વગેરે મુંબાઇથી મંગાવવાં પડશે એમ કહ્યું, અને તે બધું મોકલનાર જે. બી. નવલખીનું નામ ત્યાં પહેલીવાર સાંભળ્યું. બધાને લિસ્ટ લખાવ્યું અને સામટો ઑર્ડર આપવા છસાત રૂપિયા જેવી રકમ બીજા રવિવારે લાવવા કહ્યું. એ બધું આવે ત્યાં સુધી મોડેલ ડ્રૉઈંગ તથા ફ્રી હૅન્ડ ડ્રૉઈંગ શીખવવાનું ઠરાવ્યું. એ દિવસે કંઈ જ કામ ન થયું, પણ હું ઉપરના ધોરણના મોટા વિદ્યાર્થીઓ જોવા-ઓળખવા પામ્યો. કેટલાકને મારા જેવા નીચલા ધોરણના છોકરાઓ સાથે બેસવું પડ્યું તેનો ઉપહાસ થતો સાંભળ્યો.

હું અને તભાભાઇ બીજી ચોપડીમાં સાથે પાસ થઈ ગયા અને અંગ્રેજીમાં અમે પ્રાણજીવન માસ્તરના વર્ગમાં ગયા. એ ગુરુ અમારા સંબંધી-સમુદાયના હતા અને અમારા ઘરનાં માણસોને ઓળખતા. ન્યાતનાં જમણોમાં પણ મળતા. પાકા સ્વામીનારાયણધર્મી હતા અને સ્વભાવે પોશાકે તથા દેખાવે સંપ્રદાયની કડક નીતિરીતિના પાલક હતા. ગાંઠ જેવા બેઠા ઘાટના. માથે મોટી ભાવનગરી પાઘડી પહેરે, પણ તેથી બુદ્ધિ ઢંકાઈ જતી લાગે. જાડું અંગરખું, જાડામાં જાડું ધોતિયું ને બે વર્ષે પણ ન ઘસાય એવાં તળિયાંવાળા તેલ પાએલા ગામડી જોડા પહેરતા. વહેલા ઘરભંગ થએલા અને છોકરા હજુ ભણતા હતા, એટલે ઘરમાં સૌ રાંધવું-ધોવું વગેરે કામ હાથે જ કરી લેતા. અમે તેમની પાસેથી શું ભણ્યા કે ભણતા તેની કોઈ છાપ રહી નથી, પણ એ તભાભાઈના ગામના વતની એટલે સ્વભાવ વિષે તે ખૂબ જ ટોળ કરતા.

૫૭ તભાભાઇ

મહેસાણાથી આવ્યો ત્યારે તભાભાઇ કોઇ જુદી જ દુનિયાનું પાત્ર લાગ્યા હતા. એક વર્ષ અગાઉથી તે આવેલા એટલે ડહેલાના છોકરાઓમાં તે ફરી વળ્યા હતા. એમનો પગ ઘરમાં ટકતો જ નહિ. ઘરમાંથી જેવી કાંઈક છૂટ મળે તેવા જ તે નીકળીને ડહેલાના કોઈ ખૂણે અડ્ડો જમાવી ભાઇબંધોમાં જાતજાતના ગપાટા હાંકતા બેઠા હોય. આથી હું આવ્યો ત્યારે હું તો એમનાં બહારનાં જ્ઞાન અને અનુભવ આગળ ગભરૂ અને ભોટ ગણાયો. બહારના દોસ્તો આગળ એમણે મારા પર મુરબ્બીવટ સ્થાપી. શેરીના કેટલાક નામીચા છોકરાઓની ટોળીમાં તેણે સરદારી સ્થાપી દીધી હતી. પિતાના લાડકા પુત્ર હોઈ જનમથી રખડપટ્ટીની ટેવ હશે, એટલે તેને ચારે કોરની ખબર મેળવવાની આદત પડી હતી. ડેલામાં કોણ કેવા છે એ તે જાણે, એકેએક છોકરાને તેના નામથી બોલાવી શકતા: જમુડિયો બાડો, ખારાકૂવાવાળો શામળિયો, જમનો કે ભોગિયો વગેરે. મોટા વકીલ કે પારેખ કે દેસાઈના છોકરાને પણ તોછડા નામે જ તે બોલાવતા. પણ જેવો મને તેના ભાઈ તરીકે તેની ટોળીમાં પ્રવેશ મળ્યો અને તેનાં પરાક્રમો હું જાણવા લાગ્યો તેમતેમ મને લાગ્યું કે હું જે સ્વચ્છ ને જિજ્ઞાસાપૂર્ણ મુક્ત વાતાવરણમાં ઊછર્યો હતો તેના કરતા સાવ નિરાળું, વિકૃત અને

વિષમતાઓભર્યું બંધિયાર જીવન મારી આસપાસ ગણગણી રહ્યું હતું.

તમાભાઇ માટે દાદીમાને ભારે પક્ષપાત હતો, કારણ કે એ તેમની બેનના દીકરાનો દીકરો હતો. ઘરનાં બૈરાં કોઈ તેને કંઇ કહી શકતાં નહિ. ફક્ત કાકા કોઇવાર તેને ડેલાના રખડુ છોકરાઓ જોડે જોઈ જાય ત્યારે ધમધમાવે. પણ પછી તો તેણે ઘણી બાબતો છાની રહે તેની સાવચેતી રાખવા માંડી; અને હું જ્યારે તેનો ચોવીસ કલાકનો સાથી બનીને આવ્યો ત્યારે તેને થોડી ચિંતા પણ થઈ હશે. ઘણીવાર હું તેમની વિચિત્ર વર્તણૂંકથી કંટાળતો કે થાકતો, પણ તે બધા મને સમજાવી રાજી રાખી તેમનામાં ભેળવી દેતા. કેટલાક છોકરા જે માબાપના લાડકા હતા તે ઘરમાંથી પૈસા લાવતા અને તેમાંથી બચાર મિત્રોની સાથે ગુજરીમાં જઇ પ્રેમોદી કે બીજું કંઇ ખાવાનું લઈ તળાવની પાળે ગપાટા મારતા બેસતા. તેમાં ભાવનગરની પ્રજા, પોલીસો, ફોજદાર, ગુંડા કે ડેલાની સ્ત્રીઓની વાતો પણ આવતી. ઘણીવાર તેમની ગલીચ ટીકાઓથી હું ગૂંગળાતો. રોજ નજરે પડતી ડેલાની સ્ત્રીઓમાંની એટલી બધી રખડેલ કે વંઠેલ હશે એવું હું માની શકતો નહિ.

૫૮ ડેલાનું વાતાવરણ

આવી વાતો મનને મેલું બનાવે છે તે હું સમજતો, પણ મારી વયના, જરા નાના કે મોટા ડેલાના તમામ છોકરાઓને એ તો સામાન્ય ચર્ચા લાગતી. એનું કારણ ડેલાનાં પુખ્ત નરનારીઓમાં કોઈ સંસ્કારી ઉચ્ચ શિક્ષણ પામેલું કે ઉચ્ચ કોટિના સમાજ સાથે સંબંધ ધરાવતું નજરે પડતું નહિ. અપવાદરૂપ એકલા ભીખાભાઇ માસ્તર હતા. તેમણે વાતાવરણ સુધારવા ડેલાને નાકે રાત્રિશાળા સ્થાપી હતી, લાયબ્રેરી કરી હતી અને નવરાત્રના ઉત્સવોમાં તે ગરબી, દાંડિયારાસ, કથાઓનાં પ્રવચનો વગેરે ગોઠવતા. છતાં નિરક્ષર સમાજ, ધર્મઘેલા વૃદ્ધો ને અણપલોટ યુવાનોમાં નિંદાઓ, વઢવાડો તેમજ મત્સરના પ્રસંગો રોજબરોજના હતા. માત્ર પારેખ કુટુંબોમાં વૈષ્ણવ સંપ્રદાયની ભક્તિ અને રીતભાતની તેજસ્વિતા દેખાતાં અને તેમાંના મથુરદાસ વગેરે યુવાનો જુદી ભાત પાડતા. પણ તેઓ અમારાથી આઘેરા ખાંચામાં રહેતા.

મારાં બાના આગમને અમારા ફળીમાં ચમત્કાર સર્જ્યો. પડોશીઓ કરતાં અમારી સ્થિતિ હવે ઊંચી આવી હતી એટલે દાદીમાની હેડીનાં ડોશીઓ તેમને ભલે ઊજમ વહુ કહેતાં પણ બધી તરુણીઓ તો તેમને ઊજમબા કહેતી થઇ. તેમની પાસે તેમણે કદી મોટાઈ દેખાડી નહિ. ડોશીમાને મોટાઈની ટીકા કરવાની મળે નહિ તે માટે તે ઘણીવાર કાકી અને ભાભીને સાથે રાખી ઘોઘાને દરવાજેથી મીઠા પાણીનાં બેડાં લઈ આવતાં અને ભાભીને ઘરકામ ઉકેલવામાં હાથ દેતાં, છતાં પડોશીની ઘણીક બાઇઓને પાણીનાં બેડાં અને દળણાં આપી ઉપકાર કરતાં. રાત્રે ઓટલા પર સૌને ભેગાં કરી ગીતો અને ભજનો ગવડાવતાં. ઘણાંએ રોજ બબ્બે કડીઓ તેમની પાસેથી ગોખીને હરતાં ફરતાં ભાગવતના કૃષ્ણલીલાના પ્રસંગો ગાવા માંડ્યા હતા.

પિતાશ્રીના લાંબા ડિસ્ટ્રિક્ટ પ્રવાસોથી ઘરમાં તેમની હાજરી બહુ જ ઓછી રહેતી અને તેમાં યે ઘર આગળ તેમના કામનું અને મુલાકાતોનું રોકાણ ખૂબ રહેતું. પણ તેમની તથા કાકાની રહેણી તેમજ વ્યવહાર ઉપર અમારી નજર રહેતી અને અમારે માટે તે ધ્રુવ આદર્શ હતી. કાકાની રોજની સંધ્યાપૂજા હું જોતો. દાદીમા સ્વામીનારાયણ ભગવાનની પૂજા પાથરી નિયમિત કીર્તનમાળા કરતાં. બાને આવો કોઈ નિયમ નહોતો પણ કોઇકોઇ વાર હવેલી કે નીલકંઠ મહાદેવનાં દર્શને જતાં. હું સવારસાંજ સંધ્યાપૂજા કરતો. મોટા ભાઇએ વચ્ચે કંઇક ગફલતી ચલાવી હશે, પણ બાપુજી સાથે ફરી રહેવાનું આવ્યું એટલે ત્રણ અર્ધ્ય આપવાનું શરૂ કર્યું હતું. તમાભાઈને પણ મનેકમને કપાળ પર ભસ્મ કરવી પડતી હતી. નાહ્યાધોયા વગર કોઈ જમવા બેસતું નહિ. નાના ભાઇ કે બેન માટે, અને ભૂખ લાગે તો અમારે માટે દૂધ તથા બચાર ભાખરી ઘીતેલની પેટીમાં રાખી હોય તે સિવાય મોટાંઓ તો કોઇ નિયમ ચૂકતાં નહિ.

ડેલાના વાતાવરણમાં મોટાભાઈને પણ રસ નહોતો એ હું સમજ્યો હતો. નાની ઉમરે પરણેલા અને શરીરનું કાઠું જામેલું નહિ એટલે ઘણા તેમની ઠીઠોરી કરતા એ તેમને કે ઘરનાને ગમતું નહિ. અભ્યાસમાં પણ તેમને મજા નહોતી. પણ નાટક વિષેનો તેમનો નાદ અજબ હતો. નાની નાટકશાળાની રમત તેમણે છોડી દીધી હતી, ગાયનો અને સંવાદોમાં તેમને રસ પડ્યો હતો અને મોઢ લાયબ્રેરીમાંથી વાર્તાઓ અને નાટકોની ચોપડીઓ લાવવા માંડ્યા હતા. તે વખતે સાક્ષરી ગ્રંથો માટે સામાન્ય વાચકને જરા યે આકર્ષણ નહોતું. તેમના ખાસ એકબે મિત્રો ઘેર આવતા, તેમાંના એક વિખ્યાત નાટ્યકાર ને મોરબી નાટકકંપનીવાળા વાઘજી આશારામના સંબંધી હતા. તેમને ખૂબ નાટકો જોવા મળતાં હોવાથી એ કંપનીનાં નાટકોનાં કેટલાં યે ગીતો તે સુંદર રીતે ગાઈ શકતા. મોટાભાઈની મારા પર પ્રીતિ હતી અને ભાભી તથા તેમની વચ્ચે હું એક સુલેહદૂત જેવો હતો, એટલે મને ઘણીવાર સાથે રાખતા હોવાથી હું તેમના શોખની થોડી વાનગી પામતો. નાનીબેન અને નાનોભાઈ હજુ અણસમજુમાં ગણાતાં, પણ બંનેની નિશાળો બરોબર ચાલુ થઈ ગઈ હતી. હું ડ્રોઇંગમાં આગળ આવ્યો તે જાણી મોટા ભાઈ ઘણા રાજી થયા અને પોતાની પાસે એક જાપાની રંગપેટી અને પીંછી હતાં તે મને આપી દીધાં. જોકે એ રંગોની મેળવણી અને પીંછી વાપરતાં મને હજી આવડતાં નહોતાં. (ચાલુ)

અનુસંધાન] **કૉફી અને કોકો** [પૃષ્ઠ ૧૭થી

૫૬ રતલ કૉફીની ભેટ આપતાં તે પહોંચે ત્યાં સુધી દર માસે તેમની મૃત્યુતિથિએ પીવાનું સૂચવી વસિયતનામામાં લખ્યું કે 'આ છે આનંદ અને ચાતુર્યનું સાધન.'

કોકો

ચા અને કૉફી કરતાં ઓછું જાણીતું પણ હમણાં લોકાદર પામેલું ત્રીજું પીણું કોકો છે. કોકોનું માદર વતન મૅક્સિકો છે. સ્પેનના વહાણવટીઓ તેને સોળમી સદીમાં યુરોપમાં લાવ્યા હતા, ઇંગ્લંડ સિવાયના યુરોપમાં અને અમેરિકામાં કોકો વિશેષ પીવાય છે.

કોકો છોડના ફળના બિયાંમાંથી કોકો બનાવાય છે. બિયાંને શેકતાં તેનાં છાતરાં ઢીલાં પડવાથી તે દળવા લાયક બને છે.


કોકોમાં ત્રીસ ટકા ચરબી ને આઠ ટકા સ્ટાર્ચ છે. તાંબુ, મૅન્ગેનિઝ ને લોહનું સારું પ્રમાણ છે. એકથી બે કે વધારે ટકા થિયોબ્રોમાઈન નામે કેફિનને ગાઢ રીતે મળતું દ્રવ્ય છે. કોકોમાં ચા કે કૉફીના જેવા રૂપમાં ટેનિન નથી પણ તે તેના લાલરંગી રંગ જોડે જોડાએલું ગનાય છે.

કોકોની સંરચનાથી એનું આહારમૂલ્ય ન અંકાય. આ મેળવવા તો તે વધારે પ્રમાણમાં પીવું જોઈએ. ચા અને કૉફી કરતાં કોકોની જ્ઞાનતંત્ર ઉપર અસર ઓછી છે. કોકોમાંથી બનાવાતી ચૉકલેટમાં કોકોબિયાં, કોકો બટર, ખાંડ ને વેનિલા છે. જે પીવાના કામમાં આવે છે અને એમાંથી ખાવાની મિલ્ક ચૉકલેટ બનાવાય છે. ચૉકલેટનો ભૂકો માલ્ટ, દૂધ અને ઈંડાંનું મિશ્રણ કરીને દૂધમાં ઓગાળીને પીવાના જાણીતા બૉર્નવિટા અને ઑવલ્ટાઈન તૈયાર થાય છે. જેને પાચન અને જ્ઞાનતંત્ર ઉપર ચા અને કૉફીની માઠી અસરો વરતાતી હોય તેમના માટે આ ઉપયોગી અવેજી છે.

અવિસ્મરણીય વ્યક્તિઓની સત્યકથામાળા · ૮

ઝંડુ ભટ્ટના પિતા

લેખક
મુકુન્દરાય
પારાશર્ય



ભગવાનલાલ ઇન્દ્રજી



બાવાભાઈ અચળજી

સૌરાષ્ટ્રમાં વાયવ્ય તથા ઉત્તર દિશાએ આવેલા ૩,૭૯૧ ચોરસ માઈલના વિસ્તારના જામનગર રાજ્યમાં વિ. સં. ૧૮૭૬માં રાજા જામ રણમલ (વિ. સં. ૧૮૫૯ થી ૧૯૦૮) ગાદીએ આવ્યા. જામશ્રી જશાજીના રાજ્યઅમલ (વિ. સં. ૧૮૨૪ થી ૧૮૭૦) દરમિયાન તેમનાં રાણી શ્રી દીપાંબાઈના વેલડાં સાથે આવેલો ખવાસ મે'રામણ "પરાક્રમમાં પૂરો પણ વફાદારીમાં ઊણો" હતો. એ મેરુ ખવાસે રાજસત્તાના લોભમાં તણાઈ ભોળા અને નરમ સ્વભાવના જશાજીને કેદ કરેલા અને પોતે જામનગરનો ધણી થઈ પડેલો. જેના ગોલા તરીકે પોતે આવેલો તે રાજરાણી દીપાંબાઈનું પણ ખૂન કરાવી તેની લાશ રસ્તા પરના ઊકરડા પર રઝળતી નંખાવી રાખી હતી. અંતે રાજ્યના ભાયાતોમાંથી રણમલજી દત્તક લેવાએલા ને ગાદીએ આવેલા.

એ જામ રણમલ ઘણા નીડર અને ઉગ્ર હતા. રાજ્યને નિષ્કંટક કરવાની તેમની ઉમેદ હતી. સત્તર વર્ષની ઉંમરે ગાદીએ આવવા સાથે જ તેમણે 'બીજા મેરુ ખવાસ'ના નામે પ્રસિદ્ધ થવા માગનાર જમાદાર ફકીરમહંમદને રાજ્યમાંથી હદપાર કરી કાઢી મૂક્યો.

આ જામ રણમલને આઠ રાણીઓ હતી. પોતે જેવા વિલાસી હતા તેવા જ શિકારના શોખીન હતા. સિંહ, વાઘ, દીપડા વગેરે હિંસક પ્રાણીના શિકારનો તેમને ભારે શોખ હતો. કહેવાય છે કે એ શિકારે જાય ત્યારે ઝનાનો પણ સાથે હોય.

એક વખત ઉનાળામાં જામ રણમલજી શિકારપાર્ટી લઈ કોઇ ગામને પાદર તંબૂ તાણી પડયા હતા, એવામાં એક રાત્રે રસાલામાંથી કોઈને સખત ઝાડાઊલટી થઇ પડયાં, અને મરે તો એ જ મરે એવી દશા આવી પડી. જામ સાહેબ સાથે હતા તેમાંથી ઉપાય કર્યા પણ ન ફાવ્યા. અંતે ગામના મુખી પટેલે કહ્યું: 'અમારા ગામમાં એક ભટ્ટ કથા કરે છે, તેની નજર દવામાં બહુ પહોંચે છે; કહો તો બોલાવું.'

જામ સાહેબે હા કહીને મુખી ગામમાં જઈ કથાભટ્ટને તેડી લાવ્યા. એક ધોતિયું પહેરેલું, બીજું શરીરે ઓઢેલું ને માથે પાઘડી, એવા એ કથાભટ્ટે આવી દરદીની તબિયત જોઇ, એક ચોકીદારને મશાલ સાથે લઈ જઈ નદીને પાદરેથી કોઇ ઝાડની છાલ કે મૂળ લાવી ઘસીને દરદીને પાયાં, ને પોતે દરદીની સામે બેઠા. કહ્યું: 'ઠીક થયે હું જઇશ.'

દરદીને ઠીક થવા લાગ્યું. એવામાં ઓચિંતા એ તંબૂની ઓઝલમાંથી કોઇએ ઉધરસ ખાધી. એ ઉધરસ સાંભળીને જ તરત વૈદ્ય કથાભટ્ટે કહ્યું: 'જેણે આ ઉધરસ ખાધી તે બાઈ આજ રાતમાં જણશે.' 'રે'વા દો ભટ્ટ! કરતા હો તે કરો.' જામ સાહેબે કહ્યું: 'સાત મહિને તે સુવાવડ આવે? વળી સુવાવડનાં કોઇ ચિહ્ન પણ નથી.'

'હુકમ થયો એટલે નહિ બોલું' વૈદ્યે કહ્યું. 'મને તો થયું કે તમે જો જાણતા હો તો કંઈક તૈયારી રખાય; એટલા માટે જ બોલ્યો હતો.'

'સારું.' જામ સાહેબે કહ્યું; અને દરદીને ઠીક થતું જતું હતું તેથી વૈદ્યને રજા આપતાં કહ્યું, 'તમને શું આપવું?'

'દયા.' વૈદ્યે કહ્યું, 'મારું ગુજરાન કથાવાર્તાથી ચાલે છે. કુલપરંપરાથી વૈદું જાણું છું પણ એ ધર્માર્થે કરું છું, આજીવિકાર્થે નહિ' ને વૈદ્ય ગયા.

પણ એ વૈદ્ય ગયા ને ત્રણ કલાકમાં જ મુખી પટેલ ફરી તેને બોલાવવા ગયો. પેલી બાઇને વધુ વેણ વગર સુખપ્રસવ થઈ ગયો હતો!

જામ સાહેબે પૂછયું: 'ભટ્ટ તમે કયાંના? કોણ છો? આ વૈદું કોની પાસેથી શીખ્યા?' ભટ્ટે કહ્યું: 'હું જામનગરની રૈયત છું. ભટ્ટની ખડકીમાં રહું છું અને રણછોડ ભટ્ટના દીકરાનો દીકરો છું. વૈદું અમારા ઘરનું છે. મારું નામ વિઠ્ઠલજી.'

જામ સાહેબ જાણતા હતા કે રણછોડજી ભટ્ટ ઘણા સમર્થ પૌરાણિક કથાકાર ને વૈદ્ય હતા. એ રણછોડજીએ પુત્ર કરશનજીને કથા તથા વૈદું ભણાવેલાં. પણ અચાનક કરશનજી પાંચ બાળકોને મૂકી અવસાન પામી ગયા. વૃદ્ધ રણછોડજી ભટ્ટ એ બાળકોને ઉછેરતા હતા, ત્યાં બાળકો ધંધે ચડે તે પહેલાં જ રણછોડજી ભટ્ટે પણ કૈલાસવાસ કર્યો. એ રણછોડજી ભટ્ટની નામના ઘણાં રાજ્યોમાં હતી. વિઠ્ઠલ ભટ્ટ તેનો જ પૌત્ર છે જાણી જામસાહેબે કહ્યું: 'તમને આજથી રાજ્યના વૈદ્ય તરીકે માસિક ૨૫ કોરીથી નોકરીએ રાખવામાં આવે છે.'

વિઠ્ઠલજી ભટ્ટે કહ્યું: 'બાપુ, મારે નોકરી નથી કરવી, હું વૈદ્ય નથી.'


'વૈદ્ય નથી એ તો જોયું. શા માટે નોકરી નથી કરવી.'

'એટલા માટે કે મારે કથા વાંચવાનો ધંધો. હું આજ નગર હોઉં તો કાલ પોરબંદર, પરમ દી' મોરબી તો ઓલે દી' જૂનેગઢ. કથા કર્યા વગર મારાથી હાલે નહિ, ને તેથી રાજની બંધણી મને પોસાય નહિ.'

'તમારે જ્યારે ને જ્યાં જવું હોય ત્યારે ત્યાં જવાની છૂટ છે. મારે તો તમને 'મારા છો' એમ કરીને બાંધવા માટે નોકરીએ રાખવા છે. તમારા જેવા વૈદ્ય મારા રાજમાં છે તેની રાજને ખબર છે એમ લાગવા દો.'

ને તે દિવસથી વિઠ્ઠલજી ભટ્ટ જામ રણમલની વૈદ્ય તરીકેની નોકરીમાં રહ્યા. ને ત્યારથી તેમણે વૈદાંમાં વધુ ધ્યાન આપ્યું.

વિઠ્ઠલજી ભટ્ટ વિદ્યાવ્યાસંગી હતા. માતાપિતા અને દાદાદાદીને બાળપણમાં ગુમાવ્યાં હતાં, ને પછી તરત મોટાભાઇને ગુમાવ્યા હતા, એટલે પોતે પૂરી વિદ્યા સંપાદન કરે તે પહેલાં જ કુટુંબનો બોજો માથે આવી પડેલો. ફક્ત એક જ માસ પોતાના દાદાના પિત્રાઇ ભાઇ ગંગલજી ભટ્ટ પાસે શ્રીમદ્ ભાગવત સાંભળીને એમણે શ્રીમદ્ ભાગવતસપ્તાહ જાતે વાંચી; ને પછી તો સારી પ્રતિષ્ઠા જમાવી. જામનગર ત્યારે 'છોટીકાશી' ગણાતું અને દેશભરમાંથી દ્વારકાની યાત્રાએ આવનાર મોટા ભાગના સાધુસંતો જામનગરમાં રોકાતા. તેઓની સેવા કરી વિઠ્ઠલજી ભટ્ટે ઘણી વિદ્યાઓમાં સિદ્ધિ મેળવી હતી. દ્રવિડ દેશના રામાનુજી પ્રખ્યાત તાતાચાર્યને ચાતુર્માસ રોકી ન્યાયનો અભ્યાસ પણ કરી લીધો.



લાખોટા કોઠો · જામનગર

વિઠ્ઠલજી ભટ્ટને વિદ્યાદાનનો પણ ભારે શોખ હતો. અનેક વિદ્યાર્થીઓને પોતાને ત્યાં પોતાને ખર્ચે રાખીને ભણાવતા. તેમાં જૂનાગઢના ભટ્ટ ઋગ્નાથ ઈન્દ્રજી (ઊર્ફે કથાભટ્ટ), જેમણે એ જમાનામાં પ્રમાણભૂત કહેવાય તેવો ગ્રંથ વનસ્પતિ પર લખેલો તે, તથા તેના નાના ભાઈ ભટ્ટ ભગવાનલાલ ઈન્દ્રજી, જેમણે પુરાતત્ત્વમાં સંશોધન કરીને અપૂર્વ નામના મેળવી, એ બન્ને ભાઈઓ આ વિઠ્ઠલ ભટ્ટ પાસે જ વૈદું, વનસ્પતિજ્ઞાન તથા સારસ્વત વ્યાકરણ શીખેલા. મુંબાઈમાં ખ્યાત વિજયશંકર (બાવાભાઈ) અચળજીએ પણ વિઠ્ઠલ ભટ્ટજી પાસે જ વૈદાં ને રસતંત્રનો અભ્યાસ કરેલો. અને જામનગરના પ્રસિદ્ધ શાસ્ત્રી કેશવજી મોરારજી પણ વિઠ્ઠલ ભટ્ટ પાસે જ શ્રીમદ્ ભાગવત તથા માઘકાવ્ય શીખેલા. વિઠ્ઠલ ભટ્ટજીના પાંચ પુત્રો—કરુણાશંકર (ઊર્ફે ઝંડુ ભટ્ટજી), મણિશંકર, જટાશંકર, પોપટભાઈ તથા વિશ્વનાથ, એ બધા પણ પિતા પાસે જ વૈદાંનો અભ્યાસ કરી વૈદ્ય તરીકે ચોમેર નામના કમાયા હતા.

વિઠ્ઠલ ભટ્ટજી દરદી પાસેથી પૈસા લેતા નહિ અને કિંમતી દ્રવ્ય આપવામાં સંકોચ રાખતા નહિ. ભસ્મો અને રસાયનોનો તે છૂટથી ઉપયોગ કરતા. કથા વાંચવામાં જે કંઈ સોનું દાનમાં મળે તેની ભસ્મ બનાવી દવામાં વાપરતા. વિઠ્ઠલ ભટ્ટની આબરૂ અને આવક સારાં હતાં પણ ઉદાર સ્વભાવને કારણે માથે કરજ થઈ ગએલું.

વિક્રમ સંવત ૧૮૯૦, ૧૮૯૫ તથા ૧૯૦૨માં ભયંકર દુષ્કાળ પડેલા. પ્રથમ દુકાળ વખતે રાજ્ય તરફથી રાહતનાં કાર્યો હાથ ધરવામાં ઢીલ થએલી ત્યારે વિઠ્ઠલ ભટ્ટજીએ જામસાહેબને પ્રજા પર દયા કરવા વીનવેલા. જામ રણમલે સદાવ્રતો ખોલાવ્યાં અને રાહતકાર્યો તરીકે લાખોટા કોઠાનાં ભવ્ય મકાનો તથા તળાવો બંધાવ્યાં. જામ રણમલે વિઠ્ઠલ ભટ્ટને ત્યારે કહેલું કે 'તમે મને મારા ધર્મમાં પ્રેર્યો ન હોત તો પ્રજા દુ:ખી થઈ નાશ પામત અને આવાં રૂપાળાં મકાનો ન બંધાત.'

વિ. સં. ૧૮૭૮માં જામનગરમાં મોતી મહેતા નામે નાગર ગૃહસ્થ કારભારી નીમાયા. વિઠ્ઠલ ભટ્ટના દાદા રણછોડજી ભટ્ટ આ મોતી મહેતાના પૂર્વજોને પોરબંદરથી જામનગર લાવેલા. બન્ને કુટુંબ વચ્ચે ગાઢ સંબંધ હતો. નિમકહરામ માણસોને દાબી દેવામાં મોતી મહેતાએ ઘણી: મદદ કરેલી, તેથી જામસાહેબને તેના પર સંપૂર્ણ વિશ્વાસ અને આદરભાવ હતો. એ મોતી મહેતા અપુત્ર મરણ પામ્યા ત્યારે તેની વરસીમાં તેનાં વિધવા પત્નીએ ભાગવત સપ્તાહ વિઠ્ઠલ ભટ્ટજી પાસે વંચાવી અને કથાની પૂર્ણાહુતિ વખતે ફક્ત પાંચ કોરી જ પાટલે ધરી. આથી જામસાહેબ વગેરેને નવાઈ લાગેલી. એ પ્રસંગ પતી ગયા પછી મોતી મહેતાનાં ધર્મપત્નીએ પોતાનાં ઘરેણાંની પેટીને સીલતાળાં મારી તે પેટી વિઠ્ઠલ ભટ્ટને પહોંચતી કરીને કહ્યું કે પેટી સાચવજો.' થોડા દિવસમાં જ બાઇ માંદાં પડચાં ને વિઠ્ઠલ ભટ્ટને બોલાવી તેને પેટીની ચાવી આપીને કહ્યું કે 'એ પેટી મેં તમને કૃષ્ણાર્પણ કરી છે.

મોતી મહેતા તથા તેનાં પત્ની આમ નિર્વંશ ગુજરી ગયા પછી રાજ્યના તે વખતના ધોરણ અનુસાર તેની સર્વ સ્થાવરજંગમ મિલ્કત દરબારદાખલ કરવામાં આવી. તે વખતે કોઇએ જામસાહેબને ચડાવ્યા કે ડોશીએ વિઠ્ઠલ ભટ્ટને ઘેર સોનારૂપાની ભરેલી પેટી મોકલી આપી છે.

રાજ્યવિરુદ્ધ કોઇ થોડુંકે વર્તન કરે તો દેહાંતદંડની શિક્ષા કરે તેવા ઉગ્ર જામ રણમલ હતા. સાંજને વખતે જામનો સવાર જો કોઈ માણસને તેડવા આવે તો તે ઘરનાં માણસોને મળી છેલ્લી વિદાય લઇને જ જતો. ગુનો હોય કે ન હોય, શંકા જાય તો યે શિક્ષા કરે; ને દેહાંતદંડ દેતાં જરા યે ન ખચકાય. એવા ઉગ્ર જામસાહેબે વિઠ્ઠલભટ્ટને એક સાંજે બોલાવી ક્રોધાવેશમાં પેટી બાબતમાં પૂછ્યું. ત્યારે વિઠ્ઠલભટ્ટજીએ જે વાત બની હતી તે કહીને ઉમેર્યું: 'એ પેટીની ચાવી મારા ગૂંજામાં છે. પેટી મેં ખોલી નથી. એમાં શું છે ને કેટલું છે એની મને ખબર નથી. આ ચાવી આપને આપું છું. આપની મરજી હોય તો એ પેટી આપનું માણસ આવીને ખુશીથી લઈ જાય.'

'એ પેટીમાં સોનું હશે. સોનાને શું કરશો?' જામસાહેબે પૂછ્યું. 'સોનાને હું શું કરું?' વિઠ્ઠલ ભટ્ટે કહ્યું, 'હું તો તેની ભસ્મ બનાવી દરદીઓને ખવડાવી બેઠા કરું.'

આ જવાબથી રાજી થઇ જામસાહેબે કહ્યું. 'કથા વંચાવીને એણે પેટી તમને કૃષ્ણાર્પણ કરી છે તો એમાં જે છે તે તમારું જ છે. ખુશીથી રાખો.' અને વિઠ્ઠલ ભટ્ટ અણીશુદ્ધ ઘેર પાછા આવ્યા. આવી રીતે ભાગ્યે જ કોઈ જીવતું પાછું આવતું.

વિઠ્ઠલ ભટ્ટ જ્ઞાતિજનોને ઘણી મમત ને સેવાપરાયણતાથી રાખતા. વૃદ્ધ, ગરીબ અને અનાથ સ્ત્રીઓની સેવા કરતા. એમને બે બેનો હતી. એમાંનાં એક વિધવા બહેન એમની સાથે રહેતાં. એ બહેનની એ મા પેઠે સેવા કરતા. અને બહેનને પણ ભાઈ માટે અસાધારણ હેત હતું. ૬૬ વર્ષની વયે વિઠ્ઠલ ભટ્ટ મરે તેવા માંદા પડયા ત્યારે એ જોઇને બહેનને જીવતર પર કંટાળો આવ્યો. બાજુના ઓરડામાં જઈ, માથાબોળ નાહી, જાતે સાથરો લીંપી તે પર સૂઈ છાતી પર તુલસીની માળા ફેરવતાં ફેરવતાં તેણે દેહ છોડી દીધો. વિઠ્ઠલ ભટ્ટ તે પછી બે વર્ષે સં. ૧૯૧૮ની ધનતેરશને રોજ સ્વર્ગવાસી થયા.

કદમાં નાનું પણ કલાએ મોટું

રંગગઠરિયાં-૨૫

ચન્દ્રવદન ચી. મહેતા



વાન ગૉઘ–પોતે જ આલેખેલી તસવીર: આવેશમાં આવી જઈને કાપી નાખેલા પોતાના કાન પરના પાટા સાથે.

આમ્સ્ટર્ડામ સ્ટેશનના બહાર ઊભા રહી કોઈ પણ દિશા તરફ તમે ચાલો, તો દશ-બાર ઘર વટાવતાં જ રસ્તે-રસ્તે, જાણે એની ડોકે વીંટળાએલી હોય એવી, પાણીની કંઠમાળાઓ આપણે ઓળંગવી પડે. એમાં ડાબી બાજુના રસ્તાઓ પર તો એ જળમાળાઓને કાઠેકાંઠે વર્ષોજૂનાં, જૂની ઢબે બાંધેલાં નયનરંજક ઘર જોવા મળે. એના એકાદા ભોંયરામાં નજર કરવાની તક મળે તો કોઈ ખૂણે ખડકેલું એકાદ ખોખું, બસો-ત્રણસો વર્ષ પહેલાં કાં તો સાત સાગરો ઓળંગી એ અહીં આવ્યું હોય તેનો, યા તો અહીંથી કેટલી યે વાર સાત સાગરો ઓળંગી કંઇક દાગીનાઓ ભરી લઈ ગયું-લાવ્યું હોય તેનો ઇતિહાસ એ તમને કહેશે. અને એ જળપગથારે જોતા જશો તો એની બાંધીપાળને અડી ઊભેલી એકાદ નાવડી ડોલતી હશે, યા એ પાળ ઉપર કાટરંગી કાયા ઉપરથી છાલછોતરું ઉતારતું કોઈ લંગર પડયું હશે, યા જરા દૂર નજર કરતાં ખારાં પાણી પી પી નક્કર થએલાં લાકડાંના એકાદ અડીખમ વહાણનાં વિસ્તરેલા શઢ આંખને આવરી લેતા જણાશે, ને એની આસપાસ; અસલી ઢબની માથાટોપી પહેરી, મોંમાં તમાકુનળીનો ડચૂરો ભેરવી, છુટ્ટા ગલેફ જેવા ઢીલા લેંઘા પહેરેલા નાવિકો વાતોનાં લહેરિયાં લેતાં ઊભેલા દેખાશે. એમની ઉપર ચાર-પાંચ મજલાની જૂની હવેલીઓ છાયા ઢાળતી નજરે ચડશે. આવાંઆવાં ચિત્રો જોવાને ટેવાએલા વટેમાર્ગુની કલ્પનાને ઝોલે હિંચોળાતા મગજમાં એક જ નામનો ઝબકારો તત્કાલ થઈ આવશે.

હું હજી એ નામ જીભને ટેરવે આણું તે પહેલાં તો, શેરીના કોઈ ખૂણામાં કે પાણીઘાટે કે પૂલ ઉપર પોતાની લાકડાની ઘોડી ઠેસવી હાથમાં રંગદાન અને પીછી-ભાથું લઇ, સામે ખડા કરેલા ફલક ઉપર કદીક ઊગતો કે કદીક આથમતો સૂરજ ધરતી ઉપર જે આડાઅવળા છતાં મનોરમ તેજછાયાનાં લીસોટા પાથરે છે, તેને પકડવા મથતા કલાકારોની જમાતમાંની કોઇ વ્યક્તિ નજરે પડી જાય, એવી એક વ્યક્તિ મેં જોઈ; અને એ હસીને મારા તરફ ઊમળકાનો હાથ હલાવતી હોય એવો ભાસ થયો. હું જરા ખમચાયો. બેઠી બાંધણીની એની ભરાઉ કાયા કરતાં એની દાઢી વધારે ભરાવદાર દેખાતાં આ ચિતારો કોણ હશે એની ઘડભાંજમાં પડું, એ પહેલાં તો એના આંખની ચમકમાં કોઈ પરિચિત વ્યક્તિનો ઇશારો સમજાયો.

'તમે સી. સી.ભાઈ, બાંધગઠરિયાંના લેખક, ખરૂંને? આવો.'

અરે પણ અહીં, આ આમસ્ટલ નદીની કંઠમાળાના મણકા જેવા આ પૂલ ઉપર મારે ક્યાં ગઠરિયાંનો ભાર ઉતારવો છે? એનું અહીં શું છે જે?—એવો મનમાં આવેલો મનસૂબો જીભ પર ઉતારું તે પહેલાં તો એ ભલા ભાઇએ પીછું ઠેકાણાસર રાખી આગળ આવી બાઝી પડી કહ્યું, 'તમે આવવાના હતા તેની જાણ મને ટરમાટને કરી હતી; પણ અહીં જ ભટકાઈશું એની ખબર નહોતી. ચાલો સારું થયું. કાં તો આ મારા ફલક ઉપર ઘડીક જુઓ, યા આ સામેનું સુંદર મકાન જુઓ; નહિ તો ચાલો એ મકાનની અંદર લઈ જાઉં, ત્યાં જઇને જુઓ. પણ આટલે સુધી આવો અને રેમ્બ્રાંના ઘરમાં પગ ન મૂકો તે કેમ ચાલે?'

પા કલાકથી વાંકડિયા પગથારો ઘૂમતો જળરેખાઓ ઓળંગતો હું જે ચાલ્યો આવતો હતો, ત્યારનું રેમ્બ્રાંમય વાતાવરણ તો મનમાં ઉપસવા માંડયું જ હતું; ત્યાં આ ગુજરાતી ચિત્રકાર ભાઇએ એ જગ-મશહૂર ચિતારાની ઘરઇંધાણી જ આપી! એણે એનો વિસ્તારેલો ચિત્ર-સરંજામ તાબડતોબ સંકેલી લીધો, અને અમે રેમ્બ્રાંના કળાકૌશલના અસીમ સીમાડાના તાગ લેવાની મથામણે ચડયા.

'કુમાર'માં આ જુવાન ચિત્રકારનાં ચિત્રો આવી ગયાં છે, રેમ્બ્રાં વિષે પણ એક ખાસ લેખ પ્રગટ થઈ ગયો છે, એટલે એ વિષે અહીં બહુ વિગતોમાં નહિ જઇએ. ભરાઉ શરીર એટલે નિખાલસ અને ઊમળકાભર્યા હ્રદયની નિશાની, એવા આ અમારા શાંતિભાઇ શાહ, દોઢ-બે વરસથી હૉલૅન્ડમાં ચિત્રકળાની શિષ્યવૃત્તિ મેળવી આવેલા, એટલે અમે ડચ ચિત્રકળા અને ચિત્રકારોના રામાયણની સપ્તાહ શરૂ કરી; પારાયણ એ દાઢીદાર સ્વામી શ્રી શાંતિનારાયણ શાહ કરે, અને શ્રોતા એક હું, તે શાંતિથી એ સાંભળે.

રેમ્બ્રાં! આજે એવા સેંકડો ચિતારાઓ અને વિવેચકો છે જેમના હ્રદયમાં એનું નામ સાંભળતાં સ્મૃતિસંવેદનાની લહરીઓ ઊભરાવા માંડે છે. ઈ. ૧૬૦૬માં જન્મ્યો, ૧૬૬૯માં ગુજર્યો. લગભગ ત્રણ સૈકા પહેલાંની વાત. પરણ્યો, વિધુર થયો, દુ:ખી થયો, ઘરબાર ગિરે મુકાયાં, દીકરાને પરણાવ્યા બાદ દીકરો પણ ગુજરી ગયો, વકીલોની દલીલોમાં ગૂંચવાયો, અને દુ:ખી થઈ ગુજર્યો ત્યારે કબર પાછળ દસ રૂપરડીના ખર્ચે એ દટાયો. તદ્દન અવ્યવહારૂ માણસ. કલાકૃતિઓ અને ચિત્રો ખરીદવા બેસે ત્યારે ગજવા તરફ નજર જ ન કરે. આ એનું મોટામાં મોટું પાપ!

એણે અનેક 'એચિંગ'–એટલેકે ધાતુના પતરા ઉપર તેજાબ રેડી કોતરીને બનાવેલી કલાકૃતિઓમાં ભારે કીર્તિ સંપાદન કરી. એ બધી જોવા બેસીશું તો બહુ વાર લાગશે, એટલે રાજ્યના મ્યૂઝિયમમાંના ખાસ રેમ્બ્રાં ખંડમાં જઈ આપણે જગવિખ્યાત ગણાતી 'રાતના ચોકી-દારો'ની અનુપમ કૃતિ સમક્ષ ઊભા રહીએ. દૃશ્ય ધોળા દિવસની કૂચનું, ને નામ 'રાતના ચોકીદારો!' એ પણ એક વિચિત્ર ઘટના જ છે.

અહીં આ મહાન સર્જકે તેજ અને છાયાની અદ્ભુત યોજના કરી છે. આખા ટોળામાંથી બહાર પડતી બે વ્યક્તિઓ પ્રત્યે પ્રથમ તો આપણું ધ્યાન દોરાય છે. એકનો પહેરવેશ છે લાલચટક, બીજાનો છે સફેદ પૂણી જેવો. એ બેની ગંભીર ગુફ્તેગો. એની પાછળ ખૂણામાંનો પડઘમચી, વચ્ચેનો બંદૂકધારી આ બાજુ ધ્વજ ઉપાડનાર, અને એની આગળ ચાલતી નાની છોકરી એનો વળી સફેદ પોષાક, આખા વિ-શાળ ચિત્રફલક ઉપર કાળા અને ધોળા રંગની ઊઠી આવતી વિરોધ દાખવતી મિલાવટ, તેને એક પ્રકારની અત્યંત આહ્લાદક અને સુમેળ સાધનારી કૃતિ બનાવી દે છે. જોયા પછી ત્યાંથી જરા આઘા ખસવા

મન કરો ચસવું અઘરું લાગશે. ચસો, અને મન પાછું એની સમક્ષ જવા અધીરું થઈ પગ પાછા વાળશે. એનું નામ રસાનંદની પકડ.

મુખાકૃતિઓ દોરવામાં પણ એણે હદ કરી છે. જે ડચ સ્ત્રી પુરુષો એણે પોતાના ફલક ઉપર ઉપસાવ્યા છે તે જોયા પછી આમ્સ્ટર્ડામમાં શેરીએ શેરી ઘૂમતાં ઘણી વાર રેમ્બ્રાંનાય ચહેરા જોવા મળે—એવી જ આંખો અને એમાંનું લસલસતું તેજ ન્યાળવા મળે ત્યારે સ્વાભાવિક આનંદ થાય એ દેખીતું છે. અને શાંતિભાઈ શાહે એની રંગાવટની ખૂબી ને છાયાપ્રકાશની રમતનું જે જ્ઞાન આપ્યું તેને પરિણામે જ્યારે ગાળો મળતો ત્યારે, ત્રણ કલાકમાં જ મોટરમાં આ પારથી પેલે પાર જઈ શકાય એવડા એ નાનકડા દેશમાં યોજેલાં બસો મ્યૂઝિયમોમાંથી જેટલા ચિત્રોનાં સંગ્રહસ્થાનો જોવાય એટલાં જોવા અમે તજવીજ કરી લેતા. ટરમાટન સાહેબની ગાડી, અને આમ્સ્ટર્ડામથી રસ્તે હંકારતા ઊપડયા જ છીએ રૉટર્ડામ, ત્યાંનું બોયમેન્સ મ્યૂઝિયમ જોવા. ત્યાં રેમ્બ્રાં, રૂબેન્સ, મોને, પિસારો એવા સો ઉપરાંત કલાકારોની કૃતિઓ માણી લીધી છે, તો બીજે દિવસે હેગમાં મૉડર્ન આર્ટનું મ્યૂઝિયમ ઉથલાવી નાખ્યું છે એમ હારલેમ, લાયડન ને ઉટ્રેચમાંનાં જોવાય એટલા ચિત્રસંગ્રહો જોઇ જીવ બહલાવી લીધો.

એમ એમ આમ્સ્ટર્ડામથી સો પોણોસો કિલોમીટરના ચકરાવામાં આસપાસના પ્રદેશમાં ભાતભાતનાં કપડાંમાં સજ્જ ગ્રામજનો, બેત્રણ ખડિયેર પણ સ્વચ્છ કિલ્લાઓ, આરામથી રસળતા વોંકળાઓ, ક્યાંકક્યાંક એની આસપાસ બંધાએલા ભલભલા ભૂમિતિશાસ્ત્રીને છક્કડ ખવડાવે એ રીતે ગોઠવાએલા રંગબેરંગી ફૂલોના વ્યવસ્થાબદ્ધ ક્યારાઓ અને આલ્સમીર ગામમાં થોકેથોક ફૂલોના ઢગલાઓનાં થતાં જાહેર લીલામો, ગુજરાતના નળપ્રદેશમાં શિયાળે ઊતરી આવતાં પ્રવાસી પંખીઓનો મેળો ભરાય છે એમ રશિયા ઇજિપ્ત કે આફ્રિકાથી ઊડી આવતાં સો ઉપરાંતની જાતનાં પંખીઓ, સમુદ્રની સપાટીથી નીચે સાડાત્રણ ચાર ચોરસ માઇલ જેટલા વિસ્તારમાં ઉગાડેલાં વનક્ષેત્રો ને એમ જ સાગરસપાટીથી નીચે બાંધેલું શિશપુલનું એરોડ્રોમ,—એવું એવું જોતા ક્યાંક મોટર કરતાં વાતને વધારે વેગે, તો ક્યાંક વાત કરતાં મોટરને વધારે વેગે હંકારતાં અમે જાણ્યુંમાણ્યું છે, એનો તે શો ચિતાર આપી શકાય? અડીખમ પવનચક્કીઓ અને મગજને સૌન્દર્યનાં અણમૂલાં દશ્યોનો લાભ અપાવે એવાં હરિયાળાં ખેતરો આંખને ઠારતાં રહે, પડયા તડકાને કદીક વરસાદ છંટકારતો રહે, અને સપાટ રસ્તાઓ ઉપરથી ઝપાટાબંધ કિલોમીટરનાં પાટિયાંની હારમાળા વધતાઘટતા નંબરે ચાલી જાય, એમ અમે એક દિવસ આમ્સ્ટર્ડામથી ૮૩ કિલો દૂર ભાગ્યા. હજી તો આરનેમ પહોંચીએ એ પહેલાં જ દસ કિલો દૂર રહ્યા હોઈશું ત્યાં અમે ઓટર્સું ગામ આગળથી શરૂ થતી મનોરંજક અને અહ્લાદક એવી વનરાઇમાં દાખલ થઇ ગયા. છ હજાર એકરની આ વિશાળ વનરાઇનું એકેએક ઝાડ દાખલ થનારા સૌકોઇને નવી તાજગીની લ્હાણી બક્ષે. આ રળિયામણા સ્થાનમાં પ્રો. હેનરી વોન વેલ્ડે ૧૯૩૮માં ખૂબીભરી બાંધણીનું બેઠા ઘાટનું એક મકાન શ્રીમતી ક્રોલર મ્યુલરમાટે બાંધી આપ્યું છે, એમાં વોન ગૉઘનાં અઢીસો ઉપરાંત બેનમૂન ચિત્રોનો સંગ્રહ ગોઠવવામાં આવ્યો છે.

મકાનમાં દાખલ થવાનો દરવાજો જોતાં લાગે કે અંદર એકબે ઓરડા જ હશે. આસપાસ ઝાડની ઘટા પણ એવા હેતુથી જ ખડી કરવામાં આવી છે. બહાર દફતર પણ નાનકડું. પણ એના દરવાજેથી ટિકિટ લઇ, અંદર પહેલા ખંડમાં દાખલ થઈ, બેપાંચ ચિત્રો જોયાં, અને જે એક બારણુ નજરે પડે એમાંથી નીકળ્યા કે બીજો, ત્રીજો, ચોથો, એમ ગણ્યા ગણાય નહિ એટલા ઓરડામાંથી ઓરડા ઊઘડતા જ ચાલે! થાક લાગવા જેવું જરી લાગે, કે ત્યાં તો એક નાનું ખુલ્લું ચોગાન આવ્યું જ છે; પણ ત્યાં વળી આગળ દોરવી લઈ જવા દરવાજો તૈયાર જ છે; એવા એક પછી એક ખૂબીથી આડાઅવળા વિકળાએલા ઓરડાઓમા કલાભંડારનો અજીબ ખજાનો હાજર છે એમાં તમે ફરતાં ફરતાં આખરે છેલ્લાં ખડમાં આવો, અને એમાંથી બહાર નીકળો ત્યારે જ ખબર પડે કે જ્યાંથી દાખલ થયા ત્યા જ ફેરકુદરડીની ઘટમાળ આવીને અટકી છે. ત્યાંથી જેવા બહાર નીકળ્યા કે બાજુમાં એક નાનકડી ઓરડીમાં, હમણાં જે જોયું એમાંથી કંઈ પસંદ આવ્યું હોય તો એની આબેહૂબ રંગમાં છાપેલી કૃતિઓ સસ્તે ભાવે થોકબંધ ગોઠવી છે; દિલ ચાહે તે, સગવડ પડે તેવા કદમાં ખરીદી લ્યો.


બ્રાક, પિકાસો, મૅન્દ્રીઆ એવાં કંઈક કુશળ કલાકારોની કૃતિઓ ઉપરાંત રોદૅ જેવા શિલ્પીની કૃતિઓ પણ ત્યાં છે. 'સફર ગઠરિયાં'માં રોદૅ માટે લખાઈ ગયું છે, એટલે એ વિષે અહીં નહિ લખીએ, પરંતુ આ મ્યૂઝિયમમાં જેનાં લગભગ ત્રણસો બેનમૂન ચિત્રોનો ભભકભર્યો સંગ્રહ ભર્યો છે, એ વૅાન ગૉઘ વિષે તો બે અક્ષર લખીશું

રંગની સૃષ્ટિમાં નવી ભભકે ભડકાવનાર આ ચિતારાએ ગરીબીમાં જિંદગી ગાળી. એની જીવતાં કદર ન થઈ પણ આજે એના એકેકા ચિત્રની ચારથી પાંચ લાખ રૂપિયાની કિંમત ઊપજે છે. ઇ. ૧૮૫૩માં હૉલૅન્ડમાં ઝુન્ડર્ટ ગામમાં જન્મ્યો, અને ૧૮૯૦માં ૩૭ વર્ષની ઉમરે, મગજ વિફર્યું તે ફરવા ગયો, એકાદા એકાંત ખેતરમાં જઈ ચડયો, અને ગજવામાંની પિસ્તોલ કાઢી જાત ઉપર ગોળી ચલાવી. કોઇની મદદ વિના ઘવાએલો ચાલીને ઘેર આવ્યો, અને મોતની રાહ જોતો સૂતો. એનો ભાઈ થીઓ ત્યાં આવી પહોચ્યો એને મરતા પહેલાં કહ્યું કે 'સૌના ભલા માટે મેં મરણને નોતર્યું છે,' અને એ ગુજર્યો.

ભાતભાતનાં ચિત્રો એણે દોર્યાં છે. એક રીતે એમાં જ એણે પોતાની આત્મકથા કહી નાખી છે. લીલા ને પીળા રંગની એણે જે મેહફિલ ઉડાવી છે, એમાં જીવનનાં કંઈક લીલાંપીળાંની એણે પ્રતીતિ કરાવી આપી છે. ચિત્રો ઉપરાંત સાડી સાતસો પત્રો એણે લખ્યા છે, જેમાં એની સંવેદના ને વ્યથા ચિત્રોમાંના રંગની માફક ભભકા ઊઠે છે.

શરૂઆતમાં લંડનમાં રહ્યો. ત્યાં એક વિધવાની દિકરી ઉર્સુલાના પ્રેમમાં પડયો; અને જ્યારે પરણવાની માગણી કરી ત્યારે જાણ થઇ કે એ તો બીજાને પરણવા વચને બંધાઈ ચૂકી છે! બસ ત્યારથી એના જિગરમાં રોકકળ શરૂ થઈ. કેટલાક નસીબદારોને એક નકારે તો બીજી હા પાડે; પણ ગૉઘને હૈયે સળગેલી હોળી માદામ કી વૅાસ સ્ટીકરે કે ત્યાર બાદ એને મળેલી કલાસીના મેરિયા હૂરનિકે પણ ઠારી નહિ. હૈયે સળગતી આગ સાથે એણે જાતજાતના ધંધા કર્યાં અને આખરે ચીતરવાને ચાળે ચડયો ત્યારે ઉમર થઇ હતી સત્તાવીશ. અને સાડત્રીશે આપઘાત કર્યો. એટલા દશ વર્ષના ગાળામાં ચીતરેલાં ૮૪૦ તૈલ ચિત્રો, અને ૮૫૦ સામાન્ય રંગમાં ચીતરેલાં ચિત્રો ઉપરાંત સંખ્યાતીત સ્કેચો વગેરેથી આજે તો એણે ચિતારાઓમાં અનોખું સ્થાન પ્રાપ્ત કરી લીધું છે. એની શૈલી અને વિષયવૈવિધ્ય વિવેચકોને મૂગામૂઢ બનાવી દે છે. ઉપરાંત વસ્તુનું નવું દર્શન કરાવવાની એની શક્તિથી ભલભલા એની કલા માટે વાહવાહ પોકારતા થઈ ગયા છે.

રેમ્બ્રાંની વાત ઉપરથી આપણે ગૉઘના જીવનરંગ જોવામાં સરકયા. હવે આપણે મ્યૂઝિયમો માટે અજોડ એવા આ સ્થાનમાં બહાર તરુવરોએ ખડા પગે ઊભા રહી જે અનોખા સૌન્દર્યની ભાત પાડી છે એનો લ્હાવો માણીએ. ટરમાટન અહીંના વનસૌન્દર્યના પાંદડે પાંદડાને ઓળખે, બથ્થમબથ્થા કરીને ઊભાં રહેલાં ઝાડનાં નોખાં નોખાં થડડાંખળાંમાંથી કોતરાએલા રસ્તાના વળાંકે વળાંકને જાણે; આ વિશાળ



નાઈટ વૉચ—રેમ્બ્રાં [વિખ્યાત ચિત્ર]

ક્ષેત્રના એક ખૂણામાં એક જૂનવાણી જેવી ઇમારતને આગણે એણે ગાડી થોભાવીને અમને અંદર લઇ જઇ બેસાડયા ત્યારે જ અમે જાણ્યું કે પથિકોને માટે વિસામો લેવાનું જ નહિ, પણ અાણીથી પાણી સુધીની વાનીઓની ખાણીપીણી કરવાનું પણ આ એક સુગમ સ્થળ છે.

વૅાનગાધનાં ચિત્રોનું ફરીફરી રટણ કરી, બીજે દિવસે ઝૅક લિપ-ઝિકના તેમજ બીજા મૅાડર્ન આર્ટના નમૂનાઓ જોવા જવાનું નક્કી કરી લીધું, અને પછી નજીકના આરનેમના મ્યુનિસિપલ મ્યૂઝિયમને જોવા ઊપડયા. એ જોઈ પાછા ફર્યા ત્યારે રસ્તે થએલી વાતચીત પ્રમાણે આમ્સ્ટર્ડામમા ટરમાટને એના એક ચિતારા દોસ્ત ડે હીર, સી. એ. વોન યેઝલડીક જોડે ઓળખાણ કરાવી. આમ્સ્ટર્ડામમાં 'સિગલ' એટલે 'સેન્ટર', એટલે કે વચલા ગાળામાં એ રહે. કોઈ ફુરસદને વખતે ઘડાએલો જીવડો. સમય અને સંજોગ સાથે એને કશી નિસ્બત જ નહિ. ઘડિયાળ ફડિયાળમાં એને રસ જ નહિ. કાંટા ફર્યા કરે એમ એના પોતાના હાથ પણ આમતેમ ફર્યા કરે. શહેરના કોઈ ખૂણામાં નહિ પણ એક ચાર મજલાના ખાસ્સા ઊંચા મકાનના માળિયામાં એ એનું કામ કર્યા કરે. બહુ હસમુખો, ભારેનો ભોળો, ઓછામાઓછી વાત કરનારો, અને અચૂક નજરનો આ ઇસમ યેઝલડીક. એવડું મોટું નામ, પણ એ માણસ, માનવકદથી માત્ર ત્રણગણા પહોળા અને દોઢગણા ઊંચા માળિયામાં રહે. એક દાદરો ઊતરતાં નાનું રસોડું, અને એની બાજુમાં માળિયાથી નાની ઓરડી, ત્યાં એની મા રહે.

ઠરાવ્યા મુજબ બીજે દિવસે હું એને ત્યાં ગયો. દાદર ચડતાં દમ નીકળી ગયો. ચાનાં ચીતરામણ કરાવવાના અભરખા સેવીએ તો શું થાય? ચીતારાની હોંશનો પાર નહોતો, ચીતરાવનારના થાકને હદ નહોતી. ઉપરની બારીમાંથી આખા શહેરનો સારો તાગ આવી જાય—દૂર દૂર સુધી નજર પહોંચી જાય. પણ બહારની વિશાળ સૃષ્ટિ જેવી જ આટલા માળિયામાં કલાસમૃદ્ધ સૃષ્ટિ હતી. કયાંક ચિત્રોના થોક, ટેબલ ઉપર હાથ ઘડતરનાં માટીનાં પૂતળાં, કયાંક વહાણનું જૂનું નાનકડું લંગર, એકાદો સુકાનનો હાથો, અંદરથી ભાગેલા ઘડિયાળનું અસલી સીસમનું કોતરેલું આકર્ષક ખોખું, કોઈ દરિયાપારના દૂર દૂરના દેશનો નાજુક ચરૂ, ભીંતે પણ, પોતાની છાતી ઉપર, અસલી ઢબની લાકડી, છરો, ટોપી એવી જાતજાતની વસ્તુઓ વળગાડેલી. બધું જ અવ્યવસ્થિત, પણ કયાંય જરા જેટલીયે ધૂળ નહોતી. હું જ માંડમાંડ ઉપર આવ્યો, ત્યાં રજકણિકા આટલે ઊંચે આવી જ શી રીતે શકે?

બારીમાંથી આવતાં અજવાળાંને માફકસર ગાળી નિતારી એણે મારા મોં ઉપર પથરાવા દીધાં, અને પછી એક ચોક્કસ જગ્યાએ જોયા કરવાની સૂચના આપી કોરા કાગળ ઉપર પેન્સિલને રમવા મૂકી દીધી. પછી જરા થાક ખાવા કામ બંધ કરી નીચે જઇ બે પ્યાલા કૉફી લઇ આવ્યો, સાથે એની માને પણ દોરતો આવ્યો.

'જુઓ, વૅાન મેતા! જુઓ, બુઢ્ઢીને જુઓ, જેમ એટલેકે એક મોંઘા રત્ન જેવી નથી? મીઠડી નથી? વ્હાલી નથી?...' શબ્દોનો પ્રવાહ બની રહ્યો. 'નેવું; મારી આ મા, મમ્મી, માડી, એને નેવું વર્ષ થયાં. કૉફી એણે બનાવી. હજી દાદર ચડે છે, ચાલે છે, બોલે છે, કામ કરે છે, જીવે છે, મારે માટે. તમે જરા બરાબર જુઓ તો ખરા. આ એનો એકેકો સફેદ વાળ, જોયો! મેતા! આમ આવો, લ્યો જરા હાથ; આંગળી તો લગાડો, અહેહેહે! જાણે નર્યું રેશમ! હેં, નહિ? આહ મારી મમુડી! પણે જુઓ, મેં એનો આટલો ઢગ સ્કેચો ચીતર્યા છે, આ દસ વર્ષ પહેલાંનો, આ નવ વર્ષ પહેલાંનો, આ...આરે બીજું કંઇ જ કરવાનું નહિ; વરસ જાય તેમ, આ અહીં જુઓ, આ એના મોં ઉપરની કરચલીઓ એક પછી એક વધારે પાડયા કરવાની...'

દસેક મિનિટ તો શું, પણ એથી વધારે એણે આ સ્વગતોકિત અટકયા વિના ચલાવી; પણ મૂળ વાત એમ નથી. એ અરધા અંગ્રેજી અરધા ડચ વાકયપ્રવાહ વહ્યા કર્યા તે દરમ્યાન આ લગભગ સાઠેકની આસપાસનો ચિતારો યેઝલડિક એક પાંચસાત વર્ષના બાળકને છાજે એ રીતે આ નેવું વસંત જોનારી પ્રતિમાની આસપાસ જે લાડયો છે, અને મૂગા શાંત વહાલના ધોધમાં તરબોળાયો છે, એ દશ્ય તો નજર આગળથી ભૂલ્યું ન ભુલાય એવું હતું.

(ચાલુ)

આહાર ને આરોગ્ય-૨૫

કૉફી અને કોકો

લેખક · ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

ચાની જેમ કેફિન ધરાવતું બીજું ઉત્તેજક પીણું કૉફી છે. આપણા કરતાં દક્ષિણમાં એનો વિશેષ પ્રચાર છે. પણ ઝાડા, તાવ, લોહીસ્રાવ વખતે હૃદયની કમજોરીની સ્થિતિમાં શક્તિદાતા તરીકે આપણી તરફ કૉફી પીવાય છે અને આજકાલ કૉફી પીવાનું ચલણ પણ વધવા માંડ્યું છે.

કૉફીનું માદરે વતન અરબસ્તાન, પણ ઉષ્ણ કટિબંધના ઘણા દેશોમાં તેનું વાવેતર થાય છે. દુનિયાને ૬૦થી ૭૦ ટકા કૉફી બ્રાઝિલ પૂરી પાડે છે. દુનિયાભરની શ્રેષ્ઠ કૉફી સુમાત્રા અને જાવાની છે હિંદભરની માયસોર નામે ઓળખાતી કૉફીના ભૂરા લીલા રંગનાં બિયાંમાંથી કડક સોડમવાળી અને ઘેરા રંગની કૉફી બને છે. બ્રાઝિલની કૉફી તીખી છે, તો મધુર સોડમવાળી કૉફી અરબસ્તાનની ગણાય છે. લીલાથી ઝાંખા પીળા રંગી બિયાંવાળી એ કૉફી 'મોચા' નામે ઓળખાય છે.

કૉફીના છોડના ચેરી જેવા ફળના બિયાં તે કૉફીના દાણા છે. ફળનો ગર્ભ દૂર કરીને છાતરાંમાં રહેલાં બિયાંને હવામાં સૂકવવામાં આવે છે. છાતરાંમાંથી બિયાં કાઢીને કદ પ્રમાણે તેની વર્ગણી કરવામાં આવે છે. શેકવાથી આ દાણા બરડ થઈ દળવા લાયક બને છે.

લીલા દાણામાં ૧·૩ ટકા પ્રમાણમાં કેફિન છે, શેકેલામાં ૧·૨૮ ટકા. વધારે શેકેલા દાણામાં કેફિનનો નાશ વધારે થાય છે. ઓછા શેકેલા દાણામાં કેફિનનું પ્રમાણ વધારે રહે છે. ૦·૦૮ ટકાના પ્રમાણવાળી કૉફી કેફિનમુક્ત કહેવાય છે.

પીણું બનાવવામાં ૨૫થી ૩૫ ટકા કૉફીનો ભૂકો દ્રાવણમાં ભળે છે. હચિન્સનના કથન મુજબ એક પ્યાલા કૉફીમાં ૧·૭ ગ્રેઈન કેફિન ને ૩·૨૪ ગ્રેઈન ટેનિન હોય છે આ પ્રમાણ ચાના પ્યાલા જેટલું જ છે.

કૉફીની બે જાતો જાણીતી છે. બ્લૅક કૉફી અને ફ્રેન્ચ કૉફી. ફ્રેન્ચ કૉફીના ભૂકામાં ચિકોરી અને થોડી બળેલી ખાંડ ભેળવેલાં હોય છે. ચિકોરી એ જંગલી છોડનું મૂળ છે. એ કોઇ રીતે નુકશાનકારક તો નથી પણ તે સસ્તી હોઇ ભેળસેળ માટે વપરાય છે. ફ્રેન્ચ કૉફીમાં ⅓ પ્રમાણમાં ચિકોરી ભેળવાય છે, પણ કદિક આ પ્રમાણ ૮૦ ટકા કે એથી પણ વધારે હોવા સંભવ છે. બ્લૅક કૉફીમાં ચિકોરી નથી હોતી.

કૉફી ચાની જેમ જ બને છે. તાજી દળેલી કૉફી ઉપર ગરમ પાણી નાખી એનો ભીંજણ-કાવો થાય છે. કડક અને ગરમ કૉફી સરસ લેખાય છે. આમાં કૉફીનું પ્રમાણ મહત્ત્વનું છે. એક પિન્ટ (સવાશેર) પાણીમાં એક ઔંસ (અધોળ) કૉફી નાખવાથી મજાની કૉફી બને છે. પણ શ્રેષ્ઠ રીત તો આખી રાત ઠંડા પાણીમાં પલાળેલી, તાજી શેકેલી અને દળેલી કૉફીને ગાળીને પીવાય એટલી ગરમ કરવાની છે. ભીંજણ-કાવાને ઉકાળવાથી એની સોડમ બગડે છે. નાસ્તા વખતે પીવાની કૉફીમાં એક ભાગ કૉફી અને ત્રણ ભાગ દૂધ હોય છે.

હચિન્સન લખે છે કે 'મહત્ત્વની બાબત તો કૉફીને તાજી શેકવાની છે, અને જો શેકેલી ખરીદવી હોય તો તે રેણ કરેલા બંધ ડબામાં જોઈએ. જો દાણા ઘેર શેકવા હોય તો તે એક સરખા કદના રાખવા, નહિ તો તે બરાબર શેકાતા નથી. રાખી મૂકવાથી તેની સોડમ જલદી ઊડી જાય છે. વળી બિયાં દળવાની ઘંટી પણ તદ્દન ચોકખી જોઈએ. એને ચોંટેલી વાસી કૉફીથી દળવાની કૉફીનો ધાણ બગડે છે.'

ઇટાલી અને અમેરિકામાં કૉફી અને દારૂ એકી સાથે વ્યાપકપણે



કૉફીનો છોડ ને બિયાં



કોકોના ડાળી ને ફળ

પીવાય છે. દારૂથી મગજનો ઉશ્કેરાટ શમે છે, વળી થોડા પ્રમાણમાં કૉફીની ઉત્તેજનાનો નિરોધ થાય છે.

કૉફી શોધનાર તુર્ક અને આરબોની કૉફી પીવાની ટેવ સ્વીકારવા જેવી છે. ત્યાં ઘણા નાના પ્યાલામાં કાઢેલી કૉફી એક ઘૂંટડે ગટગટાવાય છે. સશક્ત માણસો અને સૈનિકો પણ તબિયત ન બગડે એવી રીતે કૉફીનો વિવેકી ઉપયોગ કરે એટલા માટે આરબોએ કૉફી પીવાની આ આગવી રીત અજમાવી હશે.

કૉફી માટે પરસ્પર વિરોધી અભિપ્રાયો પડેલા છે. જેવાકે તે ઊંઘ ઉડાડે છે કે આણે છે. રૂધિરાભિસરણ ઉત્તેજે છે, કે તેના ઉપર અસર નથી. ભૂખ ઉત્તેજે છે, કે સંતોષે છે, પાચન સુધારે છે, કે તેના ઉપર અસર નથી. હોજરીનો સ્રાવ વધારે છે કે ઘટાડે છે.

ચાની જેમ કૉફીની અસરો વ્યક્તિગત હોઈ ઉપરના અભિપ્રાયો કોઈને કોઈ વ્યક્તિ માટે સાચા છે. દૂધ અને ખાંડથી કૉફીની ઉત્તેજક અસર ઘટે છે. ભૂખ્યા પેટે કે નાસ્તા વગર પીવાથી તે વધે છે.

કૉફીની પ્રતિષ્ઠા પીનારની શક્તિ અને કાર્યક્ષમતા વધારવાની છે. મગજનાં ઉચ્ચ કેન્દ્રોને તે ઉત્તેજિત કરતી હોઈ માનસિક કામ કરનારનું શ્રેષ્ઠ પીણું છે. તે એટલે સુધી કે તેને 'માનસિક વાજીકરણ' કહેવાય છે. મગજમાં ઉત્તેજના આણી તે ઉદાસીનતાને હઠાવે છે. વળી સ્વાદ અને સોડમથી જ્ઞાનેન્દ્રિયોને પણ ઉત્તેજે છે. એનાથી નિર્ણયબુદ્ધિ અને (વાહન હાંકનારને ઉપયોગી એવી) લાલ રંગ માટેની રંગદૃષ્ટિ પણ સુધરે છે. ટૂંકામાં કૉફી ઉત્તેજના અને તાજગી બક્ષે છે, નહિ કે ઉશ્કેરાટ. અધિચૂષણના ગુણને લીધે કૉફી ઝાડાના રોગમાં ઔષધરૂપે પીવાય છે.

શિશુ અને વિદ્યાર્થીઓ માટે કૉફી અપથ્ય છે. વૃદ્ધોમાં મિત પ્રમાણમાં તે 'જીવનામૃત' છે. મિત પ્રમાણમાં કૉફી નુકશાનકારક નથી. રોજના પાંચ પ્યાલા કૉફી એ વધારે પ્રમાણ છે.

હોજરીનો સોજો અને ચાંદું, લોહીનું ઊંચું દબાણ, પ્રોસ્ટેટ ગ્રંથીની વૃદ્ધિ અને ઝામર, થાયરૉઇડ ગ્રંથીની વૃદ્ધિ, ચામડીની ખંજવાળ અને ચિંતા વખતે કૉફી અપથ્ય છે. અસ્થિર અનિચ્છાવર્તી જ્ઞાનતંત્રવાળા માણસોને કૉફી બરાબર માફક નથી આવતી. વધારે કૉફીથી તેમને બેચેની, ધ્રુજારી, ઝડપી નાડી, અનિદ્રા, પેટમાં ચુંથારા થાય છે. કલ્પનાના ઘોડા વેગથી દોડે છે. કેફિનના વધારે પ્રમાણવાળી કૉફીથી ઉશ્કેરાટ થવો સ્વાભાવિક છે. તમાકુની જેમ કૉફીના અતિયોગથી કોરોનરી ઈન્ફાર્કશન (હૃદયરોગ) થવાનો સંભવ છે.

કાર્યક્ષમતાની ઓટ ને થાક હટાવવા તેમજ રમત સુધારવા કૉફી શ્રેષ્ઠ પીણું છે. મિષ્ટાન્ન પછી સોડમવાળી સરસ કૉફીના જેવું બીજું એકે પીણું નથી. એનાથી શરીરમાં ચેતના આવે છે. કૉફીના આવા ગુણોને લીધે લોહીના ભ્રમણના શોધક સર વિલિયમ હાર્વેએ (ઈ. સ. ૧૬૫૬) લંડનની કૉલેજ ઑાવ ફિઝિશિયન્શને (અનુસંધાન પૃષ્ઠ ૧૧)

કલાવાર્તા



વર્તુલાકૃતિમાં યોજાએલી ફૂલપત્તીની ચીનાઇ ભાત-રચના (મિ. ગ્લાસના પુસ્તકમાંથી)

Drawing Design and Craftwork
(આલેખન, રૂપકલ્પન અને કારુકલા)


આ વિષયોનાં જ્ઞાન અને ક્રિયા પ્રાપ્ત કરવાનું પ્રત્યેક મનુષ્યને પોતાના સંસ્કાર અને શિક્ષણના ઉત્કર્ષ માટે અતિ આવશ્યક ગણાયું છે. અન્ય વિષયોની સર્વવિધ ચિકિત્સા તથા અભ્યાસમાં પણ તેની સહાય અને સંપર્ક, તે તે વિષયોમાં વધુ વ્યાપકરીતે સ્પષ્ટતા અને સફળતા આપવામાં મોટો ભાગ ભજવે છે. એટલે જ શાળાઓના અભ્યાસક્રમમાં આ કલાઓનું સ્થાન સ્વીકારવામાં આવ્યું છે. છતાં તેનાં શિક્ષણ માટે સળંગ વ્યવસ્થિત અભ્યાસક્રમ અને આવશ્યક દૃષ્ટાંતો પૂરાં પાડતાં પુસ્તકોનો આપણે ત્યાં મોટો અભાવ છે. આથી ઉપર્યુક્ત પુસ્તકની પાંચમી અંગ્રેજી આવૃત્તિ હવે મુંબાઈથી જે. વી. નવલખીની કંપની (કાલબાદેવી રોડ, મુંબાઈ ૨) તરફથી પ્રકટ કરવામાં આવી છે તે ખરેખર આવકાર પાત્ર ગણાવું જોઇએ. મુંબાઈ રાજ્યમાં ઘણાં વર્ષોથી ચિત્રશિક્ષકોનું તે પાઠ્યપુસ્તક ગણાયું છે. ફ્રેડરિક જે. ગ્લાસ નામના ઈંગ્લંડના એક વિખ્યાત ચિત્રશિક્ષકે ઈ. ૧૯૨૦માં ઇંગ્લંડમાં તેની પ્રથમ આવૃત્તિ બહાર પાડી તે પછી તેની આટલી આવૃત્તિઓ થઈ તે જ બતાવે છે કે પુસ્તકનું મહત્ત્વ અને જરૂરિયાત કેટલા વિસ્તૃત આદરને પાત્ર થયાં હશે. પુસ્તકનું ઉપલક અવલોકન કરનારને પણ તેનાં ૨૫૬ પાનાંમાં સમાવેલી નાનાવિધ ચિત્રરીતિઓ, તેના ક્રમિક વિકાસ બતાવતાં ચિત્રપૃષ્ઠો ને પાઠ્ય વિષયો શીખવવાને સરળ ભાષામાં રજૂ કરેલું વિવેચન આકર્ષ્યા વિના રહેશે નહિ.

તેના લેખક ચિત્રશિક્ષણના ભારે વિજ્ઞાતા હશે. તેમણે સ્પષ્ટ કહ્યું છે કે ભૂતકાળની ભૂલભરેલી શિક્ષણપ્રણાલીઓથી અપાર નુકસાન થયું છે. જે તે વિદ્યાર્થી સામે પાટિયા પર એક ચિત્ર ચોડીને શિક્ષકનો હુકમ થતો કે 'આના પરથી નકલ ઉતારો.' તેમાંથી જે મૂળ ચિત્ર સમજે તેને તો તે સારું લાગે, પણ જ્યાં બાળકને તેનો અર્થ જ ન સમજાય તેની ખૂબી કે નકલ કરવાનું કારણ શિક્ષક પોતે જ જ્યાં સમજી શક્યા ન હોય ત્યાં બાળકને શું સમજાવે? પરિણામે ચિત્રવર્ગમાં બાળકનું મન રાચે નહિ અને તે કંટાળો અનુભવે. આને ચિત્રશિક્ષણ કહેવું નિરર્થક છે. વિદ્યાર્થીના તેમાં રસ પ્રકટે, હાથમાં મૂકેલા કામમાં તેનું મન એકાગ્ર બને અને તેમાંથી મળેલી પ્રયોગ અને અનુભવની છાપ તેના મનમાં ટકી રહે તો જ શિક્ષણની દૃષ્ટિથી તે સમયની સાર્થકતા ગણી શકાય.

ચિત્રશિક્ષણમાં રસ જગાડવાનો પ્રશ્ન શિક્ષક સામે હમેશાં રહેવાનો. આખા વર્ગને શી રીતે કામમાં એકાગ્ર કરવો એ તેના રોજની ચિંતા હોય છે. આરંભ કરતાં બાળકો આગળ પહેલે દિવસે પહેલો પાઠ મૂકતાં શિક્ષક જો શરૂઆતમાં નીરસ વસ્તુ કે નમૂના મૂકશે અગર પેન્સિલ કે રબ્બર વાપરવાની રીતો પર ટીકા કરવા માંડશે તો તે જ વખતે ચિત્ર માટે બાળકને ગભરાટ અને અણગમો થતાં વાર નહિ લાગે. માટે તેને તો સરળ ને આનંદપ્રદ પ્રયોગો અને પાઠોના ક્રમ દ્વારા આગળ લેતા જવા જોઇએ. મિ. ગ્લાસે પોતાનાં આ વચનોનું મહત્ત્વ સાબિત કરતાં સુઘડ સ્વચ્છ આલેખનોથી ભરપૂર ચિત્રપૃષ્ઠોથી પુસ્તકને ભારોભાર ઉપયોગી બનાવ્યું છે; એક એક વિષયને સમજાવવાને ચિત્રશિક્ષકે કેટલી ગતો વાપરવી જોઇએ તેનું સચસ ધારણ વિવેચન આપ્યું છે. ચિત્રનું આવું શિક્ષણ વિદ્યાર્થીને બુદ્ધિ અને ચારિત્ર્યના વિકાસમાં કેટલું બધું ઉપકારક બને છે તેની સમજ શિક્ષકે પ્રાપ્ત કરવી જોઇએ એવું મિ. ગ્લાસ ભાર દઇને કહે છે, અને તેથી તેમણે ચિત્રશક્તિનો વિસ્તાર થતાં કેટકેટલી કળાપ્રવૃત્તિનો તેમાં સમાવેશ થાય છે તેનો સરસ ખયાલ આપતાં સચિત્ર પ્રકરણો આપ્યાં છે.

ચિત્રપ્રકારની અભિવ્યક્તિ માણસને હજારો વર્ષ પહેલાં પ્રાપ્ત થએલી છે. અક્ષરલેખન તો પ્રત્યેક પ્રદેશે પોતપોતાની ઉપજાવેલી રીતિ છે; ચિત્ર સાર્વભૌમ છે. ચિત્રશક્તિ અવલોકનને સૂક્ષ્મ કરે છે. સ્મૃતિમાં દૃશ્યને દૃઢ કરે છે અને તેમાંથી નવસર્જનના પદાર્થો કે વસ્તુઓ નિર્માણ કરે છે. આ કારણે મિ. ગ્લાસ, કોઈની પણ દોરવણી વગર બાળકો જે ચિત્રો કરે છે તેનું બહુમાન કરે છે. સમજુ શિક્ષકોને તે સલાહ આપે છે કે 'બાળકોને પ્રારંભમાં તેનાં મનધાર્યાં ચિત્રો કરવાનું ઉત્તેજન આપવું, કારણ કે જે પદાર્થો કે દૃશ્યો તેના મન પર છાપ કરી ગયાં હોય તે એ સ્પષ્ટપણે અને સહેલાઈથી આલેખી શકશે. આ થયા પછી સમય પાકતાં તેને જરૂર પ્રમાણે પર્સ્પેક્ટિવ (દૃષ્ટિસંધાન) કે રંગવિધાનની સમજ પાડવી.

બાળકને કામ કરતાં કરતાં તેની ચારિત્ર્યભાવના ખીલે એવી ટેવો પાડવી. સુઘડતા,



ભીંતે જડવાની રંગીન ઇરાની તકતીમાં પશુપંખીની ભાત-રચના (મિ. ગ્લાસના પુસ્તકમાંથી)

સ્વચ્છતા, વ્યવસ્થા ને સુંદરતા શીખવવાની બધી તકોનો ઉપયોગ કરવો. આ સૌંદર્યબોધ માટે જ્યારે પણ કોઈ સુંદર પુસ્તકો કે પદાર્થો કે મ્યૂઝિયમો જોવાની યા પ્રવાસો કરવાની તેને તક મળે ત્યારેત્યારે ચિત્ર દ્વારા તેની નોંધો કરવાની ટેવ તેને પાડવી. આવાં બાળકો શ્રેષ્ઠ નાગરિકો બનશે ત્યારે તેઓ નગરો, બગીચાઓ, ઘરો ને રસ્તાઓને સુંદર બનાવવાની હોંશ બતાવશે અને તેથી સર્વ કોઈ ભારે નગર કે ગ્રામ સુંદર બનશે.

તેમની કેટલીક સૂચનાઓ શિક્ષકોએ ચિત્ર શીખવતાં કાયમ યાદ રાખવી જોઈએ.

"ગમે તે રીતે શીખવો; પણ યાદ રાખવું કે બાળકને 'જોતાં' અને જોએલી વસ્તુ પર 'વિચાર કરતાં' શીખવવાનું છે.

ચિત્રની રીતો પર અનેક પ્રકારના વાદો છે, પણ ખરી વાત તો આકારનું રૂપ દૃઢ કરવાનું છે; નહિ કે ઘસીભૂંસીને ઘૂંટેલી રેખાઓ. સ્વચ્છ રેખાઓ હાથની શિસ્ત કેળવવાને જરૂરની છે, પણ તે આકૃતિની સમજણના ભોગે નહિ. આવી બાબતોમાં કેવી રીતે કામ લેવું તેનો નિર્ણય શિક્ષકે જ કરી લેવો જોઇએ.

સ્મૃતિચિત્રો તો શીખેલા કે નજરે જોએલા પદાર્થોનાં જ થવાં જોઇએ. વારંવાર નિરીક્ષણ કરીને, છૂટી નોંધો કરીને જે આકૃતિઓ વિદ્યાર્થીને પરિચિત બની હોય તેનું મનમાં અવધાન કરીને તે દોરી શકે તે જ સ્મૃતિચિત્ર."

આ અભિપ્રાય પ્રમાણે આપણે ત્યાં ચિત્રવર્ગમાં સ્મૃતિચિત્રોને નામે છાપેલાં ચિત્રોની ચોપડીઓ પ્રચાર પામી છે તે સ્વીકારપાત્ર ન જ ગણાવી જોઇએ અને ચિત્રશિક્ષણના સિદ્ધાંતને અનુસરી તેનો નિષેધ કરવો જોઇએ.

આ હકીકત પ્રત્યક્ષ કરવા મિ. ગ્લાસે સુંદર આકૃતિઓ, સુશોભનો અને પદાર્થોનાં પુષ્કળ ચિત્રો પુસ્તકમાં આપ્યાં છે; જોકે તે પોતાના દેશની પરંપરાનાં છે (જુઓ આ સાથેના નમૂના) ભારતના શિક્ષકોએ તે સિદ્ધાંત ઉપર ભારતની વસ્તુઓનાં ચિત્રો અથવા પ્રત્યક્ષ વસ્તુઓ નિરૂપી બતાવવી જોઇએ.

આ પુસ્તક અંગ્રેજી ભાષામાં છે, પણ તેની ચિત્રસામગ્રી કોઈપણ ચતુર શિક્ષકને પોતાની મેળે ભારતીય આકૃતિઓ અને વસ્તુઓને શિક્ષણપ્રકારમાં સમાવી લેવાની પ્રેરણા આપી રહે તેવું છે. અમને એટલો જ ખેદ થાય છે કે ચિત્રશિક્ષણ માટે આપણી ભાષામાં આવું સમર્થ પુસ્તક નહિ હોવાના કારણે આ પરદેશી આવૃત્તિ માન્ય કરવાની ફરજ આપણને પડે છે. અંગ્રેજી જાણનારા શિક્ષકો દેશના અન્ય ગ્રામશિક્ષકો, વિદ્યાર્થીઓ અને જનસમાજ માટે અંગ્રેજી શબ્દોની બરોબરના દેશી શબ્દોનો પ્રચાર કરે તેમજ, અનુભવ થાય તે પ્રમાણે ભારતીય રૂપના પદાર્થો, આકૃતિઓ અને અલંકરણોનાં સૌંદર્ય અને ઘાટને વિશેષ આદર મળે એવો પ્રયત્ન કરતા રહે એ ઈષ્ટ છે. ભૂલેચૂકે ય તે પુસ્તકની આકૃતિઓની અનુકૃતિઓ કરવાની ભૂલ અને પ્રવાહનો ભોગ ન બને. સ્થાનીયતા, મૌલિકતા અને અપૂર્વતાથી વિદ્યાર્થી પોતાની આપસૂઝ અને સર્જનશક્તિ વિકસાવી શકશે. ચિત્રશક્તિ તેનું અમોઘ સાધન છે. ર. મ. રા.


હૂબહૂ ચિત્રણાનો સ્વામી
નૉર્મન રૉકવેલ

ચાળીસ લાખથી યે વધુ નકલોનો ફેલાવો ધરાવતા અમેરિકાના વિખ્યાત સાપ્તાહિક 'સૅટર્ડે ઈવનિંગ પોસ્ટ'ના આ ફેબ્રુઆરીના એક અંકના પૂઠા સારુ, પં૰ નેહરુનું ચિત્ર આલેખવા એ પત્રના ખાસ કલાકાર ને અમેરિકન જનતાના લાડીલા ચિત્રકાર નૉર્મન રૉકવેલ ગયા માસમાં નવી દિલ્હી આવ્યા હતા.

તળપદાં અમેરિકન પાત્રોની સંપૂર્ણ વિગતભરી સચોટ આલેખના માટે તેઓ દુનિયામાં વિખ્યાત છે. એમાં સાથે સૂક્ષ્મ રમૂજ તો હોય જ. 'ધ ગૉસિપર્સ' (કુથલીખોરો) નામનું એમનું આવું એક ચિત્ર તો ખૂબ જાણીતું છે. એક કાનેથી બીજે કાને ફેલાતી જતી નિંદા આખરે એના મૂળ ઉદ્ભવ પાસે જ પાછી ફરે છે એની રમૂજી અને સચોટ રજૂઆતમાં પોતાનાં ચોદ પડોશીઓ અને પંદરમી પોતાની જાત (જેથી પડોશીઓ ચીડાય નહિ)ની આલેખના એણે ઘણી સચોટતાથી કરી છે. પ્રત્યેક પાત્રના મુખભાવોની ચવિત્રી બાજુ સાથે તેની લાક્ષણિકતા તેણે એટલી ચીવટથી ઉતારી છે કે કોઈ પણ માણસ તેને પારખી કાઢી શકે. આવી જ ચીવટ એ પોતાના પ્રત્યેક ચિત્રમાં રાખે છે.

'સૅટર્ડે ઇવનિંગ પોસ્ટ'નાં ૪૦૦થી યે વધુ પૂઠાં પર એણે અમેરિકન-જીવનની લાક્ષણિકતા આબેહૂબ ઉતારી છે. એમાં એક સામાન્ય અમેરિકનના પોતાની પત્ની, બાળકો, દાક્તર, મોટર, કૂતરો, બિલાડી, વેપારી કે પડોશી સાથેના કોઈ ને કોઇ જીવનપ્રસંગની લાક્ષણિકતાને, તેમાંની બાઘાઈ કે બુદ્ધિચાતુરી દર્શાવતી રમૂજની છાંટ સાથે, સચોટ વાસ્તવદર્શીરીતે ઉતારેલી હોય છે.

હૂબહૂ આલેખનાનો તો તે સમર્થ સ્વામી છે. એને માટે તે એટલો આગ્રહી છે કે પોતાને જોઇતા પાત્ર માટે તે યોગ્ય સ્ત્રી કે પુરુષની



ભૌમિતિક આકૃતિઓમાંથી ઉપજાવેલી વિવિધ ભાત



ફળ-ફૂલ-પાનની આકૃતિઓમાંથી ઉપજાવેલી વિવિધ ભાત

(મિ. ગ્લાસના પુસ્તકમાંથી)



અથાક શોધ આદરતો રખડે છે, અને ઉચિત પાત્ર મળી ગયે તેના સંખ્યાબંધ સ્કેચો ઉતારે છે. અંગવિન્યાસ કપરો હોય તો તેના ફોટોગ્રાફો પાડે છે. એની ટોપીની કિનાર, બૂટની વાધરી કે કપડાની અને ચહેરાની એકેએક કરચલી તે નિષ્ઠાપૂર્વક ઉતારે છે. જરૂર પડે તો સંગ્રહસ્થાનોમાં જઇને ચિત્રવિષયને અનુરૂપ મુદ્દાઓની નોંધો કરી લાવીને સંપૂર્ણ સંતોષ થયા પછી જ તે મુખ્ય ચિત્ર માંડે છે. પિસ્તાલીસ વર્ષની પોતાની કારકિર્દીમાં તેણે સંખ્યાથી નહિ પણ આવી ગુણવત્તાથી જ લોકખ્યાતિ મેળવીછે. માર્ક ટ્વેઈનની જગવિખ્યાત કૃતિઓ 'ટૉમ સૉયર' અને 'હકલબરી ફિન'નાં ચિત્રો દોરવા માટે એણે ટ્વેઈનનું જ્યાં બાળપણ વીતેલું તે ગામમાં જાતે જઈ, ત્યાંના એકેએક સ્થળ તથા નાનાંમોટાં ગામવાસીઓની મુલાકાત લઇને ત્યાંના લોકજીવનની ચિત્રનોંધો કરી હતી. આ ચીવટ એમને પોતાના કલાકારમાતામહ હિલ તરફથી વારસામાં મળી છે.

રૉકવેલનો જન્મ ન્યૂ યૉર્કમાં એક રૂના વેપારીને ત્યાં. બાળપણ પણ ત્યાં જ વીત્યું. પંદરમે વર્ષે નિશાળ છોડીને 'નૅશનલ ઍકેડેમી ઑાવ ડિઝાઈન'માં જોડાયા. ત્યાં પોતાની પ્રગતિનો વેગ ધીમો લાગતાં એ અભ્યાસ પણ પડતો મૂકવા વિચાર્યું, પણ શિક્ષકોએ વાર્યા અને બાળકોના એક પુસ્તકનાં ચિત્રોનું કામ અપાવ્યું. એમાં સફળતા મળી અને એમના ચિત્રવ્યવસાયની શરૂઆત થઈ. જોકે જીવનના આરંભના એ દિવસો કષ્ટમય હતા.


ઈ.૧૯૧૬માં એમણે 'સૅટર્ડે ઈવનિંગ પોસ્ટ' માટે પ્રથમ પૂઠાનું ચિત્ર કર્યું ત્યારથી આજ સુધી મોટે ભાગે એ પત્ર માટે જ એમણે આલેખનો કર્યાં છે. 'બૉય સ્કાઉટ ઑાવ અમેરિકા'નાં કૅલેન્ડરોનાં ચિત્રો પણ છેલ્લાં પાંત્રીસ વર્ષથી તેઓ જ નિયમિતપણે દોરે છે.

સ્ટૉકબ્રિજ (માસાચ્યુસેટ્સ પરગણાના નાના ગામ)માં તેઓ રહે છે. રસ્તા પર જ ઘર હોઈ ઘણી વાર ચિત્રો દોરતાંદોરતાં માર્ગ પરથી ગમે તે વ્યક્તિને ઘરમાં બોલાવી લાવી એને પોતાનું કામ બતાવે છે ને પેલા આગંતુક પર એની શી અસર પડી છે તે સાંભળીને એની ટીકા ટિપ્પણી પરથી જ પોતાની સફળતાનો આંક માંડે છે.

એ પોતાની જાતને 'કલાકાર' નહિ પણ 'ચિત્રકાર' જ કહે છે અને માને છે કે પોતાનાં ચિત્રો 'કલાવિવેચકો' માટે નહિ પણ 'જનસમાજ' માટે છે. કારણમાં એ કહે છે કે આજકાલ કલાવિવેચકોમાં તો મૉડર્ન—'ઍબ્સ્ટ્રૅક્ટ'—આર્ટ (અહેતુક કલા) માનીતી છે, અને મારાં ચિત્રો તો નરી હૂબહૂ આલેખનાનાં વાસ્તવદર્શી છે. કદાચ એકાદ બે દાયકા પછી ફરી પાછી એ શૈલી માન્યતા પામે. ત્યાં સુધી, મારાં ચિત્રો જોનારાઓને હું મારા વિચારો પહોંચાડી શકતો હોઉં તો પણ મને સંતોષ છે.

અરવિંદ ઓઝા


આ સાથે જેમની કેટલીક કૃતિઓ આપી છે એ ભાઈ અરવિંદ દામોદરદાસ ઓઝા 'કૉમનવૅલ્થ ટીચર ટ્રેઇનિંગ સ્કીમ' નામક એક યોજના હેઠળ શિષ્યવૃત્તિ મેળવીને હાલ બ્રિસ્ટલ(ઇંગ્લંડ)માં 'આર્ટ ફૉર સ્પેશિયાલિસ્ટ ટીચર'નો અભ્યાસ કરી રહ્યા છે. એઓ જાતે શ્રીમાળી બ્રાહ્મણ. જન્મ ઈ. ૧૯૨૮માં કંપાલા (યુગાન્ડા)માં. ૧૯૪૬માં કૅમ્બ્રિજ સ્કૂલ સર્ટિ-






ફિકેટની પરીક્ષા પસાર કર્યા બાદ ભારત આવીને '૪૭થી '૫૦ સુધી શ્રી રવિશંકર રાવળની 'ગુજરાત કલાસંઘ ચિત્રશાળા'માં કલાનો અભ્યાસ કર્યો. પછી વડોદરાની ફાઈન આર્ટ્સ કૉલેજમાં એક વર્ષ ગાળીને પેઇન્ટિંગનો ડિપ્લૉમા મેળવી જિન્જા (યુગાન્ડા)માં કલાશિક્ષક તરીકે જોડાયા.


શિક્ષણવ્યવસાય ઉપરાંત અંગતરીતે અનેક કલાપ્રયોગો કરતા રહી એમણે ત્યાં બેએક નિજી ચિત્રપ્રદર્શનો દ્વારા તથા 'સ્ટૅનવૅક કૅલેન્ડર હરીફાઇ'માં ઈનામ મેળવી ત્યાંના સ્થાનિક કલાક્ષેત્રમાં સારી ખ્યાતિ મેળવી છે. ત્યાંની સ્કૂલ ઑાવ આર્ટ્સના વડા પ્રો. સી. ટૉડ, જેઓ પોતે ઉમદા કલાકાર ને કલાવિવેચક છે એમના શબ્દોમાં કહીએ તો "ઓઝા અન્ય કોઈ કલાપ્રકારની વિવિધ અસરોને ઢાળીને નિજી પદ્ધતિએ અનેક કલાશૈલી દર્શાવતા રહે છે... એમની છેલ્લી કૃતિઓ રંગની ભભક અને ચોટભરી રજૂઆત કરતી કંઇક અંશે 'ક્યુબિઝમ' તરફ ઢળતી જણાય છે." ભારતના કલાશિક્ષણ અને જન્મભૂમિના વાતાવરણની અસરના સંમિશ્રણવાળા એમના ચિત્રવિષયોમાં વિવિધતા ને વિપુલતા જોવા મળે છે.




પાંદડાંની આકૃતિઓમાંથી જાપાનીઓએ ઉપજાવેલી નાનાવિધ ભાત-રચના



રૂપકલ્પના (ડિઝાઈન)માં રેખાનું મહત્વ (બંને ચિત્રો મિ. ગ્લાસના પુસ્તકમાંથી)







કૉમનવેલ્થ ટીચર ટ્રેઇનિંગ સ્કીમ વિષે તેઓ લખે છે કે એની વ્યવસ્થા કૉમનવેલ્થ બર્સરી યુનિટ, મિનિસ્ટ્રી ઑાવ એડ્યુકેશન, યુનાઇટેડ કિંગડમ તરફથી થાય છે. શિષ્યવૃત્તિ મેળવનાર વિદ્યાર્થીને લંડનમાં ભણવાનું હોય તો ૪૪ પાઉન્ડ, ઑાક્સફર્ડ ને કૅમ્બ્રિજમાં ૫૧ પાઉન્ડ ૧૦ શિલિંગ અને અન્ય સ્થળે ૪૧ પા૦ માસિક મળે છે. દાક્તરી સહાય તો ત્યાંની 'રાષ્ટ્રીય આરોગ્ય યોજના' હેઠળ સૌ કોઇને મફત જ મળે છે. માત્ર વિદ્યાર્થીએ ઇંગ્લંડ જવા-આવવાનો ખર્ચ પોતે ભોગવવાનો રહે છે.

ઉપર્યુક્ત અભ્યાસક્રમ માટે બ્રિસ્ટલમાં વેસ્ટ ઑાવ ઈંગ્લંડ કૉલેજ ઑાવ આર્ટમાં પાંચ વિભાગો છે: ૧) સ્કૂલ ઑાવ ઈન્ટરમીડિએટ ઍન્ડ બેઝિક સ્ટડીઝ–જેમાં કળાની દરેક બાજુની પ્રાથમિક ભૂમિકાનું શિક્ષણ મળે છે; ૨) સ્કૂલ ઑાવ ફાઈન આર્ટ–જેમાં ચિત્રકામ, શિલ્પ અને માટીકામનું શિક્ષણ અપાય છે; ૩) સ્કૂલ ઑાવ ડિઝાઇન–જેમાં (અ) ગ્રાફિક ડિઝાઈન, (બ) ફર્નિચર અને ઇન્ટીરીઅર ડિઝાઈન, (ક) ડિપાર્ટમેન્ટ ઑાવ ડ્રેસ ઍન્ડ ટેક્સ્ટાઈલ તથા (ડ) ડિપાર્ટમેન્ટ ઑાવ પેઇન્ટિંગ ઍન્ડ ડેકોરેશન્સનો સમાવેશ છે; ૪) સ્કૂલ ઑાવ ટીચર ટ્રેઇનિંગ–અધ્યાપનમંદિર.

કૉમનવેલ્થના સભ્ય કોઈ પણ દેશમાંથી ત્યાંના કેળવણીખાતા દ્વારા અરજી થાય છે.




કાલિદાસજયંતી પારિતોષિકો

મધ્યભારત લલિતકલા અકાદમી તરફથી દર વર્ષે કાલિદાસ સમારોહ પ્રસંગે મહાકવિ કાલિદાસની સાહિત્યકૃતિના કોઈ પ્રસંગને અનુલક્ષીને સર્જવામાં આવેલી કલા–શિલ્પની કૃતિઓનું પ્રદર્શન યોજવામાં આવે છે. ગયા ઑાક્ટોબરમાં ગ્વાલિયર ખાતે ભરાએલા એવા પ્રદર્શનમાં 'અજવિલાપ'ના આ શિલ્પ ઉપર વડોદરા ફાઈન આર્ટ કૉલેજના શ્રી ગિરીશ છ. ભટ્ટ (જેમનો પરિચય અગાઉ 'કુમાર'માં આવી ગયો છે) ને સર્વશ્રેષ્ઠ કૃતિ માટેનું રૂા. ૧૦૦૦નું પારિતોષિક મળ્યું છે. ઍલ્યુમીનિયમ-સીસા ધાતુમાં ઢાળેલી આ કૃતિમાં "ધાતુને અનુરૂપ સ્ટ્રકચરને પ્રાધાન્ય આપી અજ ને ઈન્દુમતીનું એવું સંયોજન કર્યું છે કે આડી અને ઊભી રેખા અવકાશમાં ગતિને સ્થિર રાખી ગમગીનીનું વાતાવરણ સર્જે છે. ઉપરનું ટેક્સ્ચર એના રૂપમાં વધારો કરે છે." (જુઓ ઉપરનું ચિત્ર)


આ ઉપરાંત ભાઇ મહેન્દ્ર પંડ્યા રૂ. ૫૦૦નો સર્વશ્રેષ્ઠ શિલ્પ માટેનો પુરસ્કાર (૧) જયંત પરીખ (જેમનો પરિચય અંક ૪૫૦માં આવ્યો હતો) રૂ. ૫૦૦નો સર્વશ્રેષ્ઠ ચિત્ર માટેનો પુરસ્કાર (૨) પ્રભાબહેન ડોંગરે (ચિત્ર) રૂ. ૨૫૦ અતિરિક્ત પુરસ્કાર (૩) ડી. વી. ગજ્જર (ચિત્ર) રૂ. ૨૫૦ (૪) એન. જી. ભાણવડિયા રૂ. ૨૫૦ મેળવે છે. આમાંથી શ્રી ગિરીશ ભટ્ટે પોતાની આખી રકમના ને અન્ય કલાકારોએ શક્તિ અનુસાર 'ડિફેન્સ બૉન્ડ' ખરીદ્યા છે.

મહારાજા સયાજીરાવ ત્રીજા સ્મારક સંશોધન ઈનામી નિબંધ-હરીફાઈ

મહારાજા સયાજીરાવ ત્રીજા સ્મારક સંશોધન સમિતિની 'સામાજિક તંગદિલી તથા તેના ઉપાયો' એ વિષય ઉપરની ઇનામી નિબંધ-હરીફાઈમાં, ગુજરાત રાજ્યના બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા, અમરેલી, વડોદરા, અમદાવાદ, ખેડા, પંચમહાલ, ભરૂચ અને સુરત જિલ્લાના ઈચ્છુકે પોતાનો નિબંધ તા. ૧૫ જૂન ૧૯૬૩ સુધીમાં ૧૦ થી ૨૫ હજાર શબ્દોમાં ગુજરાતી, મરાઠી યા હિન્દી ભાષામાં લખી સમિતિના મંત્રીને સરનામે મોકલી આપવો. C/o પ્રાચ્ય વિદ્યામંદિર, શ્રીમતી હંસા મહેતા લાયબ્રેરી બિલ્ડિંગ, પોસ્ટ બૉક્સ નંબર ૭૫, વડોદરા.



ચિત્રસંયોજનામાં 'પ્રમાણભાર' યોજવા વિષે સમજણ



(મિ. ગ્લાસના પુસ્તકમાંથી)

માનવ આકૃતિની વિવિધ ગતિ-સ્થિતિનાં આલેખન

કંકાવટી

તારકેશ્વરી સિંહા

સ્ત્રીએ માત્ર ઘરમાં જ પુરાઈ ન રહેતાં બહાર પણ થોડું થોડું સેવાકાર્ય કરવું જોઇએ



એવી માન્યતા ધરાવનાર ભારતનાં નાયબ મહિલાનાણાંપ્રધાન શ્રીમતી તારકેશ્વરી સિંહાનો જન્મ ઈ. સ. ૧૯૨૬માં થએલો. પ્રથમ વડોદરામાં કલકત્તામાં ને પછી પટણાના મહિલા મહાવિદ્યાલયમાં ભણી અર્થશાસ્ત્ર સાથે તેઓ એમ. એ. થયાં.

કૉલેજમાં હતાં ત્યારે ૧૯૪૩માં શ્રી નિધિદેવ નારાયણ સિંહા સાથે એમનું લગ્ન થયું. દેશભક્તિની ભાવના અને બુદ્ધિચાતુર્યને બળે તેઓ પટણા વિદ્યાપીઠની એકમાત્ર પ્રતિનિધિ રૂપ સંસ્થા 'બિહાર પ્રદેશ વિદ્યાર્થીમંડળનાં' ઉપ-પ્રમુખ તરીકે ચૂંટાયાં. પછી તો ઉત્તરોત્તર આગળ વધતાં રહી એમણે પટણા જિલ્લા ગાંધી રાષ્ટ્રીય સ્મારકનિધિ એકીકરણ સમિતિનાં પ્રમુખ, બિહાર કૉંગ્રેસ સમિતિ (મહિલાવિભાગ)નાં પ્રમુખ, પટણા જિલ્લા બોર્ડનાં સભ્ય વગેરે અનેક ક્ષેત્રે સેવા આપી.

૧૯૫૨માં પ્રથમ વાર લોકસભાનાં સભ્ય તરીકે આવ્યાં. '૫૭માં પણ ફરી ચૂંટાયાં. ભારતીય સાંસ્કૃતિક શિષ્ટમંડળનાં નેત્રી તરીકે વિદેશના પ્રવાસ પણ ખેડ્યા. '૬૨માં કોલંબો યોજનાના અંગેના આપણા પ્રતિનિધિમંડળનાં અગ્રણી તરીકે જાપાન પણ ગએલાં.

એક પુત્ર ને એક પુત્રી સાથેના પોતાના પરિવાર તથા દેશના કાર્ય બંને પાછળ ધ્યાન આપે છે. ભારતીય સંસ્કૃતિ પ્રત્યે એમને ઊંડી ચાહના છે. ૧૯૬૨માં લોકસભામાં ચૂંટાતાં ભારતના ફરી નાયબ મહિલા પ્રધાનથયા છે.

રંગીન રૂમાલ ધોતાં પહેલાં નવશેકા પાણીમાં ચમચો ટર્પેન્ટાઈન નાખીને ૨૦ મિનિટ રહેવા દેવા. રંગ ઝાંખા નહિ પડે.

મેશના ડાઘને પાણીથી ધોવાની ભૂલ રખે કરતા. એના પર થોડું મીઠું ભભરાવીને બ્રશથી સાફ કરી નાખજો.

આશરે અરધી સદી પર લખાએલા એક કાવ્યમાં પોતાનો પરિચય આપતાં સુજાતાએ કહેલ નીચેના શબ્દોમાં ગ્રામ નારીના મધુર ગૃહજીવનની તત્કાલીન ભાવના આલેખાઈ છે.

(વસંતતિલકા)

થોડેક કોસ દૂર ગામડું એક નાનું,
સૌન્દર્યરંગ મહીં ઝૂકતું એ મઝાનું;
ત્યાં છે સુખી ગૃહ અને પ્રિય કાન્ત મારા,
રાખે કૃપા અમ પરે પ્રભુ દુઃખહારા.

(શિખરિણી)

પ્રભાતે ઊઠું છું, સ્તવન કરું છું. દાન દઉં છું,
સમારું છું ને હું તુલસી, અતિશે મગ્ન રહું છું;
બપોરે પોઢાડું પતિ મધુર ગીતો વિલસીને,
મીઠો ઢોળું વાયુ, વિરલ વર પામી ય છું હું એ.
વિનોદે વિલાસી નિશ પડી, અને વાળુ પીરસું,
પડોશીની સાથે મધુર મધુરી ગોઠડી કરું;
સુખે સૂઉં છું, એ મુજ ગૃહ કૃપા છે પ્રભુ તણી,
(સુજાતા અને બુદ્ધ) દુઃખી કાં હો મારું જીવન? નકી છું હું સુખી ઘણી. —હાસમ ચારણિયા

ભારતીય કેશગુંફન
એક સુંદર પ્રકાશન


કેશગુંફનના ક્ષેત્રમાં બહેન વીણા પુરોહિતનું નામ ઠીકઠીક જાણીતું છે. 'ઇંડિયન હેર સ્ટાઈલ્સ' (ભારતીય કેશગુંફન) નામે એમણે પ્રકટ કરેલું એક અંગ્રેજી પ્રકાશન આ ક્ષેત્રમાં આગવું સ્થાન મેળવે તેવું છે. વાળની સંભાળ વિષેનાં સૂચનો અને ઉપાયો તો એમાં છે જ; ઉપરાંત, આપણી પ્રાચીન સંસ્કૃતિમાં થતા કેશગુંફનના જે વિવિધ પ્રકારો આપણાં પુરાતન શિલ્પો ચિત્રો આદિમાં નિરૂપેલા છે તે વિષે વિખ્યાત પુરાવિદ્યાવિદ્ સી. શિવરામમૂર્તિનો નાનકડો નિબંધ પણ છે. પુસ્તકનો સમગ્ર ઝોક વાળ ઓળવાની વિવિધ શૈલીઓ તરફ હોઈ એ માટે દરેક શૈલીનાં ખાસ ચિત્રો (ફોટોગ્રાફ) આપ્યાં છે. શરૂઆતમાં પ્રાચીન ભારતીય ગુંફનશૈલી દર્શાવતી ૨૬ શિલ્પકૃતિઓના નમૂનાની સાથે આજે પણ એ જ રીતે વાળ ગૂંથવા શક્ય છે એ દર્શાવતા ફોટોગ્રાફો પણ આપ્યા છે જે બહુ રસમય છે. આ પછી વર્તમાન સમાજમાં પ્રસરી શકે એવી કેશગુંફનની બાવન જેટલી શૈલી, એ પ્રત્યેકની માર્ગદર્શક સમજાવટ ને જ્યાં જરૂરી લાગે ત્યાં ગુંફનના તબક્કાવારનાં એક કરતાં વધુ ચિત્રો આપી વિષયને તદ્દન સરળ બનાવ્યો છે. વેશભૂષા સાથે સંકળાએલા નાટ્યસંસ્થા જેવા ક્ષેત્રમાં, તથા એની પંદર રૂપિયાની કિંમત જ્યાં પોસાઈ શકે એવાં સર્વ ઘરોમાં આ પુસ્તક ઉપયોગી ને આવકારવા જેવું છે.

(પ્રાપ્તિસ્થાન: Mrs. Vina Shroff, 8 Parliament Street, New Delhi-1)



ઓડ ઉપર સહેજ ઊંચે વાળને બાંધી, ત્રણ ભાગ પાડી, એમાંની વચલી સેરને અંગ્રેજી આંકડા આઠ (8)ના આકારે વાળી, સેરના છેડાને મૂળ પાસે બરાબર બાંધી દો. બાકીની બે સેરને એને ફરતી ગોળ વીંટી દઇ એના પર જૂઈ કે ચમેલીની વેણી ભેરવો. બીજી એક વેણી તેના બે ભાગ કરી પેલી લટકતી સેર પર બાંધી દો. ('ઈંડિયન હેર સ્ટાઈલ્સ'માંથી)

પતિની સિગારેટ પીવાની આદત છોડાવવા લંડનમાં એક સ્ત્રીએ એવી યુક્તિ અજમાવી કે જ્યારેજ્યારે એ પોતાના પતિના મોંમાં સિગારેટ જુએ ત્યારેત્યારે એણે અરધો ક્રાઉન ગટરમાં ફેંકી દેવા માંડયો. આખરે પતિની ધૂમ્રપાનની આદત છૂટી ગઈ; પણ એ દરમિયાન પેલી બાઇને કુલ ૧૭ પાઉંડ ૧૭ શિલિંગ અને ૬ પેન્સ ગટરમાં ફેંકી દેવા પડેલા!




ગયે વર્ષે ઉપયુક્ત ટાંકાઓના માર્ગદર્શન સાથે આપેલો એવો, ભરતકામનો એક વધુ બુટ્ટો. જોઈતા માપમાં આલેખી શકાય એટલા સારુ એના પર આંકેલા ખાનાં દોરી બતાવ્યાં છે.

ખીચડીનાં ઢેબરાં (કરકસરની વાની)

ખીચડી વધી હોય એને નાખી ન દેતાં તેમાં થોડું પાણી તથા ઘઉંનો લોટ નાખવો. લોટના પ્રમાણમાં આદુ, મરચાં, મીઠું, હીંગ વગેરે નાખી મોણ દઈ ઢેબરાં કરવાં. ખાવામાં વાંધો ન હોય તો કાંદા પણ નાખવા.

તેમાં થોડી ખટાશ નાખી આથો આવે તો ઢોકળાં યે થાય. તે ગરમગરમ સારાં લાગે છે.

(ગુ. સ.) —કુ. મીરાં ગજાનન મુનશી



તમારું જ માથું દુખ્યા કરે છે એવું નથી. ડૉક્ટરોએ સંશોધન કર્યું છે કે માથું દુખવાની સામાન્ય ફરિયાદમાંથી દુનિયાની કોઈ વ્યક્તિ બાકાત નથી. એનાં ૪૭ કારણોમાંથી કબજિયાત, અતિશ્રમ, ભૂખ, ઉજાગરો, શરદી વગેરે જેવાં કારણો તો સાધારણ પ્રયત્ને પણ દૂર થઈ શકે. માણસને વર્ષભરમાં સરાસરી ૧ થી ૨૪ વખત માથું દુખે છે. આમાંથી ૭૨ ટકા દુખાવો ૧ થી ૬ કલાકમાં સામાન્ય ઉપાયોથી બેસી જાય એવો હોય છે. બાકીના ગંભીર પ્રસંગોએ ડૉક્ટરની સલાહ લેવી જોઇએ.

ઘરગથુ ઔષધ .... ૧૩] આમળાં

આમળાંમાં લવણ (ખારા) સિવાયના બધા રસ રહેલા છે. એ પોતાના અમ્લ રસથી વાયુનો, મધુર રસ તથા શીતવીર્યથી પિત્તનો અને તૂરા રસ તથા રુક્ષ ગુણથી કફનો નાશ કરે છે. વળી આમળાંમા વિટામિન 'સી' પુષ્કળ માત્રામાં રહેલું છે. એ શ્રેષ્ઠ વયઃસ્થાપન, ચક્ષુષ્ય, રસાયન, લઘુ, દીપન, પાચન, આયુષ માટે હિતકારી તથા પૌષ્ટિક છે. જૂનો વિષમ જ્વર, હૃદયરોગ, માથાનો દુખાવો, અતિસાર, ઝાડા, અરુચિ, ઉધરસ, પ્રમેહ કુષ્ઠ, ગુલ્મ, શોષ, પાંડુરોગ, અર્શ, બરોળની વિકૃતિ, સળેખમ વર્ણવિકૃતિ, સ્વરભંગ, કમળો, કૃમિ, સોજો, તમકશ્વાસ (દમનો પ્રકાર) વમન, નપુંસકતા તથા સ્મૃતિ અને બુદ્ધિના પ્રમોહનો નાશ કરે છે.

સોમરોગ

સોમરોગ (સ્ત્રીઓને થતા બહુમૂત્રતાના રોગ) માટે શાર્ઙ્ગધરે, એક નિર્દોષ અને સરળ પ્રયોગ બતાવ્યો છે: પાકાં તાજાં આમળાંનો બે તોલા રસ કાઢી એમાં એક પાકું કેળું છૂંદીને અર્ધો તોલો સાકર મેળવી આ મિશ્રણના સેવનથી સોમરોગ મટે છે.

આમળાં પ્રમેહમાં પણ લાભદાથી છે. તેના બે તોલા રસમાં અર્ધો તોલો હળદરનું ચૂર્ણ અને અર્ધો તોલો મધ મેળવી સેવન કરવું.

રક્તપિત્ત

રક્તપિત્ત રોગમા પિત્ત લોહીમાંભળી જાય છે. પરિણામે પિત્તની ઉષ્ણતા અને તીક્ષ્ણતાથી સૂક્ષ્મ કેશવાહિનીનાં પડ દિવાલ ભેદાઈ જાય છે ને પરિણામે મુખ, નાક વગેરે ઉપરના માર્ગોથી કે ગુદા, શિશ્ન જેવા અધોમાર્ગથી દૂષિત લોહીનો સ્રાવ થાય છે. પિત્ત પ્રકૃતિવાળાને અને પિત્તવર્ધક આહારવિહારનું સેવન કરનારને આ રોગ થાય છે. આમળાં પરમ પિત્તશામક હોઈ રક્તપિત્તમાં એનું સેવન લાભદાયી છે. રોજ બે તોલા આમળાંના રસમાં અર્ધો તોલો સાકર મેળવી સેવન કરવું. અર્ધો તોલો આમળાંના ચૂર્ણમાં અર્ધો તોલો સાકરમેળવીસવારસાંજ પાણીસાથે લેવાથીપણ લાભ થશે. રક્તપિત્તની જેમ અમ્લપિત્તમાં પણ આમળાંનું સેવન લાભદાયી છે.

જેમને અવારનવાર નસ્કોરી ફૂટતી હોય, દાંતમાંથી લોહી નીકળતું હોય, મોં આવી જતું હોય, આંખો, હાથપગનાં તળિયાં, છાતી વગેરેમાં દાહ થતો હોય એ સર્વને માટે આમળાંનું સેવન પરમ હિતકર છે.

લોહીવા

સ્ત્રીઓને અતિશય ઋતુસ્રાવ થતો હોય, કોઠામાં ગરમી કે રતવા હોય એમણે આમળાંનું સેવન લાંબા વખત સુધી કરવું જોઈએ. આમળાંની ઋતુમાં તો લીલાં આમળાંનો જ ઉપયોગ કરવો; ન મળતાં હોય ત્યારે આમળાંના મુરબ્બા કે ચૂર્ણનું સેવન કરવું.

બલ્ય (ટૉનિક) ઔષધ અને ખોરાક તરીકે આમળાંમાંથી બનાવેલા ચ્યવનપ્રાશ અવલેહ (જીવન)નો ઉપયોગ લાભદાયી છે. 'જીવન'માં સાકર, ઘી અને આમળાં જેવાં પરમ પિત્તશામક દ્રવ્યો પડતાં હોઈ શિયાળા સિવાયની ઋતુઓમાં પણ એનો ઉપયોગ થઈ શકે.

લાભશંકર ઠાકર



ફ્રૉકના કેટલાક ઘેર, જેની મૂળ રચના સમજી લીધા પછી તેમાં અનેક શોભનો ઉમેરી શકાય.

સાહિત્યસંપર્ક

સામાન્ય માણસથી માંડી વિદ્વાન વિચારકને પ્રિય થઈ પડે એવું તત્ત્વનિષ્ઠાનું રસાયન પાનાર

પરદેશી સત્તાઓનાં પલટાતાં શાસનોની ધૂંસરીનો ભાર લાંબા સમય સુધી વેઠવા છતાં ભારતે પોતાની સાંસ્કૃતિક તેમજ આધ્યાત્મિક અસ્મિતા અક્ષત ટકાવી રાખી તેમાં આપણા સંતમહાત્માઓ, સનિષ્ઠ તત્ત્વચિંતકો અને વિચારકોનો મોટો ફાળો છે. જમાને જમાને એ મહાપુરુષોએ જીવનનાં ચિરંતન મૂલ્યોને પ્રજા સમક્ષ જીવંત રાખ્યાં અને નવી વિચારસરણીઓ, રીતરસમો તથા આચારવ્યવહારની પ્રણાલીઓના સતત સંઘર્ષ સામે અણનમ ઊભા રહેવાનું સામર્થ્ય આપણને આપ્યા કર્યું.

ઓગણીસમી સદીની છેલ્લી પચ્ચીસીમાં, અન્ય સ્થળે તેમ ગુજરાતમાં પણ, આધ્યાત્મિક જિજ્ઞાસાનો જુવાળ આવ્યો. એ વખતે જ્યારે યુરોપની સંસ્કૃતિ બુદ્ધિવાદનો વિઘાતક વંટોળ સર્જી રહી હતી અને આપણી રહેણીકરણી તથા ધાર્મિક માન્યતાઓને એ કૃત્રિમ અજવાળામાં રૂઢિગ્રસ્ત, પછાત અને વહેમી માનસ તરીકે દેખાડવાનો પ્રયત્ન થતો હતો ત્યારે આપણા અનુભવસિદ્ધ તત્ત્વજ્ઞાનને યથાર્થ રૂપે સજીવન કરી સંતપુરુષોએ એ વંટોળને શમાવ્યો. એમણે 'ધાર્મિકતા', 'ધર્માળુતા' અને 'ધર્માંધતા' વચ્ચેનો સૂક્ષ્મ ભેદ સારવી પ્રજાને તત્ત્વનિષ્ઠાનું રસાયણ પાયું. ઈશ્વર છે કે નહિ, ભક્તિ સારી કે જ્ઞાન, બુદ્ધિગ્રાહ્ય હોય તે જ તત્ત્વજ્ઞાન કે નિગૂઢ રહસ્યવાદ પણ તેમાં લેખી શકાય,–એવાએવા અનેક પ્રશ્નોનો ઉહાપોહ તે સમયે થયો.

આવા એક સંતપુરુષ તે શ્રીમાન્ વિશ્વવંદ્ય–શ્રી છોટાલાલ જીવનલાલ, જેમનો પરિચય ગયા નવેમ્બર અંક (૪૯૭)માં આવી ગયો. શિક્ષકનો સામાન્ય વ્યવસાય કરવા છતાં, સામાજિક તેમજ કૌટુંબિક પરિબળોથી પર થઈ એમણે શુદ્ધ બુદ્ધ મુક્ત આત્માની સમુન્નતિ સિદ્ધ કરી; એટલું જ નહિ પણ પોતાના અનુભવને જોરે, વ્યાપક લોકકલ્યાણની અવિરત પ્રવૃત્તિ કરીને એમણે ધર્મ અને ધાર્મિક પુરુષો વિષેના વિકૃત ખયાલોનું નિરસન કર્યું, આર્ષ વિદ્યાની સાચી સમજ ફેલાવી, શ્રેય પ્રેય વચ્ચેનું અંતરતમ એકત્વ છતું કર્યું, સાંપ્રદાયિક વર્તુલોના વિદ્વેષો કેમ વટાવી જઈ શકાય અને વ્યષ્ટિસમષ્ટિનું નવસર્જન કેવી રીતે થઇ શકે તેનો રસ્તો બતાવ્યો.

આપણો ધર્મ કેવળ વિચારનો કે વિમર્શનો વિષય નથી, આચારનું મધ્યબિંદુ છે; પાર્થિવ સુખ પણ વાસ્તવમાં અપાર્થિવ તત્ત્વો સાથે સંકળાએલું છે; માણસ કાયાનો પિંડ જ નહિ, આત્માનો આવિષ્કાર છે; જીવશિવનો સંબંધ વાણીનો વિહાર માત્ર નહિ પણ આત્મા–પરમાત્માનું વિશિષ્ટ અનુસંધાન છે; માનવીની સમુત્ક્રાંતિ કેવળ ભૌતિક કે આધ્યાત્મિક નથી પણ સર્વસ્પર્શી છે–એટલે કે માણસનો વિચાર અને આચાર વિસંવાદી હોય અને છતાં તે ઉન્નત બની શકે એ સંભવિત નથી; આવાંઆવાં મૂળ તત્ત્વો વિષે શ્રી વિશ્વવંદ્યે સરળ વાણીમાં લખ્યું અને સન્માર્ગની સાચી સૂઝ આપી. કોઈ પણ પ્રકારની જિજ્ઞાસા, પછી ભલે તે કુતૂહલ હોય, એમણે ઉવેખી નહિ, પણ સંતોષવાનો યત્ન કર્યો. ગમે તેવા પ્રશ્નોના વિવેકયુક્ત ઉત્તર આપી એમણે પ્રશ્ન કરનારને સન્માર્ગે દોરવાનું આખર સુધી ચાલુ રાખ્યું. ગુરુપરંપરા જેવા



આધુનિક ભારતને ઘડવામાં જે ગણીગાંઠી વ્યક્તિઓનું સાતત્યપૂર્વકનું પીઠબળ આજે પંડિત જવાહરલાલ નેહરુને મળી રહ્યું છે, અને જેઓ લોકશાહી સમાજવાદની વિચારસરણીના અમલમાં અથાગ પરિશ્રમ લઈ રહ્યા છે તેઓમાં મોરારજીભાઈ દેસાઈ અગ્રસ્થાને છે.

કેન્દ્રના નાણાપ્રધાન તરીકે તેમણે પોતાની શક્તિની પ્રતીતિ દુનિયાને કરાવી આપી તે પહેલાં મુંબાઇ રાજ્યના મુખ્યપ્રધાન તરીકેની સફળ કારકિર્દીથી તેમણે તંત્રસંચાલન અને રાજકારણમાં પોતાનું વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કરી લીધું હતું. અને આજે ચીનના આક્રમણની અણધારી આફત પ્રસંગે, લશ્કરી સંરક્ષણ જેટલી જ અગત્યની નાણાકીય સાધનો ઊભાં કરવાની ભારે જવાબદારી જે કુશળતાપૂર્વક વહી રહેલી વ્યક્તિ તરીકે પણ જેમના પરિચયની જિજ્ઞાસા સ્વાભાવિક બને એ મોરારજીભાઈનું વિસ્તૃત ચરિત્ર ગુજરાતીમાં આજથી બે વરસ પહેલાં બે દળદાર ગ્રંથોમાં બહાર પડ્યું છે એનું સ્મરણ કરવું જોઇએ.

એના લેખક શ્રી અંબેલાલ જોષીએ દિવસો સુધી મોરારજીભાઈની મુલાકાતો લઈ, વિગતે વાતચીતો કરીને તેમના જીવન વિષે બની શકી તેટલી વિસ્તૃત માહિતી એકઠી કરી છે તે પહેલા ગ્રંથમાં આપી છે. બીજા ભાગમાં વિવિધ વિષયો અંગેના એમના વિચારોનું સંકલન છે.

સામાન્ય સ્થિતિમાં જન્મીને કુટુંબ તથા સમાજના નાનામોટા ઝંઝાવાતોને પાર કરી ઉચ્ચ શિક્ષણ અને એ કાળે ઉચ્ચ ગણાતી સરકારી નોકરી મેળવનાર પુરુષાર્થીની પહેલા ભાગમાંની કથા યુવાન વાચકો માટે પ્રેરક અને રોચક છે; તો બીજા ભાગમાં નિરૂપેલી તેમની વિચારધારામાં, સરકારી નોકરીમાંથી કૉંગ્રેસમાં પ્રવેશ્યા પછી ગાંધી વિચારસરણીમાં પલોટાઇને સ્વાતંત્ર્યની લડત દરમિયાનના પ્રસંગો ને પ્રવાહો સોંસરા વિવિધ રાજકીય તથા સામાજિક વિષયો પર તેમના વિચારો જે દૃઢીભૂત થતા ગયા તેનું આલેખન છે. કેટલીક બાબતોમાં તેમના વિચારો ગાંધીજીથી જુદા પડતા ત્યારે તે દર્શાવવાની નમ્ર હિંમત પણ તેમણે જીવનમાં બતાવી છે. 'મોરારજીભાઇનું રાજકારણ' નામના પ્રકરણમાં એમણે ગાંધીજી ને સરદાર બન્નેનો કેવો સમન્વય સાધ્યો છે તે દર્શાવ્યું છે. કોઇની પણ શેહમાં તણાયા વિના 'અપ્રિયમ્ અપિ સત્યમ્ બ્રુયાત'નો સિદ્ધાંત અનુસરીને પોતાની કડવી જીભ માટે અનેકને ખૂંચનાર મોરારજીભાઈનાં નેતૃત્વની કસોટી પણ કદાચ એમાં જ છે.

લેખકે દર્શાવેલી અનેક ધ્યાન ખેંચે એવી બાબતોમાં બીજી એક તરી આવતી વાત તે મોરારજીભાઈની 'ભારતીયતા'. તેઓ માને છે કે મનુષ્યના સર્વાંગી વિકાસ માટેની બધી જ સામગ્રી ભારતમાં પડેલી છે, અને જો યથાર્થ ઉપયોગ કરવામાં આવે તો પરદેશ તરફ જોવાની જરૂર જ ન રહે.

પરંતુ આ બધી છણાવટો છતાં પાશ્ચાત્ય જીવનકથાકારો વ્યક્તિઓનાં જીવન-પાસાં ઉપસાવવામાં તેમના ગુણ અને શક્તિની સાથે તેમની ઊણપો પણ જે ખૂબીથી દર્શાવી દેતા હોય છે, એ રીતે લેખકે મોરારજીભાઈની ઊણ-

નિષ્ઠામૂલક વિષયોની ધીરજપૂર્વક છણાવટ કરી; સત્યને બહાર લાવવા તેઓ મથ્યા; એ જ પ્રમાણે આહારને આચાર સાથે ઊંડો સંબંધ હોઈ તે વિષે પણ વિસ્તારથી ચર્ચા કરી.

કોઈ પણ વિષય એમને માટે નજીવો નથી. એમની દૃષ્ટિ સર્વગ્રાહી છે, માનવજીવનની સંકુલતાથી એ પૂરેપૂરા વાકેફ છે એ તો એમણે છણેલા વિષયો પર અછડતી નજર કરતાં યે જણાઇ આવે છે. દરેક વિષયમાં તેઓ ઝીણું અન્વેષણ કરે છે; તર્કસિદ્ધ વિચારોને એ તત્ત્વનિષ્ઠાના નિકષ પર મૂકી તપાસી જુએ છે. કોઇ પણ વસ્તુ પરંપરાગત કે પ્રાચીન છે એટલા ખાતર જ એનો સ્વીકાર કરવાની એ હિમાયત કરતા નથી, પણ વસ્તુનું સત્ત્વ સ્થાપિત કરી, તેની યથાર્થતા સાબિત કરીને પછી તેનો સ્વીકાર કરવાનો અનુરોધ કરે છે. એમની ચર્ચામાં ઋજુતા છે; ક્યાંય ઝનૂન કે વિદ્વેષનું ચિહ્ન સરખુ નથી, કે નથી કોઇ પ્રકારની સાંપ્રદાયિકતા. શ્રેયસ્સાધક અધિકારી વર્ગના આદરણીય અગ્રણી હોવા છતાં એ વર્ગનો વિસ્તાર કરવા માટે એમણે લખ્યું નથી. એમણે તો સનાતન ધર્મનાં મૂળભૂત તત્ત્વોની જ વિચારણા કરી. શ્રી નૃસિંહાચાર્યજી અને શ્રી ઉપેંદ્રાચાર્યજી પ્રત્યેની ગેરસમજ એમણે દૂર કરી ખરી, પણ એમને જ અનુસરવું એવો આગ્રહ ક્યાંય વ્યક્ત કર્યો નહિ. એઓ તો 'મહાપુરુષ'નો મહિમા સમજાવે છે, 'વ્યક્તિઓ'નો નહિ; 'સદ્‌ગુરુ'ની સર્વોપરિતા સૂચવે છે, કોઇ એક 'ધર્માચાર્ય'ની નહિ.

આ વીતરાગ, પક્ષાપક્ષરહિત, સર્વગ્રાહી વૃત્તિને કારણે શ્રી વિશ્વવંદ્ય આપણી સંસ્કૃતિના રહસ્યને સમતોલ રીતે રજૂ કરી શકે છે. એમની વિચારધારા જેટલી જ પ્રવાહી અને રોચક એમની ગદ્યશૈલી છે. સૂક્ષ્મ વિચારો પણ વિશદતાપૂર્વક એમની વાણીમાં પ્રગટ થાય છે. ક્યાંય ક્લિષ્ટતા કે શ્રમ નજરે પડતાં નથી. કેવળ સાહિત્યિક દૃષ્ટિએ જોઇએ તો પણ શ્રી વિશ્વવંદ્ય એ યુગના એક સમર્થ ગદ્યકાર છે. સામાન્ય માણસથી માંડી વિદ્વાન વિચારકને પ્રિય થઈ પડે તેવી શૈલીમાં એ લખે છે. શ્રેયસ્સાધક વર્ગને જનતાનું પીઠબળ મેળવવામાં એમણે કેટલો મોટો ફાળો આપ્યો હશે તે આ લેખોના સંકલન પરથી જોઈ શકાય તેમ છે.

બીજી એક સાહિત્યિક વિશિષ્ટતા પણ ઉલ્લેખ માગી લે છે, અને તે એમની વિજ્ઞાનની રસિક વાતો. સાહિત્યના આ પ્રકારને આપણે ખીલવ્યો નહિ એ કદાચ આપણી સર્જનમર્યાદાનું સૂચક છે; પણ શ્રી વિશ્વવંદ્યે ખેડેલા આ ક્ષેત્રમાં ઘણી શક્યતાઓ હતી. એચ. જી. વેલ્સની વૈજ્ઞાનિક વાર્તાઓ અને નવલકથાની સફળતાના અનુસંધાનમાં આ વિષયને જોવો જોઇએ. એ કાળે 'યોગિનીકુમારી' અને ત્રિભુવનવિજયી ખડ્‌ગ' જેવી કૃતિઓએ આ દિશામાં જે પ્રસ્થાન કર્યું હતું તે અવશ્ય નોંધપાત્ર હકીકત છે.

વિશ્વવંદ્ય કિરણાવલિનું આ પ્રથમ કિરણ અત્યંત તેજસ્વી છે. વિશ્વવંદ્યનું એ સાહિત્ય આજે સહેલાઇથી મળી શકતું નથી. તેને સુલભ કરવાનું કાર્ય હાથમાં લઈ શ્રી જગન્નાથ ડૉકટરે આપણને ખરેખર ઋણી બનાવ્યા છે. ગુજરાતના ઘડતરમાં આ સાહિત્ય ગ્રંથસ્થ થઈ નવીન બળ આપશે તે વિષે શંકા નથી.

ચંદ્રકાન્ત શુક્લ

[વિશ્વવંદ્ય કિરણાવલિ: પ્રથમ કિરણ, કર્તા શ્રીમાન્ વિશ્વવંદ્ય, પ્રાપ્તિસ્થાન: જગન્નાથ પૂજાલાલ ડૉકટર પો. ઑ. ૭૧૨ મુંબાઈ ૧; પૃ. ૪૫૯, મૂલ્ય, રૂ. ૫-૫૦. આ ગ્રંથ ખરીદનારને 'વિચારરત્નરાશિ' નામનું, વિશ્વવંદ્યના વિચારકુસુમોના સંકલનનું પુસ્તક પણ ભેટ મળશે.]

પો પણ સામાજિક પૃષ્ઠભૂમિકામાં ચર્ચી હોત તો ઠીક ગણાત. લેખક વ્યવસાયે વકીલ હોઈ તેમની શૈલી ક્યારેક લાંબી વાક્યરચનાને કારણે ક્લિષ્ટ થાય છે. એ લંબાણદોષ એક રીતે કહીએ તો આખા પુસ્તકને લાગુ પડે છે. જીવનચરિત્રો પ્રજાઘડતરમાં—ખાસ કરીને ઊગતી પ્રજાના ઉત્થાનમાં-અગત્યનો ફાળો આપતાં હોવાથી નિરર્થક લંબાણથી દળદાર થતા ગ્રંથોની કિંમત સામાન્ય પ્રજાને પોસાતી નથી. આ બંને ગ્રંથોની રૂા. ૩૦ની કિંમત લાયબ્રેરીઓ સિવાય બહુ ઓછા માણસોને પરવડે. વળી જીવનચરિત્રોમાં વ્યક્તિનાં શબ્દચિત્રો જેટલી જ અગત્ય તેનાં વાસ્તવચિત્રો–ફોટોગ્રાફોની છે. દિવસો સુધી મુલાકાત લઇને જીવનપ્રસંગો એકઠા કરનાર લેખક મોરારજીભાઇના જીવનના જુદાજુદા તબક્કાઓની છબિઓ પણ મેળવી શક્યા ન હોત? એ ઉમેરા સાથે આ બંને મહાગ્રંથોનો સંક્ષેપ 'પૉકેટ-બુક'ના રૂપમાં કરવામાં આવે તો ગુજરાતના જનસામાન્ય તથા યુવકવર્ગને આ કાળના એક સાચા ને ગરવા ગુજરાતીનો પરિચય સરળતાથી મળી રહે. ગુજરાતની ધરતીએ દેશના ચરણે જે મહાન પુરુષો આ યુગમાં ધર્યા તેમાં ગાંધીજી, સરદાર વગેરેની સાથે મોરારજીભાઇનો પણ એવો પરિચય આપવાની અગત્ય આજે ઘણી ગણાય.

ખાસ કરીને આજે જ્યારે પ્રજાના મનમાં એમને વિષે કેટલીક સાચી-ખોટી ગ્રંથિઓ પડેલી છે ત્યારે આ ચરિત્ર મોરારજીભાઇને જેવા છે તેવા સમજવાને ઉપયોગી સાબિત થશે એમાં બે મત નથી. —સૂર્યકાન્ત પરીખ

(મુખ્ય વિક્રેતા ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીરસ્તો, અમદાવાદ)

વિવેકાનંદ ગ્રંથમાળા

સ્વામી વિવેકાનંદનું નામ સાંભળતાં જ પ્રાચીન ભારતવર્ષનો એક આધ્યાત્મિક આદર્શ ને મૂર્તિમંત પુરુષાર્થ દૃષ્ટિ સમક્ષ ખડો થાય છે.

સો વર્ષ પહેલાં જ્યારે આપણા દેશમાં જીવનનાં સર્વ ક્ષેત્રમાં અંધકાર વ્યાપેલો હતો, ધાર્મિક, સામાજિક, રાજકીય અને આર્થિક, દરેક રીતે આ મહાન દેશ ઝપાટાબંધ નીચે ઊતરી રહ્યો હતો તેવે સમયે, સ્વામી વિવેકાનંદે આ ખંડ જેવડા વિશાળ દેશને ઘોર નિદ્રામાંથી ઢંઢોળીને જાગ્રત કર્યો.

સ્વામીજીએ વેદાંતનાં ઊંડાં રહસ્યોને આત્માના ઓજસથી દીપતી જોમદાર ભાષામાં રજૂ કર્યાં એટલું જ નહિ, જીવનનાં તમામ ક્ષેત્રોમાં માનવમાત્રને પ્રેરણા આપતી વાણીમાં એ વ્યવહારૂ બનાવ્યાં. સ્વામીજી માત્ર આધ્યાત્મિક પુરુષ ન હતા. તેઓ રાષ્ટ્રીય ઉત્થાનના એક મહાન પુરસ્કર્તા પણ હતા.

આજથી ચારેક દાયકા પહેલાં એક એવો યુગ હતો, જ્યારે દરેક યુવાનના હાથમાં વિવેકાનંદનું પુસ્તક હતું અને તેના હૃદયમાં એ સંન્યાસીની આગ હતી. મૂકવાનું મન ન થાય એવી એમનાં લખાણોમાં અને વ્યાખ્યાનોમાં મોહિની ભરેલી છે. માનવ જીવનની મહત્તા, માનવ જીવનની મીઠાશ અને માનવ જીવનની સાર્થકતા શામાં રહેલી છે તે સ્વામીજીએ પોતાના જીવનથી બતાવી આપ્યું છે.

સ્વરાજ્યપ્રાપ્તિ પછી ભારતવર્ષ પ્રગતિને પંથે આગેકૂચ કરી રહ્યું છે ત્યારે સ્વામીજીનો એ મહાન સંદેશ વધારે આવશ્યક બન્યો છે. જીવનનાં તમામ ક્ષેત્રોમાં, રાષ્ટ્રના સર્વાંગી વિકાસમાં, રાષ્ટ્રને મૂંઝવતા પ્રશ્નોમાં, તેમણે બતાવેલો માર્ગ, તેમણે આપેલા ઉકેલ આજે સવિશેષ માર્ગદર્શક બને તેમ છે.

આ માસમાં સ્વામી વિવેકાનંદ શતાબ્દીજયંતી ઊજવાય છે તે પ્રસંગે શ્રી રામકૃષ્ણ આશ્રમ રાજકોટ તરફથી ગુજરાતી ભાષામાં સ્વામી વિવેકાનંદ શતાબ્દી ગ્રંથમાળા પ્રગટ કરવાનું નક્કી થયું છે. એમાં સ્વામી વિવેકાનંદનાં વ્યાખ્યાનોના દસ ગ્રંથ તથા જીવનચરિત્રોના બે ગ્રંથ મળીને કુલ બાર ગ્રંથ ગુજરાતી ભાષામાં બહાર પડશે, જે દરેક આશરે ૪૮૦ થી ૫૦૦ પૃષ્ઠનો થશે. દરેક ગ્રંથમાં એકેક ચિત્ર મૂકાશે. ડેમી સાઇઝના આ ગ્રંથો પાકાં

શબ્દકથા : 'મચ્છરદાની'

નરસિંહ મહેતા જેવા સંત પિતાને ઉતારી પાડતી નણંદીને રોકતાં કુંવરબાઇ કહે છે : 'નણંદી, મચ્છર શો આવડો ?' એ 'મચ્છર'—'મત્સર'નો અર્થ છે 'ગુમાન.' અહીં એ 'દ્વેષ', 'ઈર્ષા' 'અસૂયા'નો પણ વાચક છે. આ જ મૂળ અર્થ જણાય છે.

સંસ્કૃતમાં 'મત્સર' વિશેષણ તેમજ નામ બંને છે. 'મત્સર' એટલે 'અદેખું', 'દ્વેષી'; તેમજ 'અદેખાઈ,' 'દ્વેષ'. પ્રાકૃત રૂપ 'મચ્છર.' પછીથી ડંખીલા, દ્વેષી જીવડા માટે તે પ્રચલિત થયો. હિન્દી, પંજાબી ને સિંધીમાં પણ આ જ શબ્દ છે.

સંસ્કૃતમાં મચ્છર (જંતુ)ને 'મશક' કહે છે. આપણી કેટલીક બોલીઓમાં તે ઊતરી આવ્યો છે. મચ્છરને ગોહિલવાડીમાં 'મસલું' કહે છે. (આમાં સકાર વિસર્ગ જેવો બોલાય છે.) એક મધ્યકાલીન વાર્તામાં ધુતારી ગણિકા કેટલીક અશક્ય માગણીઓ કરે છે, તેમાંની એક છે 'મસાનાં હાડ' (= મચ્છરનાં હાડકાં) લાવી આપવાની.

મચ્છરથી બચવા વપરાતી 'મચ્છરદાની'માં 'દાની' એ 'થૂંકદાની', 'પિકદાની', 'ધૂપદાની', 'ગુલાબદાની' વગેરેમાં જે છે, અને સંસ્કૃત 'ધાની' ('અંગારધાની', 'રાજધાની' વગેરેમા) છે તે મૂળે એક જ ધાતુ છે. સંસ્કૃત 'ધા' (અંગ્રેજી do) = 'મૂકવું'.

અગિયારમી શતાબ્દીથી સંસ્કૃત કોશોમાં મચ્છરદાની માટે 'મશકહરી'ને 'ચતુષ્કી' શબ્દો મળે છે. તે ચતુષ્કોણ કુટીર જેવી હોવાથી 'ચતુષ્કી' નામ પડ્યું જણાય છે. બૌદ્ધ ભિક્ષુઓને મચ્છરદાનીનો ઉપયોગ કરવાની છૂટ અપાતી. પાલિમાં તેને 'મકસકુટિકા' કહેતા.

'મકસકુટિકા' એટલે મચ્છરથી બચવા માટેની કુટીર. આ રીતે 'ચતુષ્કી' અર્થનું સમર્થન થાય છે. 'મશકહરી' સાથે હિંદી 'મસહરી'નો સંબંધ છે.

સદ્ગત વિદ્વાન ગોડેએ મચ્છરદાનીના ઉપયોગનો ઇતિહાસ આપતાં એ પણ નોંધ્યું છે કે ઇજિપ્તના લોકો મચ્છરદાનીનો ઉપયોગ કરતા એવો ગ્રીક ઇતિહાસકાર હેરોડોટસે ઈસુ પૂર્વે પાંચમી શતાબ્દીમાં ઉલ્લેખ કર્યો છે.

હરિવલ્લભ ભાયાણી

પૂંઠાના સુંદર જૅકેટવાળા બનશે. દરેકની કિંમત પાંચ રૂપિયા રહેશે. બાર ગ્રંથોના સેટના કુલ રૂપિયા ૬૦ થશે. નગરજનો અને ગ્રામવાસીઓ, સ્ત્રીપુરુષો ને વિદ્યાર્થીઓ, સ્વામી વિવેકાનંદના સંદેશને, એમની સંજીવનીને પુનઃ પ્રાપ્ત કરે એ હેતુથી પ્રકટ થતી એ ગ્રંથમાળાના ત્રણ ભાગ બહાર પડી ગયા છે. પ્રાપ્તિસ્થાન શ્રી રામકૃષ્ણ આશ્રમ, રાજકોટ.

દિવાળી અને ડિસેમ્બર માસ પછી અનેક ડાયરીઓ (રોજનીશીઓ કે દૈનિક નોંધપોથીઓ) બહાર પડતી હોય છે. વરસભર ચિરસાથી તરીકે રહેનાર એ ગુટકો મિત્ર અને માર્ગદર્શક બની રહે એવી, વ્યવહારજીવનનાં સર્વ ક્ષેત્રોને સ્પર્શતી નાનાવિધ માહિતીઓ તથા સામગ્રીથી સમૃદ્ધ હોવી જોઈએ.

સામાન્ય રીતે ગ્રામજનો અને વિશેષ કરીને ખેડૂતોની જરૂરિયાતોને લક્ષમાં રાખીને ગુજરાત સરકારના માહિતી ખાતાએ હમણાં 'ખેડૂત ડાયરી' બહાર પાડી છે એમાં ખેતીવાડીની જુદીજુદી પ્રવૃત્તિઓ માટે રાજ્ય તરફથી અપાતી બહુવિધ સગવડો અને સુધારેલી ખેતીપ્રવૃત્તિ અંગે માહિતી આપવા ઉપરાંત ભારતનો રાષ્ટ્રધ્વજ, મૂળભૂત અધિકારો, ભારત તથા રાજ્યની ત્રીજી પંચવર્ષીય યોજના, સહકારી ખેતી, લોકશાહી વિકેન્દ્રીકરણ, કુટિર-ઉદ્યોગો, આકાશવાણી ખેડૂત મંડળ ને અન્ય વહીવટી બાબતો, તેમજ દશાંશ ચલણ, મીટ્રિક પદ્ધતિનાં તોલમાપ, તાર-ટપાલની વિગતો અને નાની બચતો અંગે ઉપયોગી માહિતી સાથે જુદાંજુદાં ક્ષેત્રોના આંકડા ઉપરાંત ગુજરાત રાજ્યનો રંગીન નકશો પણ મૂકવામાં આવ્યો છે. ૪૧૬ પાનાં, કિંમત રૂા. ૨-૦૦

Finding Out

૪૬૬માં અંકમાં જેની નોંધ આપેલી તે 'નૉલેજ' અને 'અન્ડરસ્ટૅન્ડિંગ સાયન્સ' નામનાં બે સુંદર પ્રકાશનોના પ્રકાશકો તરફથી એ જ પ્રકારનું એક ત્રીજું સાપ્તાહિક શરૂ થયું છે : Finding Out. આગલાં બંને પ્રકાશનોની બધી વિશિષ્ટતાઓ તો આમાં છે જ; ઉપરાંત અંગ્રેજી લખી-વાંચી શકતા દુનિયાના બધા દેશોના 'વિદ્યાર્થીઓને' લક્ષમાં રાખીને એ તૈયાર થતું હોઈ વધુ સરળ છે, અને અભ્યાસમાં અનેક રીતે પૂરક બની રહે તેવી સામગ્રી ધરાવે છે. ઇતિહાસ, ભૂગોળ, વિજ્ઞાન વગેરે વિષયો સાથે આમાં સચિત્ર વાર્તા, અંગ્રેજી ભાષાનું જ્ઞાન વધારે તેવા સરળ પાઠ, સચિત્ર ગણિતગમ્મત, પત્રમિત્ર વિભાગ ઉપરાંત કળાના પાઠોનો પણ સમાવેશ કરેલો છે. વળી દરેક વિભાગને લગતી પ્રશ્નોત્તરીની સાથેસાથે બુદ્ધિ-કસોટીનો એક ખાસ વિભાગ પણ એમાં છે, જે વિદ્યાર્થીઓને ગમ્મત સાથે જ્ઞાન આપે છે. પરવડી શકે તેમણે આ અઠવાડિક પણ ખરેખર વસાવવું જોઇએ. એના વિતરકોની વિગતવાર જાહેરાત આ સાથે છે.

હજારો વર્ષ પહેલાના અવશેષોનો ચોક્કસ સમય કહેતી અભિનવ

કાળ-ગણના

લેખક · રજનીકાન્ત મોદી

થિયૉસૉફી અને રહસ્યવિદ્યા (Occultism)નાં પુસ્તકોમાં સાઇકૉમેટ્રી (Psychometry) નામની એક વિદ્યાનો ઉલ્લેખ આવે છે. ગઢ કે મહેલ જેવા કોઈ પણ પ્રાચીન ઐતિહાસિક સ્થાનના બાંધકામના પથ્થર કે એવા બીજા કોઈ પદાર્થની કાંકરી એક કાગળના પરબીડિયામાં મૂકી એને બંધ કરવામાં આવે છે. પછી એ પરબીડિયાને જેનામાં સાઇકૉમેટ્રીની છૂપી શક્તિ રહેલી હોય એવા કોઈ માધ્યમ (Medium અથવા Psychometer) ના કપાળ પર અડકાડવામાં આવે છે. એ છૂપી શક્તિના પ્રતાપે માધ્યમ કાંકરી દ્વારા એ જ્યાંથી લેવામાં આવી હોય તે સ્થાન સાથે સંપર્કમાં આવે છે અને આમ, ઘણાં પ્રાચીન સ્થળોનો હજી સુધી અજ્ઞાત રહેલો ઇતિહાસ એ સાઇકૉમેટ્રીની શક્તિ દ્વારા ઊકેલી શકાય છે એવો દાવો એ વિદ્યાને માટે કરવામાં આવે છે.


આ વાત સાચી હો કે ન હો પરંતુ આના જેવી એક બીજી શક્તિ ભૌતિક વિજ્ઞાને હમણાં થોડાં વર્ષો થયાં પ્રાપ્ત કરી છે. જોકે એ શક્તિ દ્વારા આખો પ્રાચીન ઈતિહાસ કંઈ ઉકેલી શકાતો નથી, પણ અમુક અત્યંત જૂના અવશેષોનો કાળનિર્ણય તો ખૂબ જ સ્પષ્ટતાથી અને ચોક્કસાઈથી થઈ શકે છે.

આપણે જોઇએ છીએ કે કુદરતમાં કોઈ અજબ નિયમિતતા છે. સૂર્ય ચંદ્ર, તારાઓ અને પૃથ્વી વગેરે ગ્રહોની ગતિ હજારો તો શું પરંતુ કરોડો વર્ષોથી એકધારી અવિચ્છિન્ન ચાલી આવે છે. નથી એમાં તૂટ પડતી કે નથી એના વેગમાં ફરક પડતો. જેવું આ મોટામોટા બ્રહ્માંડીય ગોળાઓની બાબતમાં છે તેવું જ નિયમિતપણું કુદરતે નાનામાં નાના અણુ-પરમાણુઓની બાબતમાં પણ રચ્યું છે.

જેમ સૂર્યની નૈસર્ગિક અને નિયમિત ગતિને જોતાં જોતાં માનવે એનું અનુકરણ કરી કાળ માપવા માટે ઘડિયાળો રચ્યાં, તેમ હવે આ સૂક્ષ્મ અણુ-પરમાણુઓમાં થતા નૈસર્ગિક અને નિયમિત રૂપના ફેરફારો પણ એની નજરમાં આવતાં એના આધારે તદ્દન નવી જ જાતનાં ઘડિયાળો એણે રચવા માંડ્યાં છે. આ ઘડિયાળો કલાક મિનિટ–સેકંડ નહિ પણ સેંકડો, અને હજારો વર્ષોનો કાળ બતાવે છે.

આવાં 'ઘડિયાળો'ની શોધ જગતમાં રહેલાં કેટલાંક રાસાયણિક કિરણોત્સર્ગી (રેડિયો–ઍક્ટિવ) દ્રવ્યોના અણુઓના આધાર પર થઇ છે. આવા અણુઓ કુદરતમાં આપમેળે જ વિસ્ફોટિત થાય છે અને એ વિસ્ફોટનને કારણે જે મૂળ દ્રવ્યના એ અણુઓ હોય તેમનું રૂપાંતર બીજા જ પ્રકારના રાસાયણિક અણુઓના સ્વરૂપમાં, થઈ જાય છે. રેડિયમ, યુરેનિયમ વગેરે દ્રવ્યો આવા પ્રકારનાં છે.

એ જ વર્ગનું એક દ્રવ્ય છે 'કાર્બન-૧૪'. આ કાર્બન-૧૪ કાર્બનનો જ એક પ્રકાર છે. એનું અણ્વાત્મક વજન ચૌદ છે, એટલે એને કાર્બન-૧૪ કહેવામાં આવે છે. સામાન્ય કાર્બનનું અણ્વાત્મક વજન બાર હોય છે સામાન્ય કાર્બનના અણુમાં જ્યારે અમુક કારણોને લઇને



એના ઘટક ઇલેક્ટ્રોનોની સંખ્યા વધે છે ત્યારે એ કાર્બન-૧૪ બની જાય છે. એને કિરણોત્સર્ગી કાર્બન અથવા 'રેડિયો કાર્બન' પણ કહે છે.

કિરણોત્સર્ગ અથવા રેડિયો–ઍક્ટિવિટીની શોધ ગઈ સદીના અંત ભાગમાં બૅકરેલ નામના એક ફ્રૅંચ વૈજ્ઞાનિકે કરી. એને જણાયું કે યુરેનિયમના ક્ષારો કાળા કાગળમાં વીંટાળેલી ફોટોગ્રાફિક પ્લેટને ઝાંખી બનાવી દે છે. આના ઉપરથી એણે તર્ક દોડાવ્યો કે એ ક્ષારોમાંથી એવાં 'કિરણો' નીકળતાં હોવાં જોઇએ જે કાગળની આરપાર જઈ શકતાં હોય અને એ 'કિરણો'ના ઉત્સર્ગ વડે યુરેનિયમના અણુઓ ભગ્ન બની જતા હોવા જોઇએ. એનો આ તર્ક સાચો નીવડ્યો.

ત્યાર પછી તો એના જેવા અનેક પ્રકારના કિરણોત્સર્ગી અણુઓ શોધાયા, જેમાંનો કાર્બન-૧૪ ચાલુ સૈકાની ત્રીસીમાં માલમ પડ્યો. એની શોધ કરનાર અને એના આધારે વસ્તુઓની ઉંમર નક્કી કરવાની નવી રીત શોધી કાઢનાર વૈજ્ઞાનિકનું નામ છે. ડૉ. લિબ્બી.

ડૉ. લિબ્બીએ જોયું કે વાતાવરણના છેક ઉપરના થરો પર વિશ્વ-કિરણો લાખો વૉલ્ટની શક્તિ સાથે હુમલો કરતાં હોઈ ત્યાંના નાઈટ્રોજન અણુઓ સાથે તેઓ અફળાતા હોવા જોઈએ અને તેમાંના કેટલાક અણુઓ રેડિયોકાર્બનના રૂપમાં ફેરવાઇ જતા હોવા જોઇએ.

આવા રેડિયોકાર્બનના અણુઓ ઑક્સિજન સાથે ભળીને આખા વાતાવરણમાં ફેલાઈ જાય છે અને વનસ્પતિઓ તેમને પ્રકાશસંશ્લેષણ (Photosynthesis)ની પ્રક્રિયા દ્વારા પોતાના સ્વરૂપમાં દાખલ કરે છે. આ વનસ્પતિઓને જે પ્રાણીઓ અને મનુષ્યો ખાય છે તેમનામાં પણ એ અણુઓ દાખલ થાય છે અને તેમના શરીરના સમસ્ત દ્રવ્યમાં ફેલાઇ જાય છે.

જ્યારે કોઇ પણ જીવંત સત્વ મરી જાય છે ત્યારે મૃત્યુને કારણે રેડિયોકાર્બનના નવા અણુઓ એના શરીરમાં પ્રવેશતા અટકી જાય છે પણ જે અણુઓ પ્રવેશી ચૂક્યા હોય તેમનું ભેદન તો ચાલુ જ રહે છે અને કાર્બન-૧૪ના આ અણુઓ અધ્રૂવ (unstable) હોઈ તેમનામાં રહેલો વધારાનો ઇલેક્ટ્રૉન અથવા ઋણ વિદ્યુદણુ વહેલોમોડો બહાર નીકળી જતાં ફરી પાછા તેઓ નાઇટ્રોજન બની જાય છે.

હવે કોઈ પણ કિરણોત્સર્ગી દ્રવ્યમાંના વધારાના ઇલેક્ટ્રોનો બહાર નીકળી જવાનો સમય દરેક અણુને માટે નક્કી છે. કેમકે અમુક માપના કોઈપણ દ્રવ્યના અડધા ભાગના કિરણોત્સર્ગી અણુઓ અમુક વર્ષો બાદ ભગ્ન બની જાય છે. સમયના આ ગાળાને એ દ્રવ્યની 'અર્ધ જિંદગી' કહે છે. કાર્બન-૧૪ની આવી 'અર્ધ જિંદગી' ૫,૫૬૮ વર્ષની છે એમ સિદ્ધ થયું છે. (જુઓ આકૃતિ) એટલા સમયમાં કોઈપણ પદાર્થમાં રહેલા એ દ્રવ્યના અડધા અણુઓ લુપ્ત બને છે જે બાકી રહ્યા હોય તેમાંના બીજા અડધા અણુઓ ફરી પાછા બીજા ૫,૫૬૮ વર્ષમાં લુપ્ત બને છે, એ મુજબ ધીમેધીમે એવા અણુઓની સંખ્યા ઘટતી જ જાય છે.

આ લુપ્ત બનવાની ક્રિયા નૈસર્ગિક રીતે જ થાય છે અને ગરમી, ઠંડી, દબાણ, મારપીટ વગેરે કશાથી એ ક્રિયાના વેગને ઝડપી કે ધીમો બનાવી શકાતો નથી. આથી કોઈ પણ સેંદ્રિય દ્રવ્યમાં કોઈ પણ સમયે કેટલા કિરણોત્સર્ગી અણુઓ છે એ જો ખબર પડે તો એ સેંદ્રિય દ્રવ્ય જે જીવન્ત સત્ત્વનું હોય તે કયે સમયે અસ્તિત્વમાં હતું તેનો નિર્ણય કરી શકાય. આ મુજબ લાકડું, હાડકાં, માંસ, છાણ, મધપૂડાનું મીણ વગેરે, બધાંનો સમય ચોક્કસપણે નક્કી કરી શકાય.

આ કાર્બન-૧૪ની પદ્ધતિની શોધ થઈ ત્યારે પહેલાં પુરાતત્ત્વવેત્તાઓ બહારનાં પ્રમાણો પરથી બધી વસ્તુઓના કાળનો નિર્ણય કરતા હતા. અને એ રીતે કરાયેલા નિર્ણયો ઘણી વખત ખોટા પણ પડતા અથવા તો એમાં ભૂલો થઈ જવાનો પૂરેપૂરો સંભવ રહેતો.

ધારો કે કોઇ પ્રાચીનકાળની સંસ્કૃતિના અવશેષો હાથ આવે તો પુરાતત્ત્વવિદ્યા અને ઈતિહાસના જાણકારો પોતાના જ્ઞાન અને હાથ આવેલી હકીકતો અનુસાર આપણને કહે કે એ અવશેષો અમુક સમયના છે. પણ ત્યાર બાદ જો કોઇ નવી જ હકીકતો મળી આવે તો પૂર્વે કરેલો તર્ક અને નિર્ણય નકામા થઈ જાય. વળી જો ઐતિહાસિક કાળને બદલે પ્રાગૈતિહાસિક કાળના અવશેષો મળી આવે તો એટલો નિર્ણય પણ કરી શકાય નહિ અને માત્ર કલ્પનાના ઘોડા દોડાવીને જે વિદ્વાનને જે ફાવે તે મુજબ એનો સમય નક્કી કરે.

દાખલા તરીકે, મોહેં-જો-દરોની સંસ્કૃતિ જ્યારે સિંધુનદીની ખીણમાં હયાત હતી તે સમયના સાવ કાળા પડી ગએલા જૂના ઘઉંના દાણા ખોદકામ દરમિયાન મળી આવ્યા હતા. એ દાણા સેંદ્રિય સત્ત્વ હોવાથી એની અંદર રેડિયો-કાર્બન અમુક પ્રમાણમાં હોવો જ જોઈએ; એટલે જો કાર્બન-૧૪ની કસોટીથી એના સમયની ગણના કરવામાં આવે તો બીજી કોઇ પણ પદ્ધતિના કરતાં વધારે નિશ્ચિતતાથી એ દાણાની વય નક્કી કરી શકાય. અને સાથે સાથે જે સંસ્કૃતિમાં એ દાણા ઉગાડવામાં આવ્યા હતા તે સંસ્કૃતિનો પણ કાળનિર્ણય અચૂકપણે થઇ શકે. તે જ પ્રમાણે કોઇ પ્રાણી કે મનુષ્યના હાડપિંજરના જીવાવશેષો (Fossils)નો પણ કાળનિર્ણય એટલી જ અચૂકતાથી થઇ શકે. તે જ મુજબ જો કોઇ ભોજપત્ર કે તાડપત્ર પર લખાયેલા પ્રાચીન લેખો મળી આવ્યા હોય તો એનો પણ સમય કાર્બન-૧૪ની સમય ગણતરીની પદ્ધતિથી થઇ શકે.

ડૉ. લિબ્બીએ, જેમનો સમય પહેલાથી બરાબર ખબર હતો એવા અનેક ઉદાહરણોમાં પોતાની પદ્ધતિને ચકાસી જોઇ અને જ્યારે એમને લાગ્યું કે દરેક કિસ્સામાં એ અચૂકપણે સાચો સમય બતાવે છે ત્યારે જ એમણે એને અજ્ઞાત વયવાળા ઉદાહરણોને પણ લાગુ પાડવા માંડી.

ઉદાહરણ તરીકે, ઈજિપ્તના પ્રાચીન રાજાઓના 'મમ્મી'ઓનો કાળ ઇજિપ્તના ઇતિહાસ પરથી ખૂબ જ ચોકસાઈપૂર્વક નિશ્ચિત કરી શકાયો છે. એવા એક રાજા જોસર (Djoser)ની કબરમાંના લાકડાના ભાલામાંનો એક નાનો ટુકડો લેવામાં આવ્યો અને એના ઉપર આ કાર્બન-૧૪ની પદ્ધતિ અજમાવવામાં આવી. એના પરથી જણાયું કે એ ટુકડો આસરે ૨૭૦૦ ઇસ્વીસન પૂર્વકાળનો હતો. એના પરથી ખબર પડી કે એ રાજા એ સમયમાં રાજ્ય કરતો હતો. અને એનું સમર્થન ઇજિપ્તના ઇતિહાસ પરથી મળ્યું છે.

આ પદ્ધતિથી બનાવટી વસ્તુઓનું જુઠાણું પણ પકડાઈ જાય છે. કોઈ પ્રાચીન લેખ—ભોજપત્ર, તાડપત્ર કે એવા કોઈ બીજા વનસ્પતિજન્ય પદાર્થ અથવા ચામડા જેવા પ્રાણીજન્ય પદાર્થ પર લખાએલો—ખરેખર જૂનો છે કે નહિ એની આ પદ્ધતિથી ખબર પડી જાય છે.

પૅલેસ્ટાઇનની ગુફાઓમાથી ૧૯૪૦મા મળી આવેલા અને હવે 'Dead Sea Scrolls' ('મૃત સમુદ્રના લેખો')ને નામે વિખ્યાત થયેલાં લખાણો ખરખર જૂનાં હતા કે નહિ એ આ પદ્ધતિથી જ્યારે તપાસવામાં આવ્યું ત્યારે જણાયું કે તેઓ ઓગણીસ સો કરતાં યે વધારે વર્ષો જૂનાં હતાં. આથી ખ્રિસ્ત ધર્મને માટે અગત્યના એવા આ લેખો સાચા છે કે બનાવટી એ વિષે જે ઊહાપોહ ચાલતો હતો તે બધો શાંત થઇ ગયો અને તેમની પ્રાચીનતા સિદ્ધ થઇ ગઈ.

એક બીજી પણ એના જેવી જ કે એથી યે વધુ આશ્ચર્યજનક ઘટના તો ૧૯૪૮ની સાલમાં બની. ટોકિયોની નજીક જમીનમાં વીસ ફૂટ ઊંડાણમાં દટાયેલી કેટલીક ખૂબ જ પ્રાચીન કમળકાકડીઓ મળી આવી. તેમાં રહેલા રેડિયો-કાર્બને બતાવી આપ્યું કે તેમની વય ૩૦૦૦ વર્ષની છે. તે જ મુજબ પ્રાચીન મંચૂરિયાના એક સરોવરમાં એક હજાર વર્ષ પહેલાનાં જીવન્ત કમળબીજ મળ્યાં. તેમને ખૂબ જ સંભાળથી રોપીને ઉછેરવામાં આવ્યાં તો તેમાંથી કમળના છોડ ઊગ્યા અને તેમના ઉપર ગુલાબી રંગનાં કમળ પણ આવ્યાં. એક હજાર વર્ષ પૂર્વે ત્યાં કેવાં કમળ ઊગતાં હતાં તેનો આના ઉપરથી ખ્યાલ આવ્યો.

આ પ્રમાણે અનેક દેશોમાંથી મળેલા ખૂબ જ પ્રાચીન ઘઉં, મકાઇ વગેરે અનાજના દાણા પરથી પણ તેમના સમયનો નિર્ણય રેડિયો-કાર્બન પદ્ધતિથી કરવામાં આવ્યો છે. એના ઉપરથી એ પણ નક્કી થાય છે છે કે આદિ માનવ શિકારી મટીને ખેતીવાડી કરતાં ક્યારે શીખ્યો.

તે ઉપરાત પ્રાચીન સમયના માનવોનાં હાડકાંમાં રહેલો રેડિયો-કાર્બન આપણને બતાવે છે કે એ માનવો પથ્થરનાં હથિયારોનો ઉપયોગ કરીને મૅમૉથ, બાયસન વગેરે પ્રાગૈતિહાસિક કાળના પ્રાણીઓનો શિકાર કંઈ નહિ તો ઈ.પૂ. દસ હજાર વર્ષ પહેલાં તો કરતા જ હતા.

કાર્બન-૧૪ની પદ્ધતિ શોધાયા બાદ આપણા દેશમાં પણ એના જેવી બીજી એક પદ્ધતિની શોધ હમણાં થઈ છે. અને એ પદ્ધતિની શોધનું માન બીજા બે વિજ્ઞાનીઓ સાથે મુંબાઈના 'ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઑવ ફંડામેન્ટલ રીસર્ચ'માં કામ કરતા ડૉ. દેવેન્દ્ર લાલને ફાળે જાય છે. એમના શોધેલા 'અણુ-ઘડિયાળ'માં 'સિલિકૉન-૩૨'નો ઉપયોગ કરવામાં આવે છે. આ સિલિકૉન-૩૨ પણ કિરણોત્સર્ગી દ્રવ્ય છે અને એની 'અર્ધ જિંદગી' આસરે સાતસો વર્ષની છે. એના વડે થોડા સૈકા પહેલાં બનેલી ઘટનાઓના કાળનું માપ કાઢવાની વધુ સુગમતા પડે છે.

કાર્બન-૧૪ની 'અર્ધ જિંદગી' ૫૫૬૮ વર્ષની અને સિલિકૉન-૩૨ની ૭૦૦ વર્ષની છે એ આપણે જોયું. પણ બીજું એક કિરણોત્સર્ગી દ્રવ્ય ટ્રાઇટિયમ છે અને એની 'અર્ધ જિંદગી' માત્ર સાડાબાર વર્ષની જ છે. આથી ખૂબ જ નજીકના ભૂતકાળમાં બનેલી ઘટનાઓની કાળ-ગણતરી કરવામાં આ ટ્રાઇટિયમ ખૂબ કામમાં આવી જાય છે.

સિલિકૉન-૩૨ની પદ્ધતિ ખાસ કરીને સાગરોનાં ઊંડાણોમાં ઘૂમતા ગાઢ પ્રવાહોના પરિભ્રમણની ગતિને માપવામાં ઉપયોગી થઈ પડશે. સમુદ્રોનાં જુદાંજુદાં ઊંડાણોમાંથી વાદળીઓના નમૂના એકઠા કરવામાં આવશે. વાદળીઓ સજીવ સત્ત્વો હોઇ આસપાસના સાગરજળમાંથી તેઓ સિલિકૉન ૩૨ના કિરણોત્સર્ગી અણુઓને પોતામાં ગ્રહણ કરી લે છે. એ અણુઓને છૂટા પાડીને રેડિયો-ઍક્ટિવિટીને માટે તેમને ચકાસવામાં આવશે. ૧૦૦થી ૧૦૦૦ ફૂટ ઊંડાણમાંથી એકઠી કરેલી વાદળીઓની આવી ચકાસણી સમુદ્રના પાણીને એટલા ફૂટ ઊંચાં ચઢતાં કે નીચાં ઊતરતાં કેટલાં વર્ષો લાગે તે વિષય પર નવો પ્રકાશ નાખશે.

કાર્બન-૧૪ની પદ્ધતિની એક મર્યાદા પણ છે કે એના વડે લગભગ ૫૦,૦૦૦ વર્ષ સુધીની જ ગણતરી થઈ શકે છે. એટલે લાખો વર્ષો જૂના અવશેષોને માટે એ નકામી છે.

પણ હવે એના જેવી જ એક બીજી પ્રક્રિયાની પદ્ધતિ ડૉ. જૅક એફ. ઍવર્નડન અને ડૉ. ગારનિસ એચ. કર્ટિસ નામના બે ભૂસ્તરશાસ્ત્રીઓએ શોધી કાઢી છે.

કાર્બન-૧૪ની જેમ 'પૉટૅશિયમ-૪૦' નામનું એક રાસાયણિક દ્રવ્ય પણ અધ્રુવ (unstable) તત્ત્વ છે ને સમય વીતતાં એ તત્ત્વ 'કૅલ્શિયમ-૪૦' અને 'આર્ગોન-૪૦' એવાં બે તત્ત્વોમા પલટાઈ જાય છે. મૂળ તત્ત્વને વૈજ્ઞાનિકો 'જનક તત્ત્વ' (Parent element) કહે છે અને એમાંથી ઉત્પન્ન થતાં તત્ત્વોને 'જનિત તત્ત્વો' અથવા 'સંતતિ તત્ત્વો' (daughter elements) કહે છે. આ ઉદાહરણમાં પૉટૅશિયમ-૪૦ જનકતત્ત્વ છે

અને કૅલ્શિયમ-૪૦ અને આર્ગોન-૪૦ જનિત અથવા સંતતિતત્ત્વો છે.

અણ્વાત્મક 'ઘડિયાળ' બહુ જ લાંબો વખત ચાલનારું ઘડિયાળ છે. પૉટૅશિયમ-૪૦ના અણુનું રૂપાંતર સંતતિઅણુમાં થવા માટે તો જો કે સેકન્ડના નાના અંશ જેટલો જ સમય લાગે છે, પણ એ ફેરફાર જવલ્લે જ થાય છે. દા. ત. જો અઢાર પૉટૅશિયમ ૪૦ના અણુઓને એક હવારહિત કાચની નળીમાં પૂરવામાં આવ્યા હોય તો ૧૩,૦૦,૦૦,૦૦,૦૦૦ (તેર અબજ) વર્ષ વીત્યાં બાદ એમાંના માત્ર નવ જ અણુઓ સંતતિઅણુઓમા ફેરવાઈ ગયા હોય. બીજા શબ્દોમાં તેર અબજ વર્ષો એ તત્ત્વની 'અર્ધ જિંદગી' છે, આમ ફેરફારનો દર બહુ ધીમો તો છે પણ સતત છે. આપણે તો ફક્ત આ ફેરફારનું પ્રમાણ જ માપવાનું છે. એ મપાય એટલે એ પ્રક્રિયા કેટલા સમયથી ચાલતી આવી છે એ તુરત જાણી શકાય છે.

આ ગણતરી કરવા માટે પૉટૅશિયમ-૪૦ના બે પ્રકારના સંતતિ અણુઓમાંથી કૅલ્શિયમ-૪૦ના સંતતિઅણુઓ નકામા છે, કેમકે એ જનિત અણુઓને કુદરતમાં રહેલા બીજા કૅલ્શિયમ-૪૦ના અણુઓથી છૂટા પાડી શકાતા નથી.

આથી ડૉ. એવર્નડન અને ડૉ. કર્ટિસે શોધી કાઢેલી પદ્ધતિમાં પૉટૅશિયમ-૪૦માંથી જન્મેલાં આર્ગોન-૪૦ના સંતતિ અણુઓનો જ ઉપયોગ કરવામાં આવે છે, કેમકે એ અણુઓને બીજા પ્રકારોના આર્ગોનના અણુઓથી છૂટા પાડી શકાય છે. આ પદ્ધતિ 'પૉટૅશિયમ આર્ગોન પદ્ધતિ' નામે ઓળખાય છે.

આ પદ્ધતિનો ઉપયોગ કરીને એ બે વૈજ્ઞાનિકોએ શોધી કાઢ્યું છે કે ઓજાર બનાવનારો માનવ સત્તર લાખ પચાસ હજાર વર્ષ જેટલો તો પ્રાચીન છે જ. આ પહેલાં એમ મનાતું હતું કે માનવને ઓજાર બનાવતો થયાને દસ લાખથી ઓછાં વર્ષો થયાં હશે. પણ આ શોધથી એ માન્યતામાં ફેરફાર થયો છે.

પૂર્વ આફ્રિકામાં ટાંગાનિકા દેશમાં આવેલી ઓલ્ડવાઈ(Old uvai) નામની પર્વતકંદરામાં પથ્થરની વચમાં દબાઇ ગયેલા જીવાશેષો(fossils)માંથી પાષાણયુગના માનવ જેવા લાગતા એક સત્વના જીવાવશેષો મળી આવ્યા. એ પ્રાગૈતિહાસિક અવશેષોની કાળગણતરી કરવા માટે આ બે વૈજ્ઞાનિકોએ એમની આ નવી પદ્ધતિ અજમાવી.

આ પદ્ધતિમાં પૉટૅશિયમ ધારણ કરતાં ખનિજોવાળા ખડકના નમૂના લેવામાં આવે છે. એવા નમૂનામાં જનકઅણુઓ અને જનિતઅણુઓની સંખ્યા જો નક્કી કરી શકાય તો તરત જ એ ખડકની જન્મતિથિ નક્કી કરી શકાય. ઓલ્ડવાઈની કંદરામાંથી કોઈ પણ ખડકનો નમૂનો ઉપાડી લેવામાં આવે તો એનાથી કંઈ ત્યાંના પ્રાગૈતિહાસિક માનવના સમયનો કશો પણ ખ્યાલ આવી શકે નહિ. એને માટે તો એવા ખડક જોઇએ કે જે અવશેષ રહેલાં પ્રાણીઓ જીવતાં હતાં તે જ સમયે લગભગ રચાયો હોય.

સારે નસીબે એ કંદરામાં આવા પ્રકારના ખડક છે. એને જ્વાલામુખીના લાવારસનું ચૂર્ણ (Volcanic tuff) અથવા રાખ કહેવામાં આવે છે. અને એની અંદર આ પદ્ધતિને માટે જેની જરૂર છે તે જ પૉટૅશિયમધારી ખનિજ રહેલું છે. એ દ્રવ્યને ઍનૉર્થોક્લેઈઝ (anorthoclase) કહેવામાં આવે છે.પૃથ્વીનીનીચેનાધગધગતાલાવારસમાં આ ઍનૉર્થોક્લેઈઝના આર્ગોન ૪૦ અણુઓ બિલકુલ નથી. કેમકે આ વાયુમય તત્ત્વ વરાળરૂપે ઊડી જાય છે. પણ એક વખત જ્વાળામુખી ફાટે અને ઠંડો પડી જાય એટલે એમાંથી બહાર આવતું ઍનૉર્થોક્લેઇઝ લગભગ દરેક આર્ગોન-૪૦ સંતતિઅણુને જન્મતાં જ બંદી કરી દે છે.

સદ્‌ભાગ્યે ઓલ્ડવાઈના પ્રાગૈતિહાસિક નિવાસીઓ રહેતા હતા તેમના સમયની પહેલાં અને પછી એમ બંને વખત જ્વાલામુખી ફાટ્યા હતા. અને તેથી જ્વાલામુખીના લાવાચૂર્ણ (tuff)નાં પડોની વચમાં એ સમયના જીવાવશેષો (fossils) સપડાઇ ગયા હતા.

આમ ત્યાંના જીવાવશેષાત્મક માનવોના કાળથી થોડાંક હજાર વર્ષની અંદર આ ખડકો જન્મ્યા હતા.

આર્ગોન-૪૦નું કેટલું પ્રમાણ અમુક નમૂનામાં છે એની ગણતરી ઔંસના એક અબજમા ભાગથી થાય છે. એ માટે 'માસ સ્પેક્ટ્રૉમીટર' (Mass Spectrometer) નામનું એક સાધન વપરાય છે. એના વડે લોહચુંબકની સહાયથી વિદ્યુત્‌સંચાર યુક્ત રજકણોને તેમના અણ્વાત્મક વજન અનુસાર છૂટા પાડી શકાય છે. આમ આ માસ સ્પેક્ટ્રૉમીટર આર્ગોન ૪૦ અણુઓને બીજા આર્ગોન અણુઓથી તેમના અણ્વાત્મક વજન વડે છૂટા પાડી શકે છે.

પરંતુ પ્રયોગશાળામાં આવતા દરેક નમૂનામાં કમનસીબે એકબીજી રીતનો ભેળ હોય છે. જો આપણે ખાંડના લાખો કણને ફાટફાટવાળી જમીનમા વેરીએ તો એ કણો જેમ સર્વત્ર ફાટમાં ભરાઈ બેસે છે અને બધા કણોને આપણે પૂરેપૂરા ઝાડી શકતા નથી, તેમ આ બધા નમૂનાઓમાં પણ છે. હવામાં રહેલા આર્ગોન-૪૦ અણુઓ ખાંડના દાણાની જેમ જ ખડકની દરેક ઝીણીઝીણી ફાટમાં ભરાઇ બેસે છે. પણ કાળગણતરી કરવા માટે તો માત્ર આર્ગોન-૪૦ સંતતિઅણુઓ જ કામ લાગે છે એટલે આ બીજા ન જોઈતા અણુઓને કાઢી નાખવા માટે નમૂનાને ઇલેક્ટ્રૉનિક ભઠ્ઠીમાં આસપાસ હવાશૂન્ય અવકાશ (Vacuum) કરીને મૂકવામાં આવે છે. પછી એને ૭૫૦° ફૅરનહાઈટ ગરમીમાં ૧૨થી ૪૮ કલાક ભુંજવામાં આવે છે. આમ થતાં હવામાંથી દાખલ થયેલા આર્ગોન અણુઓ ઘણાખરા ચાલ્યા જાય છે પણ ખડકની અંદર દબાઈ રહેલા અગત્યના આર્ગોન ૪૦ સંતતિઅણુઓ પાછળ રહી જાય છે.

આખરે મૂસની અંદર એ નમૂનાને ૨૨૦૦° અંશ ફૅરનહાઈટ ગરમીમાં તપાવવામાં આવે છે. આ બિંદુ એ ઍનૉર્થોક્લેઇઝ ઓગળે છે અને લાંબા વખતથી પુરાઈ રહેલા આર્ગોન-૪૦ સંતતિઅણુઓ છૂટા થાય છે. વાયુરૂપમાં તેઓ છિદ્રાળુ ચારકોલવાળી નળીમાં જાય છે અને ત્યારે તેઓ શૂન્યની નીચે —૪૮૦° ફૅરનહાઈટ પર પહોંચે એટલા ઠંડા થાય છે ત્યારે ચારકોલની અંદર શોષાઇ જાય છે.

ત્યાર બાદ માસ સ્પેક્ટ્રૉમીટરને માટે તેઓ તૈયાર બને છે. એ દરેક આર્ગોન-૪૦ સંતતિઅણુને આયોનાઈઝ કરવામાં આવે છે–એટલે કે એને વિદ્યુત્‌સંચારિત કરીને એમાંના ઈલેક્ટ્રૉનોમાંના એકને ધકેલી કાઢવામાં આવે છે. આ વિદ્યુત્‌સંચારિત અણુઓને સંભાળપૂર્વક ગોઠવેલા વિદ્યુત્‌ચુંબક (electro–magnet) પાસેથી પસાર કરવામાં આવે છે. લોહચુંબક આર્ગોન અણુઓને તેમની સીધી રેખા પરથી બહાર ખેંચે છે અને એક ઈલેક્ટ્રૉનિક નિશાન પર તાકે છે, જ્યારે બીજા હલકા અથવા ભારે અણુઓને નિશાનથી આજુબાજુ જવા દે છે.

સંતતિઅણુઓ નિશાન પર અફળાતાં તેઓ એક રેખાલેખ(graph) પર ચીટકીને આર્ગોન-૪૦નું પ્રમાણ પ્રાપ્ત કરાવી આપે છે અને એની સાથે સાથે જ નમૂનાનો સમય પણ જણાવી દે છે. આમ આપણને ખબર પડી કે પેલા જીવાવશેષાત્મક માનવનો કાળ ૧૭,૫૦,૦૦૦ વર્ષ પૂર્વેનો હતો. પૃથ્વીના રહસ્યોની શોધમાં આ એક ઘણું મોટું પગલું આગળ ભરવામાં આવ્યું છે.

જો કે હજી યે આ તો પારોસમાં પહેલી પૂણી છે. જેમ માણસ અવકાશના સીમાડાઓને અને સમુદ્રોનાં ઊંડાણોને શોધે છે તેમ એ બીજા એક સીમાડાની સંમુખ પણ આવીને ઊભો રહે છે,—અને એ છે કાળનો સીમાડો. [અંગ્રેજી પરથી મેળવેલી સામગ્રીના આધારે]

ભારવાહક જાનવરો–૬

કૂતરા

લેખક · અવંતીલાલ વસાવડા




ખાસ કેળવણી પામેલા કેટલાક કૂતરા અંધ માણસોને ગમે ત્યાં સલામતીથી દોરી જાય છે.

માણસ સાથે ઘણી સહેલાઇથી ભળી જઇ કૂતરાં એનાં અનેક કાર્યમાં સહકાર આપે છે તેથી એને પાળવામાં આવે છે. એ વરુના વંશજો મનાય છે. વરુને પણ વશ કરીને કૂતરાંની પેઠે પાળી શકાય છે એ ઘટના આ માન્યતાની પ્રતીતિ રૂપ છે. વરુએ પણ નાનાં બાળકોને જતનથી ઊછેર્યાંના ઘણા દાખલા બન્યા છે. હિંસ્ર પશુની વૃત્તિ માણસને વશ થવાની ન હોવા છતાં પણ મૂળ હિંસ્ર જાતિનાં કૂતરાંનો તાબેદાર સ્વભાવ આશ્ચર્ય ઉપજાવે તેવો છે. વરુ સ્વભાવે સમૂહમાં અને ટોળાના સરદારના તાબામાં રહેનારાં પ્રાણી હોવાથી તાબેદારી માન્ય કરવાનો તેમનો સ્વભાવ કૂતરામાં ઊતર્યો હોય એમ માની શકાય. હિંસ્ર પ્રાણીઓમાં બિલાડા યે પળાય છે, પણ તે કૂતરા જેટલાં સરળ સ્વભાવનાં નથી અને તેટલી તાબેદારીથી રહેતાં પણ નથી.

કૂતરાંનું કદ નાનું હોવાથી એનો અન્ય જાનવરો પેઠે ભારે બોજ વહન કરવામાં તો ઉપયોગ નથી થતો, પણ કોઇકોઈ દેશમાં હલકા બોજા ઊંચકવા અને કેટલાક યુરોપીય દેશોમાં દૂધ અને પાઉંની નાની ગાડી ખેંચવા માટે તેમનો ઉપયોગ થાય છે. ઉત્તર અમેરિકા (કૅનૅડા)માં તે 'સ્લે' અને 'ટ્રૅવાઈ' ખેંચવા માટે વપરાય છે. બરફ (snow) ઢીલો હોય છે તેથી મોટાં કદનાં વજનદાર પ્રાણી તો તેમાં ખૂંપી જાય પણ કૂતરાંનું વજન બહુ ન થતું હોઈ તે આવા પ્રદેશમાં ભારવહન માટે ઉપયોગી થાય છે. ઉત્તર ધ્રુવ પ્રદેશમાં વસતા 'એસ્કિમો' લોકો જે કૂતરાં પાળે છે એ 'હસ્કી' કહેવાય છે. હસ્કી વરુના નિકટના સંબંધી છે અને તે બીજાં કૂતરાં માફક ભસતાં નથી પણ વરુ પેઠે રોવા જેવો અવાજ કાઢે છે. એકબીજાથી અલગ ચામડાનાં દોરડાંથી જોડેલા પ્રત્યેક નોખું દોરડું ખેંચતા પાંચ અથવા છ હસ્કીનું ટોળું સમૂહમાં ઘણું વજન ભરેલી સ્લે ખેંચે જાય છે. ખેંચતી વખતે તે પંખાકારે પ્રસરે છે તેથી તેમનું એકંદર વજન બહોળા વિસ્તાર પર ફેલાય છે. અને તેમનો બરફમાં ખૂંપી જવાનો સંભવ ઘટે છે. ગીચ ઝાડીના જંગલ વિસ્તારમાં કે સાંકડી કેડી પર ભાર ખેંચવા માટે ત્યાંના ઇન્ડિયનો કૂતરાને એક પાછળ એક એવી રીતે જોડે છે. 'સ્લે' ખેંચનારા બધા કૂતરા એક બીજા સાથે અંદરઅંદર લડયા કરે છે અને બરાબર કામ આપતા નથી, તેમજ તેને કાબૂમાં રાખવાનું પણ ઘણું મુશ્કેલ થઇ પડે છે. સુમેળવાળી ટોળીમાંનો વિશેષ શક્તિશાળી કૂતરો એ ટોળાનો અબાધિત સરદાર બની રહે છે. તે સર્વથી આગળ મોખરે દોડે છે અને પોતાની સાથોસાથ બીજાને દોડાવતો રહે છે. દોડતી વખતે કોઈ કૂતરો ધીમો પડે તો તેને બચકાં ભરી બરાબર દોડાવે છે. આરામ કરતી વખતે અને ખાવાપીવામાં ટોળાના બીજા કૂતરાઓ તેનો મોભો સાચવે છે. આવા પ્રદેશમાં મુસાફરી કરતી વખતે કૂતરાનો ખોરાક સ્લેમાં સાથે લઈ જવો પડે છે. રેઈન્ડીઅર માટે ખોરાક લેવો પડતો નથી. ચડઊતરવાળા ડુંગરાળ પ્રદેશમાં કૂતરા કાર્યક્ષમ નીવડતા નથી.

આમ, ભારવહન માટે પાળવામાં આવતાં પ્રાણીઓ વિષે આપણે થોડોથોડો ખયાલ મેળવ્યો. આ પ્રાણીઓ સિવાયનાં બીજાં જાનવરો કેમ નહિ પાળવામાં આવ્યા હોય એનાં અનેક કારણો હોઈ શકે. પણ એક વાત નિઃશંક છે કે જેટલાં પ્રાણીઓ પાળવામાં આવ્યાં છે એમાંના કોઇકે જ માણસ પ્રત્યે બેવફાઇ કરી હશે. કદાચ એમનામાં માણસ જેટલી બુદ્ધિ નથી માટે એમની વફાદારી વધુ જળવાઇ રહેતી હશે. પણ કૃતઘ્ન બુદ્ધિ તો માણસમાં જ ખીલી શકે. માણસ અને જાનવરોની વચ્ચેના તફાવતનું આ પણ એક લક્ષણ છે.



દૂધની ને શાકભાજીની નાની ગાડીઓ ખેંચવા હૉલૅન્ડ અને બેલ્જિયમમાં કૂતરાગાડીનો ઉપયોગ થાય છે. સેન્ટ બર્નાર્ડ નામક કૂતરાઓ બરફમાં અટવાએલા લોકોને ખોળીને આશ્રય સ્થાને પહોંચાડે છે. એમને ગળે બાંધી રાખેલા દારૂ ને ખોરાક ભૂલા પડેલા માણસ માટે છે.



યૉર્ક ટેરીઅર



સીલહામ ટેરીઅર



હસ્કી




બુલ ડૉગ



બુલ ટેરીઅર



વેલ્શ ટેરીઅર



ચીહુઆહુઆ



પૂડલ



વેલ્શ કૉર્ગી




શીપ (ભરવાડી) ડૉગ

શતરંજ

લેખક · સુરેશ મોદી

ઘોડાવાળી અંતની પરિસ્થિતિઓ

કેટલીક વાર શતરંજમાં અંતમાં કેટલીક કોયડા જેવી એવી પરિસ્થિતિઓ આવી પડે છે કે જેમાં રાજાને પોતાનાં જ પ્યાદાં નડતાં હોય. એવી કેટલીક સ્થિતિઓ સિવાય રાજા અને ઘોડાના મહોરાંની સામે જ્યારે રાજા અને પ્યાદું આવી પડે ત્યારે એ પ્યાદાને વજીર બનાવીને રમત જીતી શકાય કે નહિ તેવો પ્રશ્ન ઊભો થાય છે. એવે વખતે જો ઘોડો પ્યાદાને વજીર થવાના ખાના ઉપર કે તેના માર્ગમાં આવતા કોઇ ખાના ઉપર કાબૂ ધરાવતો હોય અથવા પ્યાદું એ સ્થાનેથી પસાર થાય તે પહેલાં કાબૂ મેળવી શકતો હોય તો રમત ડ્રૉમાં પરિણમે. દા.ત. નીચેના ચિત્રમાં સફેદ હમેશાં રમત ડ્રૉ કરી શકે.




જો સફેદની ચાલ હોય તો તે રાજાને નજીક જ લાવે. જો કાળાની હોય અને તે 1..., K–B7 કે 1...,K–R7થી ઘોડાને ભગાવવા કોશિષ કરે તો અનુક્રમે 2 N–R3ch અથવા N–Q2 રમાય. ઘોડો કાં તો N1 ઉપર રહે અથવા N1 ઉપર કાબૂ રહે એવા ખાના ઉપર રહે જેથી કાળું પ્યાદું વજીર થતાં જ મરી જાય. પણ જો ઉપરની રમતમાં કાળો રાજા, પ્યાદું અને સફેદ ઘોડો ત્રણેય QR પંક્તિ ઉપર હોય તો કાળો જીતે. કારણ કે 1..., K–N7 પછી ઘોડો બચી શકતો નથી.

સાધારણ રીતે ઘોડા સામે બે પ્યાદાં હોય તો પણ રમત લગભગ ડ્રૉમાં જ પરિણમે છે. જ્યારે ત્રણ કે વધુ પ્યાદાં લગભગ જીતી શકે છે.

ઘોડો અને પ્યાદાં વિરુદ્ધ ઘોડો

આવી સ્થિતિ સાધારણ રીતે ડ્રૉમાં પરિણમે છે. કારણ કે જેની પાસે ફક્ત ઘોડો હોય તે ઘણી વખત પ્યાદાના બદલામાં ઘોડાનો ભોગ આપી શકે છે. અને પછી સામો પક્ષ એકલા ઘોડાથી જીતી શકે નહિ.

અમુક પરિસ્થિતિ એવી હોય છે કે જ્યાં ઘોડાનો ભોગ આપતાં પણ પ્યાદું મળતું નથી. એવી પરિસ્થિતિમાં જીત સંભવી શકે છે.




ઉપરના ચિત્રમાં સફેદ કેવી રીતે જીતે છે તે જોઇએ. 1 N–N4, K–K4. [જો 1..., K–B2 રમે તો 2 N–Q5ch, K–Q3; 3 N–N6, N–K4; 4 P–N8 (=Q)ch અને જીતે.]2 N–Q3ch, K–Q4; 3 N–B4ch; K–B3; 4 N–N6, K–Q4; 5 N–B8! અહીં સફેદ પોતાના પ્યાદાંને વજીર બનાવવા માટે કાળા ઘોડાને Q2 ઉપરથી હટાવવા પોતાના ઘોડાનો ભોગ આપે છે. 5...,N–K4! કાળો ઘોડો ખસીને એવી જગ્યાએ ગયો કે હવે સફેદ પ્યાદું વજીર બની શકે પણ તરત મરે. કેમકે 6 P–N8 (=Q)? N–B3!!ch અને હવે રાજા તથા વજીર ફૉર્ક થઇ ગયા અને રમત ડ્રૉમાં ગઇ. પણ જો 6 K–N6, N–B3; 7 N–Q7, K–Q3; 8 N–K5, N–N1. [જો 8...K×N તો 9 K×N અને પછી P–N8(=Q)રમીને જીતે.] 9 K–R7, K–B2! 10 N–B4, N–B3ch; 11 K–R8, N–N1! 12 N–N6, N–R3; 13 N–Q5ch, K–Q3; 14 N–N4. હવે કાળો ઘોડો ગમે ત્યાં જાય પ્યાદું વજીર થવાનું જ અને સફેદ જીતવાનો.

જ્યાં વધુ પ્યાદાં હોય એટલે કે એક પક્ષ પાસે ત્રણ અને બીજા પાસે ચાર પ્યાદાં હોય અને જો પ્યાદાં બોર્ડના બંને ભાગમાં વહેંચાયેલા હોય તો ત્યાં જીતનો વધુ સંભવ રહે છે.

ઊંટવાળી અંતની પરિસ્થિતિઓ

રાજા અને ઊંટ વિરુદ્ધ રાજા ને પ્યાદાં

આ પરિસ્થિતિ અને ઘોડાવાળી પરિસ્થિતિમાં બહુ ફરક નથી. ઊંટ વિરુદ્ધ એક પ્યાદાવાળી સ્થિતિમાં પણ જો ઊંટ પ્યાદાને વજીર થવા માટે જે ખાનાંઓ પરથી પસાર થવું પડતું હોય તેમાંના ગમે તે એક ખાના ઉપર કાબૂ ધરાવતો હોય તો રમત ડ્રૉમાં જાય છે. ઊંટ સામે બે પ્યાદાંથી-તે બહુ આગળ વધેલા ન હોય તો જીતી શકાતું નથી. ઊંટ સામે ત્રણ પ્યાદાંવાળી સ્થિતિ જીત કે ડ્રૉમાં પરિણમે. પણ એનો આધાર પ્યાદાં કેટલાં આગળ વધ્યાં છે તેના પર અને ઊંટની સ્થિતિ ઉપર રહે છે.



આ ચિત્રમાં ઊંટ ઘણી જ સુંદર જગ્યાએ છે અને તેથી રમત ડ્રૉમાં જાય છે. જુઓ: 1..., P–B6ch; 2 K–B2, K–B5, 3 B–Q8, P–R6; 4 B–B7ch (અહીં 4 B×Pch, K×B? 5 K×P પછી ડ્રૉ છે, પણ 4 B×P!?, K–N5!!! પછી કાળો જીતે), K–N5, 5 B–N3! હવે કાળો ગમે તે કરે તો યે તે જીતી શકે નહિ.


પણ ઉપરના ચિત્રમાં ઊંટ K7ને બદલે K1 પર હોત તો કાળો જીતી શકત.

1...,K–B4; 2 B–R5, P–N5, 3 B–Q8, P–R6ch, 4 K–R2, K–K5; 5 B–N6, K–B6; 6 B–B7, K–K6; 7 B–N8, P–B6; 8 K–N1, K–K7; 9 B–N3, P–R7ch! 10 K–P, P–B7!! 11 B×P, K×B! અને પરિસ્થિતિ રાજા અને પ્યાદાં વિરુદ્ધ એકલા રાજામાં પરિણમી આ સ્થિતિમાં કાળો જીતે છે. કારણ કે તેને હવે opposition છે. પણ છતાં બચાવ રાખવા જેવું છે. કારણ કે રાજા ખૂણામાં હોવાથી stalemateનો ભય રહે છે. દા.ત. 12 K–R1પછી12...,P–N6???Stalemate. ખરી રીત એ છે કે 12 K–R1, K–N6; 13 K–N1, K–R6; 14 K–R1 (કે K–B1), P–N6; 15 K–N1, P–N7; 16 K–B2, K–R7; અને 17..., P–N8 (=Q) જીતે. (ચાલુ)

આ ઉપરાંત ઊંટ અને પ્યાદાં વિરુદ્ધ ઊંટમાં ઘોડાવાળી પરિસ્થિતિની પેઠે, એક સરખા રંગનાં ઊંટવાળી સ્થિતિમાં ક્યારેક જ જીત મળે છે. એ વિષે આવતે વખતે.



પચ્ચીસ વર્ષ પહેલાં



તરંગ, આંદોલન, વેવલૅન્થ અને ફ્રિકવન્સીની સમજુતી. એક પૂરું આંદોલન થાય એટલા વખતમાં તરંગ જેટલું અંતર કાપે તેને વેવલૅન્થ કહે છે. ફ્રિકવન્સી એટલે એક સેકંડમાં જેટલાં પૂરાં આંદોલનો થાય તેની સંખ્યા. એટલે કે ૩૦ કરોડ ÷ વેવલેન્થ (મીટરમાં) = ફ્રિકવન્સી.

ટેલિવિઝનની હજી શરૂઆત જ હતી ત્યારે, પચ્ચીસ વર્ષ પહેલાં 'કુમારે' એને વિષેની વિશદ માહિતી આપતો એક સચિત્ર લેખ આપેલો. શ્રી નર્મદાશંકર દવેનો એ લેખ આજે પણ એટલો જ માહિતીપ્રદ હોઈ એને સહેજ ટૂંકાવીને જોઇએ:

ટેલિવિઝન એટલે દૂર બનતો બનાવ ઘેર બેઠાં જોવો તે. ટેલિવિઝનના અભ્યાસમાં મનુષ્યની આંખ કેવી રીતે દૃશ્ય જુએ છે તેની સમજણ મદદરૂપ થાય છે. પ્રકાશનાં કિરણો કીકીની અંદર થઇને જવાથી નેત્રપટ (રેટિના) ઉપર દૃશ્યની આબેહૂબ આકૃતિ પડે છે; નેત્ર પાછળથી માથાના વાળ કરતાં યે ઝીણા લાખો જ્ઞાનતંતુઓ મગજ સુધી સંદેશા લઈ જાય છે. નેત્રપટ વાસ્તવિક રીતે આ બારીક જ્ઞાનતંતુઓના છેડાઓનું જ બનેલું છે. દરેક જ્ઞાનતંતુના છેડાને ભાગે દૃશ્યનો જે હિસ્સો આવે તે કેટલો ઉજળો છે તેની વિગત તે જ્ઞાનતંતુ મગજને પહોંચાડે છે. એક સામટા આ બધા સંદેશા મગજમાં પહોંચે છે કે તરત મગજને જોએલા દૃશ્યનો સંપૂર્ણ ખયાલ આવી જાય છે. આંખ ભલે લાખો માર્ગોનો એક સામટો ઉપયોગ કરી શકે, પણ ટેલિવિઝનમાં તો બધા સંદેશા એક જ રસ્તે એક પછી એક મોકલવા રહ્યા.


ટૂંકામાં, જે દૃશ્ય (દા.ત. માણસનું મોં) મોકલવું હોય તેના ઊભી ને આડી લીટીઓ વડે સંખ્યાબંધ ઝીણા ઝીણા ભાગ પાડયા છે તેમ પહેલાં તો કલ્પીએ. પછી, પ્રકાશનું એક કિરણ દૃશ્યની પહેલી આડી લીટી ઉપર એકધારી ઝડપે ડાબીથી જમણી દિશામાં સરકતું જાય છે. લીટી પૂરી થઈ જાય કે તત્ક્ષણ કિરણ ડાબી બાજુ દોડી જઇ, બીજી લીટી દોરવા માંડે છે. આમ જો ૨૪૦ લાઈનનું ટેલિવિઝન હોય તો ૨૪૦ આડી મુસાફરી કર્યા પછી કિરણ પાછું પહેલી લીટીને ડાબે છેડેથી ચિત્રનિરીક્ષણનો આરંભ કરે છે. આ ક્રિયાને 'સ્કૅનિંગ' (scanning) કહે છે. દૃશ્યના જે ઝીણા ભાગ પર પ્રકાશ પડયો હોય તે ભાગ જેટલે દરજ્જે ઝાંખો કે ઉજળો હોય તેટલે અંશે ક્ષીણ કે પ્રબળ પ્રકાશ દૃશ્ય પરથી પાછો ફેંકાય છે. પાછો ફેંકાએલો પ્રકાશ (reflected light) ફોટોઇલેક્ટ્રિક સેલ નામની રચના ઉપર પડે છે, એટલે એ સેલને જોડેલા તારમાં વીજળીનો પ્રવાહ ચાલુ થાય છે. જો દૃશ્યનો ભાગ તદ્દન સફેદ હોય તો વીજળીનો પ્રવાહ જોસપૂર્વક વહે છે, પણ કાળો ભાગ મોકલવાનો આવે ત્યારે પ્રવાહ ક્ષીણ થઈ જાય છે. ક્ષણેક્ષણ થતા પ્રકાશના ફેરફારોનું આવી રીતે પલટાતા વીજળીના પ્રવાહમાં રૂપાંતર થઈ શકે છે. આ રીતે પલટાતો વીજળીનો પ્રવાહ યુક્તિપૂર્વક એક એરિયલમાં દાખલ કરવામાં આવે, તો તારમાંથી ઈલેક્ટ્રો-મૅગ્નેટિક વેવ્ઝ આકાશમાં ફેલાવા માંડે છે. આકાશમાં એ તરંગો એક સેકંડમાં ત્રીસ કરોડ મીટર જેટલું અંતર કાપે છે.

ફોટોઇલેક્ટ્રિક સેલમાંથી મેળવેલા વીજળીના પ્રવાહનું આ ઇલેક્ટ્રૉમૅગ્નેટિક તરંગોમાં રૂપાન્તર કરવા માટે પહેલાં તો એક ઘણી જ ઊંચી ફ્રીકવન્સીવાળી તરંગ–શ્રેણી તૈયાર કરવી પડે છે. એને 'હાઈ ફ્રીકવન્સી કૅરિયર વેવ' કહે છે. 'કૅરિયર' એટલા માટે કે એ મોકલવાની માહિતી લઇ જાય છે. ફોટો સેલમાંથી મળેલો તારંગિત પ્રવાહ જે પ્રમાણે નીચોઊંચો થતો હોય તે અનુસાર કૅરિયર વેવનું માપ ઘટાડવામાં કે વધારવામાં આવે છે, આને 'મૉડયુલેટેડ કૅરિયર'–(modulated carrier) કહે છે. આવી રીતે તૈયાર કરવામાં આવેલો વીજળીનો પ્રવાહ ઊંચે બાંધેલા એરિયલ દ્વારા આકાશમાં ઇલેક્ટ્રો-મૅગ્નેટિક તરંગોરૂપે પ્રસારવામાં આવે છે. ટેલિવિઝન જોવા ઇચ્છનાર માણસ પોતાના ઘરની અગાશી ઉપર એરિયલ બાંધે છે. પેલા તરંગો આ રીસીવિંગ એરિયલને વીંધતા જવાથી તેમાં પણ તેવી જાતનો તારંગિત પ્રવાહ પેદા થઈ તે ટેલિવિઝન રીસીવરમાં દાખલ થાય છે. ત્યાં સૌથી પહેલાં કૅરિયરને છુટો કરી નાખવાથી, બાકી રહી તે તરંગશ્રેણી મૂળ પ્રકાશની તરંગશ્રેણીને બરાબર અનુસરતી હોય છે.

આવા તરંગનું પુનઃ પ્રકાશમાં રૂપાન્તર થાય છે. આ કાર્ય સહેલું નથી. ઘરમાં વાપરીએ તેવી વીજળીની બત્તીમાં પ્રકાશની પ્રબળતામાં ઝડપથી ફેરફાર કરી શકાતો નથી. બત્તી બુઝાવતી વખતે દરેકનો અનુભવ છે કે બટન ફેરવ્યા બાદ થોડી ક્ષણો ગયા પછી જ બત્તીના તાર લાલ ઝળકતા મટી જાય છે.



સ્કેનિંગ. દા. ત. આ ચિત્રમાં પ્રકાશનું બિંદુ માણસના નાક પર આવે ત્યારે ફોટો સેલમાં વીજળીક પ્રવાહ જોસથી વહે, જ્યારે ચશ્માની કાળી ફ્રેઇમ પર આવતાં એ પ્રવાહ ક્ષીણ થઇ જાય. આમ સ્કેનિંગથી આખા દૃશ્યનું ક્ષણેક્ષણ પલટાતા વીજળીક પ્રવાહમાં રૂપાંતર થઇ શકે છે.



સ્કૅનિંગડિસ્ક: સ્પષ્ટતા સારુ અહીં માત્ર છ જ કાણાં બતાવ્યાં છે. બે કાણાં વચ્ચેનું અંતર બારીની પહોળાઈ જેટલું જ હોય છે. એક પછી એક લીટીઓ એકમેકને અડીને આવે એટલા સારુ કાણાં ઘડિયાળની કમાનના આકારે ગોઠવેલાં છે. વચ્ચે કૅથોડ-રે-ટ્યૂબ છે. એમાં ફિલામેન્ટ (ફ)ને વીજળીના પ્રવાહ વડે તપાવવાથી તેમાંથી સંખ્યાબંધ ઇલેકટ્રૉન્સ ઊકળતા પાણીની વરાળ પેઠે બહાર આવે છે. એનો ૧ અને ૨ની આ પરમાણુઓ પર લેન્સના જેવી અસર થાય છે. પરિણામે પરમાણુઓ એકઠા થઈ એક ઝીણા કિરણ (ક)ના રૂપમાં બહાર પડે છે. એ કિરણ ફ્લૉરેસન્ટ સ્ક્રીન ઉપર જે જગ્યા પર પડે ત્યાં પ્રકાશનું ઝીણું બિંદુ જોવા મળે છે. 'અ' અને 'બ' દરેક બે બે પ્લૅટો પર વીજળીનું જોઈતું દબાણ (વૅલ્ટેજ) આપી કિરણને સ્કૅનિંગની ગતિ (ખ) આપી શકાય છે. જમણી બાજુની ત્રીજી આકૃતિમાં એ ગતિ દર્શાવી છે. એમાં તૂટક લીટી કિરણ ઝડપથી પાછું સરકી જાય છે તે બતાવે છે. ફિલામેન્ટને ઘેરી રહેલું જે સિલિન્ડર (વ) છે તેના પર લગાડેલા વૉલ્ટેજ અનુસાર પ્રકાશબિંદુ મંદ કે પ્રબળ બને છે જેને પ્રકાશારોપણ (light modulation) થયું કહેવાય છે.

નિયૉન ગૅસથી ભરેલી કાચની નળી પર વીજળીનું ઓછું દબાણ (વૉલ્ટેજ) મૂકવાથી નિયૉન બત્તીના પ્રકાશની પ્રબળતા 'તત્ક્ષણ' વધતી ઓછી કરી શકાય છે. પણ નિયૉન બત્તીનો ઉપયોગ ટેલિવિઝનમાં આ કામ માટે થતો નથી, કેમકે તેનો પ્રકાશ મન્દ લાલ રંગનો હોય છે. એક રસ્તો ડૉ. કર નામના વૈજ્ઞાનિકે શોધેલી 'કર સેલ' પાવરવાનો છે. એનો ગુણ એ છે કે તેની અંદરથી જતું પ્રકાશનું કિરણ, સેલ ઉપર મૂકેલો વૉલ્ટેજ જેટલી ત્વરાથી વધેઘટે તેટલી ત્વરાથી તેજસ્વી કે ઝાંખું બનીને બહાર નીકળે છે. 'કર સેલ' પાવરવાનો ફાયદો એ છે કે પ્રકાશનું કિરણ અલાયદી કાર્બન આર્કની બત્તીમાંથી મેળવી શકાય અને તેથી ચિત્ર ઘણું ઊજળું બને. આ આખી ક્રિયાને 'પ્રકાશારોપણ' (light modulation) કહે છે.

બીજો રસ્તો કૅથોડ-રે-ટ્યૂબ નામે ઇલેક્ટ્રૉન પેદા કરનારી કાચની નળી વાપરવાનો છે. આ નળી ઉપર વધતો ઓછો વૉલ્ટેજ મૂકવાથી પરમાણુઓનો વેગ વધારીઘટાડી શકાય છે. આ પરમાણુઓ વધતાઓછા જોરથી એક જાતના રાસાયણિક મિશ્રણથી રસેલા કાચના પટ પર અથડાતાં, તે પ્રમાણે વધતી ઓછી ઉજ્જ્વળતાવાળું પ્રકાશનુંબિન્દુ મેળવી શકાય છે. આવા કાચના સ્ક્રીન ને 'ફ્લૉરેસન્ટ સ્ક્રીન' કહે છે. પ્રકાશના આ બિન્દુને સ્કૅનિંગ જેવી ક્રમિક ગતિ આપવાથી મોકલેલું દૃશ્ય ફ્લૉરૅસૅન્ટ સ્ક્રીન ઉપર ખડું થાય છે.

હવે સ્કૅનિંગની એક રીત આપણે જોઇએ. ધાતુના એક બિંબાકારચકતા (ડિસ્ક)ની ઉપર સરખે અંતરે ઝીણાં કાણાં પાડયાં હોય છે. આની એક બાજુ પરથી એક તેજસ્વી કાર્બન આર્કની બત્તીમાંથી લેન્સની ગોઠવણ વાટે પ્રકાશ ફેંકવામાં આવે છે. સ્કૅનિંગ ડિસ્કની બીજી બાજુ ટેલિવિઝન લેવાનું હોય તે અભિનય થતો હોય છે. ડિસ્ક એક ધરી ઉપર ફરતું હોય છે. ડિસ્કના ઉપરના ભાગમાં એક લંબચોરસ બારી ગોઠવીને દૃશ્યની ચોકસ હદ નક્કી કરવામાં આવી હોય છે. ડિસ્કની કોર ઉપરનાં બે કાણાં વચ્ચેનું અંતર આ બારીની પહોળાઇ જેટલું જ રાખવામાં આવે છે. હવે આ ચક્રરને તેની ધરી ઉપર ગોળ ફેરવવા માંડીશું એટલે એક કાણું બારીની પહોળાઇની દિશામાં એકધારી ઝડપથી દોડતું જશે અને પ્રકાશની એક લીટી દૃશ્ય પર દોરશે. જમણી કોર ઉપર જેવું આ કાણું બારીની બહાર નીકળ્યું કે તરત તે પછીનું કાણું બારીની ડાબી કોરે પ્રવેશ કરશે. પ્રકાશની આ બીજીલાઈન પહેલી લાઈનની સહેજ નીચે દોરવી હોય તો આ બીજું કાણું પહેલા કાણા કરતાં ડિસ્કની ધરીની વધારે નજદીક પાડવું જોઇએ. આ રીતે કાણાં વર્તુળાકારમાં ન પાડતાં ઘડીઆળની કમાનના આકારમાં પાડયાં હોય, તો સ્કૅનિંગની ક્રિયામાં પ્રકાશને જેવી ગતિ આપવી પડે છે તેવી ગતિ આપી શકાય.

પરમાણુઓનું કિરણ પેદા કરવાની કૅથોડ-રે ટ્યૂબ નામની નળીમાં સ્કૅનિંગ સહેલાઈથી થઈ શકે. પરમાણુઓનું કિરણ નેગેટિવ ઇલેક્ટ્રીસિટીનું બનેલું હોઈ; વીજળીનાં જુદાંજુદાં દબાણ નીચે તે મૂકવાથી તેને ધારેલી ગતિ



ટેલિવિઝન કેમ થાય છે એની સંક્ષેપમાં સમજણ આપતી આકૃતિ

આપી શકાય છે. આ થયું સ્કૅનિંગ.

ટેલિવિસ્ઝનમોકલવામાટે અલ્ટ્રા-શૉર્ટ વેવ (અતિલઘુ તરંગો) કૅરિયર (વાહક) તરીકે વપરાય છે. રેડીઓ દ્વારા અવાજ મોકલવામાં આટલી ટૂંકી વેવ લૅન્ચ વાપરવાની જરૂર નથી પડતી. આનું કારણ એ છે, કે અવાજના તરંગોની ફ્રીકવન્સી વધુમાં વધુ ૮૦૦૦ સાયકલ્સ જેટલી જ હોય છે. ટેલિવિસ્ઝનમાં દશ્ય-જાત તરંગો સેકંડમાં દસથી વીસ લાખ આન્દોલન પામતા હોય છે અને વાહક તરંગની ફ્રીકવન્સી વાહિત તરંગ કરતાં ઓછામાં ઓછી વીસ પચીસગણી (આશરે ૫ કરોડ) હોય તો સંતોષકારક કામ મળે છે. આથી ટેલિવિઝનમાં (૩૦÷૫ કરોડ=૬)છ મીટર કે તેથી ટૂંકી વેવલેન્થ વાપરવી પડે છે.

આ અતિલઘુ તરંગોની કેટલીક ખાસીઅતો છે. રેડીઓ-વ્યવહારમાં વપરાતા બીજા તરંગોની પેઠે વાતાવરણમાં ઉપલા પડોમાંથી (દા. ત. હેવીસાઇડ લેયરમાંથી) અતિ લઘુ તરંગો પાછા ફેંકાતા નથી, આથી એ પૃથ્વીના ગોળાકારને અનુસરી શકતા નથી. આ બાબતમાં અતિલઘુ તરંગો કંઈક પ્રકાશનાં કિરણોની માફક વર્તે છે. ટેલિવિસ્ઝન બ્રૉડકાસ્ટ અત્યારે અમુક માઈલની ત્રિજ્યાવાળા વર્તુળમાં જ ઝીલી શકાય છે તેનું કારણ આ છે. આથી સમજાશે કે તરંગ ફેલાવનારો (ટ્રાન્સમિટર) એરિયલ અને તરંગ ઝીલનારો(રીસીવર)એરિયલ દરિયાની સપાટીથી જેમ ઊંચા બાંધીએ તેમ ટેલિવિસ્ઝન બ્રૉડકાસ્ટની મર્યાદા વિસ્તરે.

ટેલિવિસ્ઝનમાં અવાજ અને દશ્ય બંને ભિન્નભિન્ન પણ લગભગ મળતી આવતી વેવલૅન્ગ્થ ઉપર મોકલવામાં આવે છે (દા. ત. ૬.૬ અને ૭.૧ મીટર) આથી એક જ રીસીવિંગ એરિયલ ગરજ સારે છે. ટેલિવિસ્ઝનના રીસીવરમાં પછી આ બે પ્રોગ્રામ યોગ્ય ગોઠવણીથી અલગ કરી શકાય છે.

અત્યારનાં ટેલિવિસ્ઝન રીસીવરો મોટે ભાગે કૅથોડ-રે-ટ્યૂબ (પરમાણુઓની નળી)નો ઉપયોગ કરે છે આની મદદથી સ્કૅનિંગ અને પ્રકાશારોપણ (લાઈટ મૉડ્યુલેશન) બંને એક જ સાધન દ્વારા થઈ શકે છે. દશ્ય કૅથોડ-રે ટ્યૂબના છેડા ઉપર દેખાય છે. સામાન્ય રીસીવરોમાં ૮"×૬"નાં કદનું ચિત્ર મળી શકે છે.

ચિત્રનીબારીકતા અને સ્પષ્ટતા ચિત્ર કેટલી લીટીનું બનેલું છે તેના ઉપર અવલંબે છે. ૪૦૫ લીટીનું ટેલિવિસ્ઝન સારું ગણાય છે. એક સેકન્ડમાં ૨૫ પૂરાં ચિત્રો બંધાય છે, પણ આંખને તો સિનેમામાં દેખાય છે તેમ તૂટ વગરનું ચાલુ ચિત્ર જોવા મળે છે. ચિત્રની ફ્રીકવન્સી જો ઓછી હોય તો ચિત્રમાં અણગમતો ('ફ્લિકર') આવે છે, પણ ચિત્રની ફ્રીકવન્સી વધવાથી દશ્ય-જાત તરંગોની ફ્રીકવન્સી પણ વધે છે અને એ રીતે ટેલિવિસ્ઝનના કાર્યમાં વિવિધ મુશ્કેલીઓ પેદા થાય છે. ચિત્રનો ઉજાશ ઘટાડવા તૈયાર હોઇએ, તો પણ ફ્લિકર ઘટાડી શકાય છે. વ્યવહારમાં આ પરસ્પર વિરોધી તત્ત્વોનો સુમેળ સધાય છે.

વિજ્ઞાન અને લોકમત બંનેની પ્રગતિ થતાં બીજા એકાદ દશકામાં તો ટેલિવિસ્ઝને ઘણો પંથ ખેડી નાખ્યો હશે તેમાં શંકા નથી.


આ ઉપરાંત, 'સ્વૉરિકિન (Zworykin) નામના અમેરિકને પરિપૂર્ણ કરેલા આઇકૉનોસ્કોપમાં પરમાણુઓના ગુણોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ સાધન દ્વારા સ્ટૂડિયો બહારનું ટેલિવિસ્ઝન પણ સહેલાઇથી લઇ શકાય છે. આવા કામ માટે ઇન્ટરમીજિયેટ ફિલ્મની પદ્ધતિ પણ ઉપયોગી નીવડી છે આ પદ્ધતિમાં પહેલાં દશ્યની ફિલ્મ ઉતારવામાં આવે છે અને ધોવાયા પછી તરત તેનું સ્કૅનિંગ થાય છે. દશ્ય બનાવવાની અને રીસીવર પર ઝીલાવાની વચ્ચે માત્ર અર્ધી મિનિટનો જ ગાળો ઉપલાં કામોમાં પડે છે, જે વ્યવહારમાં મહત્ત્વનો નથી.

જમીન નીચે દોરડાં નાખી તે વાટે જે ટેલિવિસ્ઝન મોકલાય છે તે કરતાં સામાન્ય ટેલિવિસ્ઝનમાં ફરક એ છે કે આકાશમાર્ગે સંદેશા લઈ જવાને બદલે તેમાં ધાતુના તાર મારફતે સંદેશા લઇ જવામાં આવે છે. બ્રૉડકાસ્ટિંગ માટે આવું ટેલિવિસ્ઝન ન જ વાપરી શકાય. એકથી બીજા સ્ટેશને પ્રોગ્રામ રીલે (relay) કરવા કે ટેલિવિસ્ઝન-ટેલિફોન સર્વિસ માટે દશ્ય વીજળીનાં દોરડાં વાટે લઇ જવામાં આવે છે.


સાબુનું શિલ્પ

સાબુની ગોટી કે ચોસલામાંથી કેવા ચિત્તાકર્ષક ઘાટો કોતરી શકાય તે અગાઉ એક વાર અપાઈ ગયું છે. એ માટે ઓજારોનો ખર્ચ કરવો પડે એમ નથી. બાજુએ આપેલા એ ઓજારોના ચિત્રમાંના નં. ૧ મુજબ ધારદાર ચપ્પુ વડે દેવદારની છથી આઠ ઈંચ લંબાઈની ચીપમાંથી એક ઓજાર બનાવી લેવું. પછી નં. ૨માં બતાવ્યા મુજબ છેડે વાંકવાળું બીજું ઓજાર બનાવવું ને તેને સામે છેડે તારવાળીને બાંધવો. તાર કેમ બાંધવો તે ચિત્ર નં. ૩ બતાવે છે.


આટલી તૈયારી બાદ સાથેનાં ચિત્રોમાં બતાવેલી બતકનો ઘાટ કોતરવા માંડો. પડખું, પૂઠ, સન્મુખ અને મથાળેથી એ મુજબ તેના ઘાટના ચાર ક્રમ એમાં બતાવેલા છે. તે અનુસાર અણીદાર ઓજારથી રેખાઓ પાડો અને પછી તારના ઓજારથી એ રેખા સુધી ઊંડા જતાં બહારનો ભાગ છોલી કાઢો. છોલવામાં બિલકુલ ઉતાવળ ન કરતાં પૂરતી સાવચેતી રાખજો. ઓછું છોલાયું હશે તો ફરીથી જોઇતો ભાગ વધુ છોલી શકાશે; પણ વધારે ઊતરેલો છોલ તમે પાછો ચોડી નહિ શકો! આકારની પૂરી સમજણ ને ધીરજ હશે તો સરસ નમૂનો થશે. આ રીતે બીજા નમૂના પણ થઈ શકે.




નં. ૧ પડખું




ન ૨ પૂઠ




ન ૩ સન્મુખ





નં ૪ મથાળેથી





જીવ! તારે ચાલવું છે આજ અંગારા ઉપર,
ના. નજર નાખીશ સંજોગોથી ડરનારા ઉપર.
જો હશે નિશ્ચય, ખુવારી ને વતન પર પ્યાર તો:-
નાવ છે મઝધારમાં તે આવશે આરા ઉપર.
ઓ જવાની! તું રહે ને જાય સરહદ દેશની?
ઊઠ, જો આખા જગતની છે નજર તારા ઉપર. —જમિયત પંડ્યા

ઊ થાં

આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં, જ્યાં મહાસત્તાઓનાં હિત સદા સામસામાં ટકરાતાં જ રહે છે ત્યાં સૌ પક્ષોના પ્રિયજન બની રહેવું એ ખાંડાની ધાર જેવું કપરું કામ છે. પણ સંયુક્ત રાષ્ટ્રસંઘ (યૂનો)ના કામચલાઉ મહામંત્રી તરીકે દોઢેક વર્ષની કામગીરી બજાવીને બ્રહ્મદેશના ઊ થાંએ એક સંસ્કારી સજ્જન, ઉમદા ગૃહસ્થ ને વિચક્ષણ રાજનિતિજ્ઞ તરીકે વિશ્વભરમાં જે કીર્તિ સંપન્ન કરી છે તેને લીધે તેઓ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે અપવાદરૂપ ગણાય એવા સૌના પ્રિયજન બની રહ્યા છે. અને એ જ ગુણોએ એમને હમણાં એ મહામંત્રીના પદે ફરી ચાર વર્ષ માટે સર્વાનુમતે સ્થાપિત કર્યા છે.

દેશભાવના તથા ઉચ્ચ સંસ્કારના આદર્શપૂત ગર્ભશ્રીમંત જમીનદાર ખાનદાનના તેઓ નબીરા છે એ કારણે નહિ પરંતુ એમની નમ્ર ને શાંત પ્રકૃતિ, નિરભ્ર નિર્ભીકતા, સુદૃઢ કાર્યદક્ષતા તથા અસામાન્ય પ્રતિભા ને શુચિમધુર સ્નિગ્ધતાને કારણે તેઓ સર્વજનપ્રિય બન્યા છે.

ઈ. ૧૯૦૯ના જાન્યુઆરીમાં બ્રહ્મદેશની ચારુ ને હરિયાળી નિકુંજશ્રીથી ઓપતી રમણીય ઇરાવદીના કાંપ પ્રદેશમાં જન્મેલા ઊ થાએ પોતાનું શિક્ષણ પ્રથમ પોતાના જન્મસ્થળ પંટનોની નેશનલ હાઈસ્કૂલમાં મેળવેલું. રંગૂન યુનિવર્સિટીમાં જોડાયા બાદ પિતાના અકાળ અવસાનથી કુટુંબના જીવનનિર્વાહની તેમના પર આવી પડેલી જવાબદારીએ તેમનો અભ્યાસ પડતો મુકાવેલો અને તેઓ પોતાની જૂની શાળામાં અંગ્રેજી તથા ઇતિહાસના શિક્ષક તરીકે જોડાયા, જ્યાં શિક્ષક માટેની પરીક્ષામાં પ્રથમ આવીને પોતાની તેજસ્વિતા બતાવી દીધી.

ઈ. ૧૯૪૭ દરમિયાન બ્રહ્મદેશની સ્વતંત્રતાની ચળવળમાં 'ઍન્ટી ફાશિસ્ટ પીપલ્સ ફ્રીડમ લીગ'ના પ્રચાર–નિયામક તરીકે તેમણે પોતાની જાહેર કારકિર્દી આરંભી, જેમાં ઉત્તરોત્તર પ્રગતિ સાધી તેઓ બ્રહ્મી સરકારના વડા અખબારી અધિકારીને પદે પહોંચ્યા. ત્યાંથી વડા પ્રધાન ઊ નૂના અંગત મંત્રી તથા પ્રવક્તા બનીને તેમણે પોતાની વિદ્વત્તા અને મુત્સદ્દીગીરીની પ્રતીતિ કરાવી આપી, જેને પરિણામે તેઓ ૧૯૫૨માં સંયુક્ત રાષ્ટ્રો ખાતેના બ્રહ્મદેશના પ્રતિનિધિમંડળમાં નિમાયા અને પાંચ વર્ષ બાદ ઇ. ૧૯૫૭માં તો તેના વડા ને કાયમી પ્રતિનિધિ બન્યા.



પૂર્વી અધ્યાત્મવાદના હિમાયતી ઊ થાં રાજકીય રીતે પશ્ચિમી અર્થકારણના સબળ સમર્થક છે. વિશ્વસંસ્થાની આંતરરાષ્ટ્રીય વિકાસ ભંડોળ સમિતિ, કૉંગોના સમાધાન પંચ, અલ્જીરિયા અંગેની આફ્રોએશિયન દેશોની ખડી સમિતિ, વગેરે મહત્ત્વની સમિતિઓ પર નિમાઈને એમણે કૉંગોમાં કાયદો ને વ્યવસ્થા સ્થાપવામાં,

જગતનાં પ્રાણીઓ-૫૪ : પ્યુમા



પ્યુમા-બિલાડાના કુળનું આ પ્રાણી માત્ર અમેરિકામાં જ થાય છે અને એની હિંસક વૃત્તિને કારણે ત્યાં એને 'માઉન્ટન લાયન' (ડુંગરાના સિંહ) તરીકે પણ ઓળખે છે. એક કાળે તો ઉત્તર-દક્ષિણ અમેરિકામાં એ બધે જ વ્યાપી રહેલાં હતાં. માનવ વસતિના વિકાસ સાથે આજે એ એટલાં વ્યાપક નથી રહ્યાં છતાં જંગલ, ડુંગરા કે ઘાસથી આચ્છાદિત ખુલ્લી ભૂમિ પર જ્યાંજ્યાં એને શિકાર મળે ત્યાંત્યાં બધે જ એ ફેલાએલાં છે.

નાકથી માંડી પૂછડીના મૂળ સુધી લગભગ ચાળીસેક ઈંચના કદનું આ પ્રાણી પુખ્ત વયે પીળચટા બદામી રંગનું હોય છે. પેટાળ, દાઢી, ગળું ને ઉપલો હોઠ કંઈક મેલા ધોળા જેવાં. માથું નાનું ને યાળ વિનાનું. કાન મોટા ને ગોળ છેડાવાળા. પૂછડી વીસેક ઇંચથી યે લાંબી, જાડી ને છેડે જતાં વાળવાળી, પણ ગુચ્છાવાળી નહિ. બચ્ચાં છએક માસનાં થાય ત્યાં સુધી એમને શરીરે કાળાં ટપકાં હોય છે અને એમની પૂછડી પણ વળેલી રહે છે.

ઝાડ પર બહુ આસાનીથી ચડી શકતું હોવા છતાં પ્યુમા માત્ર જંગલોમાં જ નહિ, ખુલ્લા વિસ્તારોમાં અને ડુંગરાઓમાં પણ રહે છે. ઘોડાં, ઢોર ને ઘેટાં વગેરે જેવા પાલતુ જાનવરોની પીઠ પર ઓચિંતા કૂદી આવી એમની ડોક ભાંગી નાખી એ એમનો શિકાર કરે છે. જંગલમાં એ ગ્વાન્કો (જંગલી લામા) અને હરણાં મારે છે. ભૂખ્યું હોય તો એને ગમે તેનું માંસ ચાલે, પણ માણસ પર એણે હુમલો કર્યાનો દાખલો ભાગ્યે જ મળે–આત્મરક્ષણાર્થે પણ નહિ. આથી એમની વસતિવાળા વિસ્તારોમાં યે બાળકો સલામતીથી હરીફરી શકે છે.

જમીન પરથી વીસેક ફૂટ ઊંચે ને ત્રીસથી ચાળીસ ફૂટ નીચે કૂદી જવું એને તદ્દન આસાન છે. પ્રજનન કાળમાં એના બૂમાટા માણસને ઘણીવાર ગભરાવી દે એવા હોય છે.

સુભાષની લશ્કરી કુનેહ

લેખક
હરિનભાઈ શાહ

ઇતિહાસમાં નામ તો ઘણાં દાખલ થઇ શકતાં હોય છે; પરંતુ કેટલાંક નામ ત્યા ગૂચળું વળીને પડયાં હોય છે, અને કેટલાંક વીર ગતિએ ગએલા શૂરાપૂરાની જેમ અવારનવાર લોકહૃદયમાં ઝળકતાં રહે છે. નીફા અને લદાખ પરના સામ્યવાદી ચીનના ગંભીર લશ્કરી આક્રમણે ભારત સમક્ષ તીવ્ર મનોવેદના ખડકી દીધી છે અને લશ્કરી પુરુષાર્થની પાઠમાળાનો પહેલો પાઠ આનાકાની કરતા હાથમાં પકડાવ્યો છે ત્યારે બે નામ લોકહૃદયમાં ઝબૂકે છે: સરદારવલ્લભભાઈ ને નેતાજીસુભાષચંદ્રબોઝ.

સરદારને જાણીતાં હથિયારો ઝાલવાની તક પહોંચી નહોતી, તો તેમણે ગાંધીજીએ જે 'હથિયારો' તેમને સોંપ્યાં તેનાથી પણ લડાયક પુરુષાર્થનો કદી ન ભુલાય તેવો પરચો બતાવ્યો હતો. સુભાષ, ઉપલક દૃષ્ટિએ તો તેમના જીવનના ઉત્તરાર્ધના છેલ્લા પ્રકરણ સુધી એ જ હોડીના (કૉંગ્રેસ કારકિર્દીની) મુસાફર રહ્યા હતા; પરંતુ સુભાષને વધુમાં ભારે બખડજંતરભરી દુનિયામાં લશ્કરી પુરુષાર્થનાં પણ તેડાં આવે જ છે તે સૂઝયું. અને ભારત જે દોઢ દાયકા બાદ આંખ ચોળીને ચીની આક્રમણના અનુભવ પછી સમજવા લાગવાનું હતું તે સુભાષે પોતાના જીવનના વિલિનીકરણ વખતે લશ્કરી પુરુષાર્થનું સમોવસરણ રચીને ઘણુ વહેલું જોઇ લીધું.


નીફા અને લદાખમાં તોપો ફોડીને આક્રમક ચીને આપણી જે ખુવારી કરી તેથી પણ વધુ રે ગંભીર જોખમમાં તેણે 'યુદ્ધ-વિરામ'નો ડાહ્યોડમરો ભેદ વાપરીને આપણી દૃઢતાને મૂકી દીધી છે. એકેએક દેશવાસીના જુસ્સા અને દુશ્મન સામેના લશ્કરીપુરુષાર્થ અંગેની સંગીન સમજ, આ બન્ને મુદ્દાઓ આજે સુભાષનું નામ વારંવાર યાદ કરાવે છે. બ્રિટિશ નજરકેદમાંથી છટકી જઇને છેક જર્મની અને જાપાનની ખેપો ખેડીને સુભાષે હિટલર અને ટોજોનાં શસ્ત્રોને ખેંચી લાવીને આઝાદ હિંદ ફોજ દ્વારા કામે લગાડવામાં જે લશ્કરી પુરુષાર્થની કુનેહ બતાવી હતી તેનાં કેટલાંક પાસા આજની આપણી વિટંબણાઓ વેળા પ્રેરક બની શકે તેવાં છે.

જર્મનીના વડા હિટલરનો સૂર્ય વિશ્વયુદ્ધમાં ત્યારે મધ્યાહ્ને તપી રહ્યો હતો. સુભાષ જ્યારે હિટલર પાસે પહોંચ્યા ત્યારે તે માગવામાં આવે તે લશ્કરી શસ્ત્રો જ નહિ પણ લશ્કરી ઑફિસરો સુદ્ધાં છૂટે હાથે દઈ શકે તેવી સ્થિતિમાં હતો. હિટલરથી અંજાઈ જવાનું, તેના આશ્રિત બની જવાનું, સહેલું સ્વાભાવિક ને અનિવાર્ય લગભગ હતું. છતા સુભાષે બરોબર તકેદારી રાખી હતી કે તેનું કે હિંદનું સ્થાન હિટલર પાસે લાચાર માગણના જેવું ન થઇ જાય. આજે અમેરિકા અને પશ્ચિમના દેશો પાસેથી શસ્ત્રો માગતી અને લેતી વખતે જવાહરલાલ નેહરુ બેચેનીનાં જે પાસાં ઘસી રહ્યા છે તે સુભાષની ત્યારની સ્પષ્ટ સૂઝ ને નિર્ણાયત્મકતા તથા પરિપાલનની દૃઢતા યાદ કરાવી આપે છે. હિટલર પાસેથી લશ્કરી સહાય સ્વીકારવાનો નિર્ણય નેતાજીએ કર્યો તે જ પળે તેમણે એ પરાધીનતામાંથી વહેલામાં વહેલો છુટકારો પામવા માટેનાં પગલાં પણ વિચારી લીધાં હતાં. તેમાં દૂરંદેશી અને દૃઢતા બન્ને હતાં. ભારતને હજુ મુક્ત કરવાનું યે બાકી હતું તોપણ એમણે જર્મન કબજા નીચેના ચેકોસ્લોવાકિયાની મુલાકાત લઇને ત્યાંના શસ્ત્રોના જગવિખ્યાત સ્કૉડા કારખાનામાં જઇને ભાવિ ભારતને તેના પોતાના લશ્કર માટે જેની જરૂર પડવાની હતી તેવાં શસ્ત્રોની યાદી કરાવી. ભારતના ચેકોસ્લોવાકિયા ખાતેના એલચીમંડળના સભ્ય તરીકે હું પ્રાગમાં

અલ્જીરિયાના સંઘર્ષનો સાવધાનીપૂર્વક અંત લાવવામાં તથા ક્યૂબા ને હંગેરીના પ્રશ્નોને ઉકેલવામાં જે પ્રામાણિકતા ને પ્રતિભા, મક્કમતા ને મુત્સદ્દીગીરી અને કાર્યદક્ષતા તથા નૈતિક ઊચ્ચતા દાખવ્યાં તેને લીધે વિશ્વરાજકારણમાં એમનું સ્થાન નિશ્ચિત થઈ ગયું.

યૂનોના ભૂતપૂર્વ મહામંત્રી દાગ હૅમરશીલ્ડના કરુણ અવસાનથી ખાલી પડેલી જગ્યા માટે તરત જ તે નજરે ચડયા અને બે સત્તાજૂથોની સાઠમારીના એ કપરા કાળમાં હંગામી મહામંત્રીપદેથી, ગોળ હસતી સુખાકૃતિ ને ઘઉંવર્ણી દેહકાંતિવાળા આ ભાવુક બૌદ્ધધર્મીએ વિશ્વશાંતિ તથા આંતરરાષ્ટ્રીય મૈત્રી માટે જે નિષ્ઠાપૂર્વકનો ને ન્યાયશીલ પરિશ્રમ ખેડયો તેણે તેમને મહામંત્રીપદે સર્વાનુમતે સ્થાપિત કર્યા. એમણે લખેલા ૭ ગ્રંથોમાં ઇ. ૧૯૩૩ના લીગ ઑવ નેશન્સના ઇતિહાસ અને એમના પોતાના દેશના ઇતિહાસના ત્રણ મહાગ્રંથોની વિગતસભરતા તથા ચોકસાઇ એ તેમની પ્રતિભા અને પરિશ્રમની પાદપૂર્તિ છે.

અભિનયપટુ ચાર્લ્સ લૉટન



નૉત્રદામના હન્ચબૅકથી શરૂ કરીને આઠમા હેન્રી સુધીનાં વિશિષ્ટ પાત્રોની લાક્ષણિક ભૂમિકાઓ ભજવનાર તરીકે જગતવ્યાપી પ્રતિષ્ઠા મેળવનાર નટસમ્રાટ ચાર્લ્સ લૉટનનું ગયા માસની પંદરમીએ ૬૩ વર્ષની વયે કૅન્સરની બીમારીમાં અવસાન થતાં સીનેમા અને રંગભૂમિની દુનિયાને ખોટ ગઈ છે.

ઇંગ્લંડના સહેલગાહધામ સ્કારબરોના એક હોટેલ-માલિકને ત્યાં ઇ. ૧૮૯૯ની પહેલી જુલાઇએ એમનો જન્મ થએલો ને યૉર્કશાયરની નિસર્ગશ્રી વચ્ચે ઊછરેલા ચાર્લ્સ અભ્યાસ પૂરો કરીને હોટલના બાપીકા ધંધામાં જ ઝંપલાવેલું. પહેલા વિશ્વયુદ્ધમાં સેવા આપ્યા બાદ હોટેલનો વ્યવસાય ફરી શરૂ કરવાને બદલે એમણે વડીલોની સંમતિ મેળવી સ્ટૉનીહર્સ્ટની રૉયલ ઍકૅડેમી ઑવ ડ્રામૅટિક આર્ટમાં અભિનયકળાનું શિક્ષણ મેળવ્યું અને ઈ. ૧૯૨૬માં રંગભૂમિ પર પહેલો પ્રવેશ મેળવી જે અભિનયપટુતા દાખવી તેથી ઈ. ૧૯૩૩માં એ ઇંગ્લંડની પ્રતિષ્ઠિત રંગભૂમિ ઓલ્ડ વિકમાં સ્થાન પામ્યા. ૧૯૨૯માં એમણે વિખ્યાત અભિનેત્રી એલ્સા લૅન્કેસ્ટર સાથે લગ્ન કર્યું.

સી. એસ. ફૉરેસ્ટરની વિખ્યાત ખૂનકથા 'પૅમેન્ટ ડિફર્ડ'ના વિલિયમ માર્બલની ભૂમિકામાં તેણે દાખવેલી અભિનયકળાથી પ્રભાવિત થઈ હૉલીવૂડે નિમંત્રણ આપતાં ઈ. ૧૯૩૨માં એ સીનેઉદ્યોગમાં પ્રવેશ્યા ને રંગભૂમિનો નટ ચલચિત્રનો સફળ અભિનેતા ન બની શકે એ રૂઢિગત માન્યતામાં જાણે સુરંગ ચાંપી. એ ક્ષેત્રમાં 'ડાઇનૅમિક' નટ તરીકે પ્રખ્યાત થઈ એમણે વિવિધ પાત્રોની ભજવેલી ભૂમિકાઓએ એમને જગતપ્રશંસા સાંપડી. ઈ. ૧૯૩૯માં એ અમેરિકામાં સ્થિર થયા ને ઈ. ૧૯૫૦માં ત્યાંનું નાગરિકત્વ પ્રાપ્ત કર્યું. ઈ. ૧૯૩૭માં એમણે 'મેફ્લાવર પિક્ચર કૉર્પોરેશન' નામની પોતીકી ફિલ્મ કંપની પણ સ્થાપેલી.

વિકૃત, વિચિત્ર, કઠોર કે કપરાં પાત્રોની ભૂમિકાઓને પોતાની સાંગોપાંગ સુરેખ અદાકારી વડે તેઓ જાણે જીવંત બનાવી રહેતા. શૉનાં 'હેલ' અને 'મેજર બાર્બારા,' સ્ટીફન વિન્સેન્ટ બેનેટનાં 'જૉન બ્રાઉન્સ બૉડી' અને શેક્સપીઅરનાં 'મૅકબેથ', 'મેઝર ફૉર મેઝર' ને 'કિંગ લીઅર'માં એમણે દાખવેલી અદાકારી એમની રંગભૂમિની

હતો ત્યારે આ માહિતી પ્રાપ્ત થઈ હતી.

નેતાજીએ બીજું પગલું પણ તે જ ક્ષણે ભર્યું હતું. લશ્કરી સહાય લીધા પછી પણ જર્મન લશ્કરી અફસરોની અધીનતામાં રહેવું ન પડે તે માટે તેમણે હિંદી રાષ્ટ્રવાદી સાથીઓમાંથી, આગલા કોઈપણ અનુભવ વગર, મહત્ત્વની લશ્કરી જવાબદારીવાળા વડાઓ ઊભા કરી લીધા. એન.સી.એન. નમ્બીયારને તેમણે આકાર લઈ રહેલી આઝાદ હિંદ ફોજના ક્વાર્ટર માસ્ટર જનરલ નીમ્યા. નવજીવન માટે ગાંધીજીના હુકમથી યુરોપમાં પ્રેસ ખરીદવા જઈને પછી ત્યાં જ ક્રાંતિકારીઓ સાથે રોકાઈ જનાર એન. જી. ગણપુલેને તેમણે ઍડજ્યુટન્ટ જનરલ નીમ્યા. પોતાના જાસુસીદળની રચના માટે જર્મન અફસરોની દયા પર રહેવાને તેઓ તૈયાર નહોતા, અને એક વિશ્વાસુ હિંદી સાથી પર તેની જવાબદારી નાખી દીધી હતી.

રાજનીતિના એક અતિ આવશ્યક અંગ તરીકે જાસુસી દળની મહત્તા સુભાષ બહુ જ સ્પષ્ટરીતે સમજ્યા હતા. દેશદાઝથી ઝળહળી રહેલા ચુનંદા હિંદી જુવાનોને તેમણે લશ્કરી જાસુસી માટે તૈયાર કર્યા હતા–ત્યાં સુધી કે તેમાંના કેટલાકને તો જાપાનીઝ લશ્કરી કમાન્ડે ભારતના કેટલાક ભાગોમાં છૂપી રીતે ઉતારી શકાય એવા નિપુણ ગણ્યા હતા. નેતાજીને હાથે એ કળામાં ઘડાએલા ત્રણચાર મિત્રો આજે ભારતના વિદેશખાતાના મહત્ત્વના સ્થાને છે.

નેતાજી આજને ખેલવા પડેલા ભારતની સ્વતંત્રતા માટેના લશ્કરી જંગમાં પણ તેમની પાસે સરસાઈ આપે તેવા અને તેટલા પ્રમાણમાં શસ્ત્રો નહોતાં–જેમ આપણી પાસે પણ હજુ નથી. ત્યારે તેઓ પહેલેથી જ પરખી ગયા હતા કે તેમના લશ્કરને બ્રિટિશ ઢાંચામાંથી બહાર કાઢીને જુદો જ આકાર આપવો પડશે. મુકાબલે નાના ને ઓછા હથિયારવાળા લશ્કરને ગેરીલા ટુકડીઓના હરણના પગ આપવાનું જરૂરી હતું, અને એમણે એ કર્યું.

સુભાષનો લશ્કરી પુરુષાર્થ તેને સ્પષ્ટ આદેશ આપતો હતો કે લશ્કરને તેનાં નિશાન પાડવામાં સફળતા મેળવવા માટે, જનતાના જુસ્સાનો મજબૂત ટેકો હોવો જ જોઈએ. ચીનના લશ્કરી આક્રમણ સામે આજે આપણો બધાનો તો સલામતી અને સંરક્ષણનો, ઘરબાર માલમિલ્કત અને કુટુંબકબીલાના નજરોનજરનો અને સીધો સ્વાર્થ પણ છે–જે જુસ્સાનો વેગ સહેલાઈથી ચડાવી શકે. નેતાજી બોઝની પાસે તો જે ભારતની સ્વતંત્રતા લાવવાની હતી તેનાથી દૂર બીજા દેશોમાં નવું ઘર બનાવીને વસેલા હિંદીઓમાં જુસ્સો પ્રગટાવવાનો સવાલ હતો. છતાં પોતાની સહૃદયતા ને દેશદાઝના રણકારથી દરિયાપારના હિંદીઓમાં એમણે જે જુસ્સો પ્રગટાવ્યો હતો તે અદ્વિતીય અને અવિસ્મરણીય રહેશે. એ હિંદીઓ પાસેથી એમનાં ઘરેણાંગાંઠાં અને માલમિલ્કતનો સ્વૈચ્છિક વરસાદ વરસાવવો તે આપણા આજના સંજોગો કરતાં ઘણું વધારે મુશ્કેલ હતું. ગોલ્ડ બૉન્ડના આપણા અનુભવ કરતા આઝાદ હિંદની બૅંક જે રીતે ઊભરાઈ ગઈ હતી તે અનુભવ વધારે પાવક હતો.


નેતાજીની લશ્કરી કુનેહ એ સમજી શકતી હતી કે માત્ર સભાસરઘસો અને ઠરાવોનાં આંદોલનાત્મક સ્પંદનોથી નહિ ચાલે. એકેએક હિંદી કુટુંબને એક જુવાન, બહેન કે બાળકને યે આઝાદ હિંદ ફોજને ચરણે ધરવા તેઓ પ્રેરી શક્યા હતા. ભરતી થનારા ભરતી થશે ને ડાહ્યાડમરા માણસો સભાઓ ભરી, ઠરાવો કરીને 'બીજાને' કેળવવાનું કામ કરશે એ મનોવૃત્તિને નેતાજીની કુનેહમાંથી ચિમકી મળી રહેશે.

પ્રજાનો જુસ્સો અને દેશનો લશ્કરી પુરુષાર્થ આ બન્નેને ટકાવવા માટેની આપણી ગંભીર જવાબદારીને પાર પાડવામાં નેતાજીની લશ્કરી કુનેહ પ્રેરણા આપી શકે તેવી હતી.

કારકિર્દીના સીમાસ્તંભો છે. એ પછી સીને-ઉદ્યોગમાં 'હન્ચબૅક'ની ભૂમિકાએ એમની કીર્તિની જગતયાત્રા શરૂ કરાવી, અને 'પ્રાઇવેટ લાઇફ ઑવ હેન્રી ધી એઇત્થ', 'મ્યૂટિની ઑન ધ બાઉન્ટી', 'ડાઉન રિવર', 'ધ બૅરેટ્સ ઑવ વિમ્પોલ સ્ટ્રીટ', 'લા મિઝરાબ્લ', 'રેમ્બ્રાં', 'વેસલ્સ ઑવ રૅથ', 'જમાઈકા ઈન' 'ધ કાઉન્ટરવિલે ઘોસ્ટ', 'બિકૉઝ ઑવ હિમ', 'યંગ બૅસ', 'સૅલોમ', હૉબ્સન્સ ચૉઈસ', 'વિટનેસ ફૉર ધ પ્રોસીક્યુશન', 'સ્પાર્ટાક્સ', 'અન્ડર ટૂ ફ્લૅગ્ઝ' વગેરેમાં એમણે ઉત્તરોત્તર ભજવેલી ભૂમિકાએ એમને નટસમ્રાટનું બિરુદ અપાવ્યું. છેક છેલ્લે 'ઍડવાઈસ ઍન્ડ કન્સેન્ટ' નામની રાજકીય ચલચિત્રકથામાં સેનેટર તરીકે એમણે જે અદાકારી દાખવી છે એ તો રંગભૂમિ જાણે તેમના લોહીમાં જ હતી એની પ્રતીતિ કરાવી રહે છે. બીજા વિશ્વયુદ્ધ વેળા પુસ્તકો ભરેલા થેલા ઊંચકી ઑસ્પિટલોમાં ઘૂમી વળેલા આ નમ્ર નિરભિમાની ને પ્રસિદ્ધિથી દૂર ભાગતા મૃદુ નટસમ્રાટે અમેરિકા વિષે 'ધિસ ફૅબ્યુલસ કન્ટ્રી' નામનું પુસ્તક પણ લખ્યું છે. તે તથા તેના વાચનનો નોંધ-સંગ્રહ હવે પ્રસિદ્ધ થનાર છે.

એક-વૃક્ષ વન

શું ધારો છો? ગાઢ વૃક્ષરાજિ જેવું દેખાતું આ દૃશ્ય અનેક વૃક્ષોના વનનું નથી, એ તો છે ૨૦૦ વર્ષ જૂનો એક જ વિશાળ વડ! શિવપુર (કલકત્તા)ના ઇંડિયન બૉટૅનિકલ ગાર્ડનનું એ દૃશ્ય છે. વર્ષોથી જમીનમાં મૂળ નાખતી જતી એની વડવાઈઓને લીધે વિસ્તરતા ગએલા આ વટવૃક્ષનો દેખાવ હવે એક નાનકડા વન જેવો બની ગયો છે. જો કે કેટલાક સડાને કારણે ઈ. સ. ૧૯૨૫માં એના અસલ થડને કાપી નાખવું પડયું હતું. એ વખતે જમીનથી ઊંચે સાડા પાંચ ફૂટ એ અસલ થડનો ઘેરાવો ૫૧ ફૂટનો હતો! આજે એ મૂળ થડ વિના પણ આ વિશાળ વટવૃક્ષ પૂર બહારમાં ખીલી રહ્યું છે. લગભગ ૧૩૨૮ ફૂટનો ઘેરાવો અને વધુમાં વધુ ૯૮ ફૂટની ઊંચાઈ ધરાવતા આ વટવૃક્ષની જમીનમાં



મૂળ નાખી ગએલી વડવાઈઓની ઈ. સ. ૧૯૫૯માં ગણતરી થએલી ત્યારે એની સંખ્યા ૯૪૭ હતી.

ઈ. ૧૭૮૭માં ઈસ્ટ ઇંડિયા કંપનીએ હુગલી નદીના કિનારે ૨૭૦ એકરના વિસ્તારમાં આ બાગની સ્થાપના કરેલી. જીવંત વનસ્પતિઓના અનેકવિધ નમૂનાઓનો અહીં વિશાળ સંગ્રહ છે. આ માસની પહેલી તારીખે આ વનસ્પતિઉદ્યાનને મધ્યસ્થ સરકારના 'બૉટૅનિકલ સર્વે ઑવ ઇંડિયા'ના ખાતાને સોંપી દેવાયો ત્યારે એ માટે એક ખાસ સમારંભ યોજી પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન શ્રી પી. સી. સેને એના પ્રવેશદ્વારની ચાવી કેન્દ્ર પ્રધાન પ્રો. હુમાયૂં કબીરને સોંપી હતી.

ન્યાયાધીશનો કાળો ઝભ્ભો

ગંભીર અને દૃઢ મુખમુદ્રાવાળા ઊંચી ખુરશી પર બિરાજમાન થએલા ન્યાયાધીશ એક ખૂબ ખુલતો કાળો ઝભ્ભો પહેરે છે. તથા ગળામાં સફેદ દૂધ જેવી સરખા માપની બે પટ્ટી બાંધે છે. એ સૌએ જોયું હશે. એ તેમના વ્યવસાયનું પ્રતીક છે.

પ્રાચીન કાળમાં મુસ્લિમ વિદ્યાપીઠોમાંથી જે જ્ઞાન પ્રાપ્ત કરી વિદ્વાન થતા તેને કાળો ઝભ્ભો તથા માનદંડ અર્પણ કરવામાં આવતો. વખત જતાં આ રિવાજમાં સંપ્રદાય અનુસાર ફેરફાર થતાં ગયા અને ખ્રિસ્તીઓએ તેમાં સહેજસાજ સુધારા સાથે બે સફેદ પટ્ટીનો વધારો કર્યો.

ઝભ્ભાના એ કાળા રંગ અને સફેદ પટ્ટીઓ પાછળ હેતુ સમાએલો છે. બધા જ રંગો કરતાં જુદો તરી આવતો કાળો રંગ કોઈ પણ ગુણ અવગુણ કે ડાઘ પ્રદર્શિત કરતો નથી અને ગંભીર વાતાવરણ સર્જવામાં મદદ રૂપ થાય છે. એ કાળા ઝભ્ભા સાથે મળી ન જતાં ચોખ્ખી તરી આવતી પટ્ટીઓનો સફેદ રંગ તે ન્યાયાધીશને અપનાવવાના સચ્ચાઈ અને પવિત્રતાનું પ્રતીક છે. જરા પણ ડાઘ વિનાની બે સરખી પટ્ટી રાખવાનો આગ્રહ એમ દર્શાવે છે કે આરોપી કે ફરિયાદી, ગરીબ કે શ્રીમંત બંને ન્યાયાધીશને મન સરખા છે. ઝભ્ભો ખુલતો, બાંયવાળો ખિસ્સા વગરનો છે તે ન્યાયાધીશના શાંત, વિશાળ વલણનું પ્રતીક છે. તે કોઈ પક્ષ પાસેથી કંઈ જ સ્વીકારતો નથી.

ન્યાયાધીશની ખુરશી ઉચ્ચ સ્થાને હોવાથી તે સમગ્ર ઓરડામાં નજર પહોંચાડી શકે છે. ન્યાયાધીશ ખુરશી પર બિરાજમાન થાય ત્યાર પછી કેસની સુનાવણી થાય છે. વકીલો પોતાની દલીલો રજૂ કરે છે અને કેસ લડવામાં આવે છે. ન્યાયાધીશને કદી પ્રશ્ન પૂછવામાં આવતા નથી.

—મહેરુન્નિસા શેખ

મોજશોખની વસ્તુ બની ગયાં! કુટુંબીજનોને ભૂખ્યાં ટળવળતા નિહાળી એનું હૃદય ચીરાઈ જતું અને કેટલી યે વાર મિત્રોને ઘેર જમવાનું છે કહી એ ભૂખ્યો જ રહેતો. ધનિક મત્રો એને ગાવા માટે બોલાવી જતા પણ એની દુર્દશા વિષે કોઈ કાંઈ પૂછતા નહિ.

એક વેળા વર્ષાઋતુમાં તેને આમ લાગટ ત્રણ દિવસથી કશું અન્ન નહોતું મળ્યું. સ્વજનોની કફોડી સ્થિતિથી વિક્ષુબ્ધ બની એ કંઇક રસ્તો કાઢવાના હેતુથી બહાર નીકળ્યો, વિચારોનાં વમળ એની આસપાસ ચક્રાવો લેતાં હતાં. શ્રીમંત મિત્રોએ એને હલકી પ્રવૃત્તિઓ દ્વારા અર્થ-ઉપાર્જનની સલાહ આપેલી તે ઘુમરાટા લેતી હતી. આવી સ્થિતિમાં થાકેલો ને હારેલો એ તમ્મર ખાઈ ઢળી પડચો. એના શરીરમાં તાવ હતો, ભાન જતું રહ્યું હતું. એ સમયે એકાએક એને લાગ્યું કે આવરણો બધાં ભેદાઈ ગયાં છે અને પ્રકાશ ઝળહળી રહ્યો છે. એના સંશયો જાણે આપોઆપ ઓગળી ગયા ને ઊંડી આંતરદૃષ્ટિથી એ બધાનું એને સમાધાન લાધ્યું.

પછી તો એના જીવનનું વહેણ જ બદલાઇ ગયું. કુટુંબની આર્થિક ભીંસ દૂર કરવા એણે શ્રીરામકૃષ્ણને કાલિમાતા પાસે કંઈક વરદાન અપાવવાનું કહ્યું. ગુરુ સંમત થયા, ને એમની સૂચનાથી એ મંદિરમાં ગયો; પણ કંઈ જ માગ્યા વિના પાછો ફર્યો, બીજી વાર પણ આવું જ થયું. ત્રીજી વાર ગુરુના આગ્રહ સાથે અંદર જઇ માગ્યું: ‘મા, મને તારામય બની રહેવા દેજે.’ બહાર આવતાં ગુરુએ પૂછ્યું, ‘શું માગ્યું?’ નરેન્દ્રે સઘળી વાત જણાવી દીધી. એ સાંભળી ગુરુ હર્ષાવેશમાં આવી એને ભેટી પડચા: ‘મને ખાતરી જ હતી, નરેન્દ્ર આ સિવાય બીજું કાંઇ માગી શકે જ નહિ.’

આ પછી ગુરુએ ધીમેધીમે પોતાનું સત્ત્વ એનામાં સીંચવા માંડયું ગુરુના સમાગમમાં એનું જીવન અદ્વૈતવાદ તરફ વધુ ને વધુ ઢળતું ગયું. સદાય સંશય સેવતો એનો આત્મા વધુ ને વધુ તેજોમય બનતો ગયો. તે સ્થિતપ્રજ્ઞ બન્યો અને એમાંથી પોતાના જીવનકાર્યની દિશા પણ એને લાધી. ઇ. ૧૮૮૫માં શ્રીરામકૃષ્ણને ગળાનો વ્યાધિ (કૅન્સર) લાગુ પડચો અને ઇ. ૧૮૮૬ની પંદરમી ઑગસ્ટે મધરાત પછી એક કલાકે (ભારતને સ્વરાજ મળ્યા પહેલાં બરોબર ૬૧ વર્ષે) રામકૃષ્ણદેવે ચિરકાળની સમાધિ લીધી. વિદાય વેળાએ ગુરુએ ત્રેવીસ વર્ષના આ યુવાનના હાથમાં સૌ શિષ્યોને સોંપીને કહ્યું ‘આ છોકરાઓને હવે તું સંભાળજે.’

ભારતના આધ્યાત્મિક વારસાનું નવસંસ્કરણ કરવાનું કામ હવે નરેન્દ્રે ઉપાડયું. એ માટે આ અકિંચન યુવાન પાસે આત્મશ્રદ્ધા અને આત્મપ્રતીતિ સિવાય કોઇ સાધન ન હતું. ચાર માસ વીત્યા પછી નાતાલની સાંજે વાળુ પ્રાર્થના કરી બધા ચોગાનમાં ભેગા થયા. વચ્ચે અગ્નિ ભડભડ સળગતો હતો. એ અગ્નિમાં નરેન્દ્રે સૌ પાસે આહુતિ અપાવી. પણ હોમવા જેવું એમની પાસે શું હતું? નરેન્દ્રે કહ્યું કે તમામ વાસનાઓને હોમી દેવી; કુટુંબ ને સંસ્કારના સંબંધો સૌ હોમી દેવા; મનની સર્વ ઈચ્છાઓને બાળીને ભસ્મ કરી દેવી. તે પછી હળવા ફૂલ જેવા થઇને જીવન આખું શ્રી રામકૃષ્ણની ભાવનાને સમર્પણ કરી દેવું. એ સંકલ્પમાંથી એક પણ શિષ્ય ન ચળ્યો.

[illegible] વર્ષ સુધી નરેન પોતના સ્થાન પર અચળ રહ્યા અને ગુરુભાઇઓને દેશાટન કરવા મોકલ્યા. પછી એ પણ નીકળી પડચા. પાસે નહિ પૈસા કે નહિ સાધન. સાધનમાં સંન્યાસીનો દંડ ને કમંડળ; ગીતા અને ‘ઇમિટેશન ઑવ ક્રાઇસ્ટ’ એ બે પુસ્તક. રસ્તે ઝાડ તળે સૂઈ રહે. કોઇ વાર શંકા લાવી છૂપી પોલીસ પણ પાછળ પડે. આમ ભારતના વિશાળ દેશ અને એની સાત્ત્વિક સંપદને ઓળખવા તથા એના પુનરુદ્ધારની ઝંખનાને સાકાર કરવાના માર્ગની શોધ કરવા એ ચાર વર્ષ લગી દેશ સમસ્તમાં ઘૂમતા રહ્યા. પહેલી સફરમાં એ કાશી, અયોધ્યા, લખનૌ, આગ્રા, ને હિમાલય ખૂંદી વળ્યા. પછી અલવર, જયપુર અજમેર વગેરે ફરી પશ્ચિમ અને દક્ષિણ ભારતમાં ફર્યા.

રાજવંશી જેવી ૫ ફૂટ ૮ ઇંચ ઊંચી પડછંદ કાયા, વિશાળ છાતી, તેજસ્વી લલાટ અને શાન્ત મુખમુદ્રા વડે એ જ્યાં જાય ત્યાં સૌનું ધ્યાન ખેંચતા. મંદિરના ઘુમ્મટમાં ગાજે એવી એમની વાણીથી સૌ મુગ્ધ થઈ જતા. એમની બુદ્ધિની ચમક સૌને આંજી દેતી. ગુજરાતમાં એ અમદાવાદ, જૂનાગઢ, પોરબંદર, નડિયાદ વગેરે સ્થળે ફર્યા. રાજવીઓએ એમનું સન્માન કર્યું, દીવાનોએ એમની સેવા કરી. પોરબંદરમાં પંડિત શંકર પાંડુરંગે એમની પ્રતિભાથી અંજાઈ એમને પરદેશ જવા સલાહ આપી; ને મદ્રાસમાં ક્રિશ્ચિયન કૉલેજના વિજ્ઞાનના પ્રાધ્યાપક શ્રી સિંગારવેલુ મુદલિયારે એ સલાહનું અનુમોદન કર્યું.

ગુજરાતમાંથી ખંડવા થઇને એ મુંબાઈ ગયા ને ત્યાંથી બોરીબંદર સ્ટેશને એ મહારાષ્ટ્રમાં જવા ટ્રેનમાં બેઠા. ત્યાં એમને મૂકવા આવનારે એ જ ટ્રેનમાં લોકમાન્ય તિલકને જોઈ એમની સંગાથે જ એમને પૂના મોકલ્યા. પણ તિલકને ત્યારે પ્રતીતિ નહિ કે એ હિંદુસ્તાનની વીસમી સદીનો મહાગુરુ છે. પાછળથી જ્યારે એમની કીર્તિ સાંભળી ને એમની છબિ જોઈ ત્યારે જ સ્મરણ થયું કે પૂનામાં પોતાને ત્યાં દસ દિવસ સુધી અતિથિ તરીકે રહી ગએલો સંન્યાસી તે એ જ! એ પછી આઠ વર્ષે લોકમાન્ય એમને કલકત્તામાં મળેલા ને માર્ગદર્શન માગેલું.

મહારાષ્ટ્રમાંથી બેલગામ થઈ દક્ષિણ ભારતમાં તો એમણે કેટલાયે માઈલોની પદયાત્રા કરી. બૅંગલોર, મદુરા, કોચીન, ત્રાવણકોર એમ ફરતાં ફરતાં ત્રિવેન્દ્રમ થઈ એ કન્યાકુમારી પહોંચ્યા અને ભારતભૂમિના અંતિમ બિન્દુરૂપ પેલી શિલા* ઉપર બેસી ચિંતન કર્યું.

ભાવિ મહાકાર્યના નવા દર્શન અને નવા સંકલ્પ સાથે ભારતભૂમિ પર ફરી પગ માંડી એ રામનદ, પોંડીચેરી વગેરે સ્થળે થઈ મદ્રાસ ગયા. રામનદના મહારાજાએ પણ એમને અમેરિકામાં શિકાગોમાં ભરાનારી વિશ્વધર્મ પરિષદમાં ભારતનો પ્રબોધ રજૂ કરવા જવા આગ્રહ કર્યો અને ખરચ માટે પ્રબંધ કરવાની તૈયારી બતાવી. મદ્રાસમાં પણ એક સન્મિત્રે એ જ આગ્રહ કર્યો અને અંતે એમણે જવાનો નિશ્ચય કરી લીધો. વિદાય પહેલાં ખેતડીના મહારાજાના આગ્રહથી એ ત્યાં ગયા.

એ સંન્યાસીએ ભગવાં ધોતી-કુડતું ઉતાર્યાં ને ખેતડીના મહારાજાએ આપેલો મોટો જામો પહેર્યો. માથે ભગવો ફેંટો અને કમ્મરે એવુંજ એક કટિવસ્ત્ર (ભેટ) બાંધ્યું. પરદેશીઓથી અતડા ન પડાય તે માટે એ વખતમાં પશ્ચિમમાં હજી વ્યાપક રહેલી ફ્રેન્ચ ભાષા પણ એમણે શીખી લીધી. ને ઊપડતાં પહેલાં નામ પણ બદલી નાખ્યું. એ નામ હતું ‘વિવેકાનંદ’.

(ચાલુ)

*સમાચાર છે કે એ જ સ્થળે–એ ખડક ઉપર–સ્વામી વિવેકાનંદની ૨૫ ફૂટ ઊંચી પંચધાતુ (બ્રૉન્ઝ)ની જંગી પ્રતિમા ખડી કરવામાં આવશે અને એ ખડકથી કન્યાકુમારીના ભૂશિરબિન્દુ લગી પૂલ બાંધવામાં આવશે. રૂપિયા છ લાખના ખર્ચે થનારી આ યોજનાનાં નાણાં ભારતના મુખ્યમુખ્ય શહેરોમાં ઊભી કરાએલી વિવેકાનંદ સ્મારક સમિતિઓ દ્વારા ઊભાં કરવામાં આવશે.

આ માસ(જાન્યુઆરી)ઇતિહાસમાં વ્યક્તિ-પ્રસંગ

વ્યક્તિવિશેષ: બારીન્દ્રકુમાર ઘોષ

ભારતીય અગ્નિયુગના સ્થાપક ને ગુજરાતને રાષ્ટ્રવાદને પંથે પ્રેરી જનાર મહર્ષિ અરવિંદના અનુજ અને



સશસ્ત્ર ક્રાંતિના પિતા બારીન્દ્રકુમાર ઘોષનો જન્મ ઉચ્ચ બંગાળી ખાનદાનના ડૉ. કૃષ્ણધન ઘોષને ત્યાં ઈ. ૧૮૮૦ની પાંચમી જાન્યુઆરીએ લંડનમાં થએલો, પરંતુ તેમનો ઊછેર તો સંસ્કૃતિપ્રધાન ગળથૂથીમાં જ થએલો.

પિતા તરફથી પશ્ચિમી સંસ્કાર પામેલા ને આર્યસંસ્કૃતિના વાતાવરણમાં ઊછરેલા, અભ્યાસમાં તેજસ્વી બારીન્દ્રે પ્રાવેશિક પરીક્ષામાં ઉચ્ચ સફળતા મેળવીને પહેલાં ઢાકાની જગન્નાથ કૉલેજમાં અંગ્રેજીના પ્રાધ્યાપક મોટાભાઇ મનમોહન ઘોષ પાસે ને તે પછી વડોદરા કૉલેજના પ્રાધ્યાપક બીજા ભાઇ અરવિંદ ઘોષ પાસે ઇતિહાસ અને રાજ્યશાસ્ત્રનું શિક્ષણ મેળવેલું. ત્યાર બાદ ચાનો નિષ્ફળ વ્યવસાય કરી રાષ્ટ્રીય ચળવળ તરફ ઢળેલા ભારતના બૉમ્બયુગના આ પિતા, ઇ. ૧૮૫૭ના બળવામાં મહારાણી લક્ષ્મીબાઈના સંભવતઃ સાથી તરીકે મનાતા 'સાકરિયા સ્વામી'નો નર્મદા કિનારે મેળાપ થતાં ઝળકી ઊઠયા.

ઈ. ૧૯૦૨માં અરવિંદના ક્રાંતિકારી વિચારોના પ્રચાર માટે એ દક્ષિણ ગુજરાત ઘૂમી વળેલા ને ઈ. ૧૯૦૫માં કૈમુર ગિરિમાળામાં તથા ઇ. ૧૯૦૭માં કલકત્તાના માણેકતોલામાં એમણે ક્રાંતિકારોની તાલીમી સંસ્થા 'ભવાની-મંદિર'ની સ્થાપના કરેલી. એમના 'જુગાન્તર પક્ષ'ની પ્રવૃત્તિઓ માટે એઓ 'જુગાન્તર' માસિકમાં લખતા. ઈ. ૧૯૦૭માં એમણે સૌ પ્રથમ બૉમ્બ બનાવેલો ને ઈ. ૧૯૦૯ની બીજી મેએ પકડાઇ જતાં અન્ય સાથીદારોને બચાવી લેવા ગુનો સ્વીકારી એમણે ફાંસીને બદલે ૧૦ વર્ષની કાળાપાણીની સજા ભોગવેલી.

મુક્ત થયા બાદ 'નારાયણી' પત્રના ને તે પછી ઈ. ૧૯૫૭ લગી 'બસુમતી'ના તંત્રી પદે તે રહેલા. ગાંધીજીના સત્યાગ્રહ વેળાએ એમણે 'બિજલી' પણ શરૂ કરેલું. કાળાપાણીની સજા દરમિયાન લખેલાં કાવ્યોનો સંગ્રહ 'દ્વીપાંતરેર બંશી' તથા પોતાની આત્મકથા ઉપરાંત એમની કલમમાંથી 'અગ્નિયુગ' 'કાળાપાણીની કથા' 'બૉમ્બયુગનું બંગાળ' 'પંજાબનું પ્રચંડ કાવતરું' વગેરે એ સમયનું જીવંત ચિત્ર ખડું કરતા રસિક પ્રવાહી ને જોશીલી શૈલીમાં લખાએલાં ઉત્તમ પુસ્તકો પ્રકટયાં છે.

દેશકાર્ય કરતાંકરતાં થાકેલા એમને ૭૮ વર્ષની વયે હૃદયરોગ લાગુ પડચો ને ૧૯૫૯ની ૧૮મી એપ્રિલે બૉમ્બયુગનો આ બહાદુર પ્રણેતા માભોમને છેલ્લી વાર નિરખી ગયો.

પ્રસંગવિશેષ: મહારાણી વિક્ટોરિયા હિંદનાં સામ્રાજ્ઞી થયાં: ૧લી જાન્યુ. ૧૮૭૭

સત્તાવનના બળવામાં મળેલા અનુભવ પરથી હિંદનો વહીવટ ઇસ્ટ ઈંડિયા કંપની પાસેથી લઈને ભારતની પ્રજાના 'મૅગ્નાચાર્ટા' તરીકે ગણાએલા એક ખાસ જાહેરનામા દ્વારા ઈ. ૧૮૫૮ની ૧લી નવેમ્બરે બ્રિટિશ તાજ હેઠળ મૂકવામાં આવેલો. પરંતુ પછીથી વહીવટી ગૂંચો ઊભી થતાં, ઈ. ૧૮૭૫માં નિવૃત્ત થએલા ગવર્નર-જનરલ લૉર્ડ નૉર્થબ્રૂકની ભલામણ પરથી ઘડાએલી ને ભારતીય સામ્રાજ્યના 'રાજકીય દક્ષતા ને દીર્ઘદૃષ્ટિવાળા વિરલ ખતપત્ર' તરીકે ઇતિહાસનાં પાને અંકિત થએલી નવી નીતિને બ્રિટિશ પાર્લામેન્ટની મંજૂરી મળતાં ઈંગ્લંડનાં 'ક્વીન' વિક્ટોરિયા 'કૈસરે હિંદ' અથવા 'સીઝર ઑવ ઇન્ડિયા'નો ઇલકાબ ધારણ કરી હિંદનાં 'એમ્પ્રેસ' (મહારાણી) બન્યાં. ઈ. ૧૮૭૭ની ૧લી જાન્યુઆરીએ તત્કાલીન વાઈસરૉય લૉર્ડ લિટને દિલ્હી ખાતે ભરેલા દબદબાભર્યા દરબારમાં તેમને હિંદની સામ્રાજ્ઞી તરીકે જાહેર કર્યાં. આવી જ જાહેરાત મુંબાઇ, મદ્રાસ તથા કલકત્તામાં, ને ઈ. ૧૮૭૯ની ૧લી જાન્યુઆરીએ જલાલાબાદમાં દરબારો ભરીને કરાએલી. એ શુભ અવસરના આનંદમાં કેદીઓને મુક્ત કરાએલા તથા દક્ષિણ હિંદમાં પ્રવર્તતા કારમા દુકાળ વખતે રૂપિયા આઠ કરોડનાં રાહતકાર્યો જાહેર કરાએલાં.


ઉત્તમ સાહિત્યકૃતિ માટે શ્રી અરવિંદ સુવર્ણચંદ્રક

એક ભાવનાશાળી દાતાએ ગુજરાતી સાહિત્ય પરિષદને આપેલા રૂા. ૧૫,૦૦૦ના દાનમાંથી દર વર્ષે જનહૃદયમાં પ્રેરણા જગવી શકે તેવી શ્રેષ્ઠ કૃતિ યા પરાક્રમ, સાહસ, ધૈર્ય, ત્યાગ, ઉદારતા, સહિષ્ણુતા, આદિ ગુણો ધરાવતા મૌલિક વાર્તા-સંગ્રહને 'શ્રી અરવિંદ સુવર્ણચંદ્રક' એનાયત કરાશે. એ માટે લેખકો, પ્રકાશકો કે ગ્રંથવિક્રેતાઓએ ૧૯૬૨ ૬૩ના વર્ષની કૃતિઓની બે બે નકલ તા. ૩૧ ૧ ૧૯૬૪ સુધી પરિષદને C/o શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ-૯ને પહોંચાડવી.

નવી ટિકિટો



ગયા માસ (ડિસેમ્બર ૧૯૬૨)ની ૯મી તારીખે ટાંગાનિકાને ઉહુરુ (સ્વાતંત્ર્ય) મળ્યાનું એક વર્ષ પૂરું થયું એ નિમિત્તે એણે ફર્સ્ટ ડે કવર સાથે 'જમ્હુરીએ ટાંગાનિકા'ની આ ચાર નવી ટિકિટો બહાર પાડી છે. એમાં રાજપ્રમુખની સંજ્ઞાવાળી પહેલી ટિકિટ લાલ, લીલી, વાદળી કાળી, તપખીરી, સોનેરી તથા રૂપેરી એમ સાત શાહીમાં છપાએલી છે. એની બાજુની ટિકિટ પર ઉહુરુ નિમિત્તે 'મ્નાઝી મોજા'માં ઊભા કરેલા સ્વાતંત્ર્ય-સ્મારકનું આલેખન છે. નીચેની ડાબી તરફની ટિકિટ પર ટાંગાનિકાના 'આત્મસહાય યોજના'ના શ્રમયજ્ઞના ઉદ્ઘાટન પ્રસંગનું ચિત્ર છે. છેલ્લી ટિકિટ પર કિલિમાંજારોના શિખર પર સ્વાતંત્ર્યની મશાલ સાથે ટાંગાનિકાનો રાષ્ટ્રધ્વજ રોપતો સૈનિક છે. (મોકલનારઃ સૂર્યકાન્ત દેસાઈ અને ડાહ્યાભાઈ મગનભાઈ, દારેસ્સલામ)



'યુનિસેફ'ની ૧૬મી જયંતી પ્રસંગે ગયા ડિસેમ્બરમાં પાકિસ્તાને બહાર પાડેલી ટપાલટિકિટ ઉપર 'યુનિસેફ'ના પ્રથમ ક્ષરોની પશ્ચાદ્ભૂમિ પર સંજ્ઞાત્મક ચિત્રોની રચના છે.
(મોકલનારઃ નુરુદ્દીન લુત્ફ-કરાંચી.)

યહ અનુરાગી ચિત્ત કી ગતિ સમઝે ના કોય,
જ્યું જ્યું ભીંજે શ્યામ રંગ ત્યું ત્યું ઉજ્જવલ હોય.

જાપાની સ્ટીમરમાં યોગ્ય ખોરાક ન મળવાને કારણે કેટલાક હિંદીઓ ભૂખ્યા રહેવા લાગ્યા. એક જાપાનીએ તે જોતાં તત્કાલ પહેલા વર્ગમાંથી પોતાના ખર્ચે તેમને ફળમેવો લાવી આપ્યો. આવી રીતે પાંચ દિવસ સુધી ખવડાવ્યા પછી છૂટ પડવાનું આવતાં પેલા હિંદીઓએ તેને થએલો ખર્ચ લેવાનો આગ્રહ કર્યો. તેણે જવાબ આપ્યો, 'ભાઇઓ, મારે ખર્ચ નથી લેવો પણ મારી એક વિનતિ માન્ય રાખજો, અને તે એ કે તમે હિંદુસ્તાન જાઓ ત્યારે એમ ન કહેતા કે અમને જાપાની સ્ટીમરમાં તકલીફ પડી હતી. એથી અમારા દેશની બદનામી થશે.'

~

કહેવતોના મર્મ: 'હા કહ્યે હાણ થાય, ના કહ્યે નાક જાય.'—અમુક કામ કે નિર્ણય કરવાથી તેમજ નહિ કરવાથી બંને રીતે નુકસાન જ થવાનું હોય એવી ધર્મસંકટ જેવી સ્થિતિમાં પડેલા માણસની હાલત વર્ણવતી આ કહેવતને મળતી બીજી કહેવતો: 'સૂડી વચ્ચે સોપારી', 'સાપે છછૂંદર ગળી' વગેરે.

~

ગણિતગમ્મત


$૫૧^{૨}=(૫^{૨}+૧=૨૬$ અને $૧^{૨}=૦૧)=૨૬૦૧$

$૫૨^{૨}=(૫^{૨}+૨=૨૭$ અને $૨^{૨}=૦૪)=૨૭૦૪$

$૫૩^{૨}=(૫^{૨}+૩=૨૮$ અને $૩^{૨}=૦૯)=૨૮૦૯$

$૫૪^{૨}=(૫^{૨}+૪=૨૯$ અને $૪^{૨}=૧૬)=૨૯૧૬$

આવી રીતે ૫૧ થી ૫૯ સુધીની સંખ્યાના વર્ગસહેલાઇથીઉપજાવી શકાશે. —મ.ના.ખત્રી



અહીં તૂટક રેખાથી દર્શાવ્યા પ્રમાણે સૂર્યને ફરતીબુધનીલંબગોળભ્રમણકક્ષા પણધીરેધીરે ગોળાકારે ખસતી જાય છે. આ રીતે એક આખું વર્તુળ પૂરું કરી છેક ૩૦ લાખ વર્ષ પછી બુધ પાછો અસલ સ્થાને આવશે.



આ માસમાં સ્વામી વિવેકાનંદની જન્મ શતાબ્દી નિમિત્તે તા. ૧૭મીએ બહાર પડેલી ટિકિટ.

આગામી માર્ચ-એપ્રિલમાં ભારતમાં યુનિવર્સલ પોસ્ટલ યુનિયનનું ૧૫મું અધિવેશન મળવાનું છે એ પ્રસંગે ૧૦, ૧૫, ૩૦ અને ૫૦ નયાપૈસા તથા ૧ ને ૨ રૂપિયાની ખાસ ટિકિટો બહાર પડશે. આ પ્રસંગે ટપાલટિકિટોનું એક સંગ્રહસ્થાન સ્થાપવાની યોજના વિચારાઇ છે.

~


તમારું ભાષાજ્ઞાન કેટલું?

આ શબ્દોના અર્થ કરો જોઇએ: એડો, એણું; એસણું; ઓકાબ; ઓખર; ઓખાત; ઓઘરી; ઓછિયો; ઓબળાહું; ઓભા; ઓલાહો; ઓશ; ઓળવો.

જવાબ: નેડો; ઢોરનું વસૂકી જવું તે; સોનીની સગડી; એકપક્ષી; ગંદવાડ; ગુંજાશ; આંતરી; ઝૂલ; ઓછાયો, લાડ; બગાસું; ઉપાધિ; માંડવો; છાતી; મકાન.

~


સતત વપરાશને લઇને હથોડીની મોગરી ઢીલી પડી જવાનો બહુ સંભવ રહે છે; પણ તેને સજ્જડ રાખવા માટે એક સહેલામાં સહેલો ઉપાય છે: સાથેના ચિત્રમાં બતાવ્યા મુજબ એક સ્ક્રુ લઇ કાનસથી તેને અણીદાર બનાવો. પછી હથોડીના બરાબર માથા ઉપર લગભગ મોગરીને અરધે સુધીના લાકડામાં



એ બેસાડી દો. આથી આસપાસનું લાકડું ઉપસી આવી, મોગરી ઢીલી પડવાનો બીલકુલ સંભવ નહિ રહે.

અજ્ઞાન કરતાં બેદરકારી વધારે જોખમકારક છે.

આંખમાં પડેલું કસ્તર કોઈ ઉપાયે ન નીકળતું હોય ત્યારે થોડું દૂધ છાંટી જોજો. એની ચિકાશ ગમે તેવું કસ્તર કાઢી નાંખી આંખને યે તાજગી આપશે.



ટાઇપરાઇટરની સંજ્ઞાઓ વડે કરેલાં બે ચિત્રો


~

બે મિત્રો વચ્ચે મતભેદને કારણે લાંબા સમયથી અબોલા હતા. એક વાર બંને એક સ્થળે મળી જતાં એકે વાત કરવાનો પ્રયત્ન કર્યો. બીજાએ ગુસ્સાથી કહ્યું: 'હું મૂર્ખાઓ સાથે નથી બોલતો.'

પહેલો: 'પણ હું તો બોલું છું.'



કલાકણિકા: પંદરમી સદીની મધ્યની સ્પેઈનની એક રકાબી ઉપરનું ચિત્રકામ.



અપ્સરા

અજંટાના કલામંડપોની ૧૭મા નંબરની ગુફાની ઓસરી પરનું એક ચિત્ર. તેમાં આભૂષણો વગેરે તે આકાશમાં ઊડતી હોવાનો વેગ દર્શાવે છે. હાથમાં મંજુલ રવ કરતાં મંજીરાં છે. આંખો અને આંગળીઓનું આલેખન આકર્ષક છે. સફેદ રંગ આબેહૂબ શ્વેત કમળના જેવો છે. લગભગ દોઢ હજાર વરસથી એ ઓસરીમાં વરસાદ સૂર્યપ્રકાશ અને પવનના ઝપાટા ઝીલતું આ ચિત્ર ઈ. ૧૮૬૨માં કલાકાર જે. ગ્રિફિથ્સે મુંબાઈ કલાશાળાના વિદ્યાર્થીઓની સહાયથી ત્યાંની અનુકૃતિઓ કરાવી (જે બે મોટા ગ્રંથરૂપે ૧૮૯૯માં બહાર પડેલી) ત્યાં સુધી આટલું તેજસ્વી રહ્યું હતું. આજ તે ઝાંખું પડી ગયું છે.



મથાળે : ફૉવ શૈલીના જાણીતા કલાકાર ફ્રાંઝ માર્કની આ 'શ્યામ-કેશી કન્યા' પહેલા મહાયુદ્ધમાં એ મરાયો તે પહેલાં ચાર વર્ષ ૧૯૧૨માં ચીતરાએલી : લીસ્ટર આર્ટ ગૅલેરીમાંનું ચિત્ર.

જમણી બાજુ મથાળે : કલાકાર આન્દ્રે દિરેઇને પોતાના જીવનના ત્રીજા દાયકામાં જાણીતા કલાવિક્રેતા વૉલાર્ડની ફરમાયશથી ૧૯૦૬માં ચીતરેલું 'ટેમ્સ નદી પરની હોડીઓ'નું આ ચિત્ર લીડ્ઝ શહેરની આર્ટ ગૅલેરીમાં છે.

વચ્ચે : લીસ્ટર આર્ટ ગૅલેરીમાંનું મૉરિસ દ વ્લામિંકે પહેલા મહાયુદ્ધની તરત આગમચમાં ચીતરેલું 'એક ગામડું'

છેલ્લે : 'આકૃતિઓનો વ્યવસ્થિત ગોટાળો' આલેખવા માટે પ્રખ્યાત થએલા કલાકાર બેન નિકલ્સનનું સંપૂર્ણ પ્રમાણભારવાળું લીસ્ટર આર્ટ ગૅલેરીમાંનું ચિત્ર.

